પાના -૮, કિંમત રૂ.૨, તા. ૦૩-૦૬-૨૦૨૫- મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૫૨ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ઓપરેશન સિંદુર પર વિશેષ સત્ર યોજવા ૨૦૦ સાંસદોની માંગ

## સંસદનું વિશેષ સત્ર બોલાવવા માટે વડાપ્રધાન મોદીને લખાયેલા પત્રમાં વિપક્ષી દળોના ૨૦૦ સાંસદોએ હસ્તાક્ષર કર્યા

નવી દિલ્હી, તા. ૨

ઓપરેશન સિંદૂર પર ચર્ચા કરવા માટે સંસદનું વિશેષ સત્ર બોલાવવાની માંગ વિપક્ષી પાર્ટીઓએ તેજ કરી છે. મંગળવારે દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે ઈન્ડિયા બ્લોકના નેતાઓની એક બેઠક મળી હતી. બેઠક બાદ બપોરે લગભગ ૧૨.૩૦ વાગ્યે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ૨૦૦થી વધુ લોકસભા સાંસદોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખાસ સત્ર બોલાવવાની માંગણી કરતો પત્ર લખ્યો છે.

કેન્દ્ર સરકારે ઓપરેશન સિંદૂર અને આતંકવાદ વિરુદ્ધ ભારતના વલણને વિશ્વ સમક્ષ રજૂ કરવા માટે ૭ સર્વપક્ષીય ડેલિગેશનને વિશ્વ પ્રવાસ પર મોકલ્યા છે. આ બધા ડેલિગેશન આ અઠવાડિયાના અંત સુધીમાં ભારત પાછા ફરશે. વિપક્ષ તેમના પરત ફર્યા પછી આવતા અઠવાડિયે એક વિશેષ સત્રમાં આ મુદ્દા પર ચર્ચાની માંગ કરી રહ્યું છે.પાકિસ્તાન સાથેના સંઘર્ષમાં ભારતીય લડાકુ વિમાનોને તોડી પાડવામાં આવ્યા હોવાના દાવાઓ પર ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) અનિલ ચૌહાણે ૩૧ મેના રોજ સિંગાપોરમાં બ્લૂમબર્ગ સાથે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે વાસ્તવિક મુદ્દો એ નથી કે કેટલા વિમાનોને તોડી પાડવામાં આવ્યા, પરંતુ તે શા માટે તોડી પાડવામાં આવ્યા?

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર CDS અનિલ ચૌહાણના ઈન્ટરવ્યુ ક્લિપ શેર કરતા કોંગ્રેસે લખ્યું- આ નિવેદનમાં સ્વીકારવામાં આવ્યું હતું કે આપણા ફાઈટર જેટનું નુકસાન થયું છે. તો પછી મોદી સરકાર આ હકીકત કેમ છુપાવી રહી છે? આવા ઘણા સવાલોના જવાબ આપવા માટે એક વિશેષ સત્ર બોલાવવું જોઈએ.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પીએમ મોદીને સલાહ આપી. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર માટે પોતાના વખાણ કરવાને બદલે, પીએમ મોદીએ દુશ્મન પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેમના સિવાય બીજું કોઈ આ કરી શકે નહીં.

૭ મેના રોજ, ઓપરેશન સિંદૂરના દિવસે, પાકિસ્તાની વડાપ્રધાન શાહબાઝ શરીફે સંસદમાં દાવો કર્યો હતો કે તેમણે એક ભારતીય ફાઈટર જેટને તોડી પાડ્યું છે. તેમણે કહ્યું હતું કે અમે ભારતના હુમલાના જવાબમાં કાર્યવાહી કરી હતી, જેમાં અમે ૫ ભારતીય ફાઈટર વિમાનોને તોડી પાડ્યા હતા. તેમાં ૩ રાફેલ પણ હતા. બાદમાં, પાકિસ્તાને ૬ ભારતીય વિમાનોને તોડી પાડવાનો દાવો કરવાનું શરૂ કર્યું.

૨૨ એપ્રિલના રોજ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલો થયો હતો. આતંકવાદીઓએ ૨૬ પ્રવાસીઓને મારી નાખ્યા હતા. આનો બદલો લેવા માટે, ભારતે ૭ મેના રોજ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (POK) અને પાકિસ્તાનમાં ૯ આતંકવાદી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા હતા. સેનાએ ૧૦૦ આતંકવાદીઓને ઠાર માર્યા હતા. બંને દેશો ૧૦ મેના રોજ સાંજે ૫ વાગ્યાથી યુદ્ધવિરામ પર સંમત થયા હતા.



## મધ્યપ્રદેશના ૩૮ જિલ્લામાં વરસાદ

# આસામમાં પુરનું સંકટ વિસ્તર્યું બિહારમાં વાવાઝોડાથી ૭નાં મોત

### આસામમાં પૂરથી ૫ લાખ લોકો અસરગ્રસ્તઃ ૧૧નાં મોત

નવી દિલ્હી, તા. ૨

દેશના ઉત્તરપૂર્વીય રાજ્યોમાં ૨૯ મેના રોજ ચોમાસુ આવી પહોંચ્યું હતું. ૫ દિવસ પછી પણ ચોમાસુ ત્યાં જ અટકી ગયું છે. જેના કારણે મણિપુર, આસામ, અરુણાચલ પ્રદેશ, ત્રિપુરા, મેઘાલય, મિઝોરમ અને સિક્કિમમાં ભારે વરસાદ પડી રહ્યો છે.આસામના ૨૨ જિલ્લાઓના ૧૨૫૪ ગામોમાં ૫.૩૫ લાખથી વધુ લોકો પૂરથી અસરગ્રસ્ત થયા છે. પૂર અને ભૂસ્ખલનમાં અત્યાર સુધીમાં ૧૧ લોકોના મોત થયા છે. ૧૫ નદીઓ પૂરમાં છે. રોડ, રેલ અને બોટ સેવાઓને અસર થઈ છે. ૧૬૫ રાહત શિબિરોમાં કુલ ૩૧ હજાર ૨૧૨ લોકોને રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે.ઉત્તર સિક્કિમના લાચેંગ-ચુંગથાંગ શહેરોમાં ભૂસ્ખલનના કારણે ફસાયેલા ૧૬૭૮ પ્રવાસીઓને બચાવી લેવામાં આવ્યા. ૧૦૦થી વધુ પ્રવાસીઓ હજુ પણ અહીં ફસાયેલા છે. મંગન જિલ્લામાં પૂરને આપત્તિ જાહેર કરવામાં આવી છે. ૩૧ મેના રોજ સાંજે, જિલ્લાના છટેનમાં લશ્કરી છાવણીમાં ભૂસ્ખલનમાં ૩ સૈનિકોના મોત થયા હતા. ગુમ થયેલા ૬ જવાનોની શોધખોળ ચાલુ છે.બિહારના સિવાનમાં સોમવારે વાવાઝોડું અને વરસાદ પછી દિવાલ અને ઝાડ પડવાથી અલગ અલગ વિસ્તારોમાં ૨ મહિલાઓ સહિત ૭ લોકોના મોત થયા હતા. જયપુરમાં પણ

અનુસંધાન પાના ૭ પર

# ઓપરેશન સિંદુર બાદ તા. ૬ જૂને મોદી જમ્મુ-કાશ્મીરની મુલાકાતે

### શુક્રવારે વડાપ્રધાન જમ્મુ ખાતે કતરા-શ્રીનગર વંદેભારત ટ્રેનને લીલીઝંડી આપશે

નવી દિલ્હી, તા. ૨

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તા.૬ના જમ્મુના કતરાની મુલાકાત લેશે. ઓપરેશન સિંદુર બાદ વડાપ્રધાનની આ પ્રથમ જમ્મુ-કાશ્મીર મુલાકાત હશે. શ્રી મોદી કતરા (વૈષ્ણોદેવી)થી શ્રીનગર વચ્ચે વંદેભારત ટ્રેનને લીલીઝંડી આપશે.

કાશ્મીરને દેશના અન્ય ભાગોથી રેલમાર્ગે જોડવાના ૪૨ વર્ષ પુર્વેના પ્રોજેક્ટ હવે સાકાર થશે. અગાઉ તા.૧૯ એપ્રિલના આ ટ્રેનને લીલીઝંડી આપવા વડાપ્રધાન શ્રી મોદી કાશ્મીર જવાના હતા પણ ખરાબ હવામાનના કારણે તેમનો પ્રવાસ મુલત્વી રહ્યો હતો.



તે બાદ તા.૨૧ એપ્રિલના રોજ પહેલગામ હુમલો થતા ભારત અને પાકિસ્તાન વચ્ચે મીની યુદ્ધ પણ ખેલાઈ ગયુ હતું.

શુક્રવારે શ્રી મોદીની કતરા મુલાકાત પુર્વેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. જો કે હજુ વડાપ્રધાન કાર્યાલય તરફી વડાપ્રધાનના કાર્યક્રમની જાહેરાત થઈ નથી અને સંભવિત તારીખમાં તા.૬થી૮ જુન પણ

અનુસંધાન પાના ૭ પર

# લોકસભા વિપક્ષ નેતા રાહુલ ગાંધી ભોપાલની મુલાકાતે

### પ્રદેશ કોંગ્રેસ કાર્યાલયમાં રાહુલ ત્રણ બેઠક યોજશે

નવી દિલ્હી, તા. ૨

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી ભોપાલ પહોંચી ગયા છે. તેઓ લગભગ ૬ કલાક ભોપાલમાં રહેશે. રાહુલ કોંગ્રેસ પ્રદેશ કાર્યાલય (પીસીસી) ખાતે ત્રણ બેઠકો કરશે. બપોરે, તેઓ રવિન્દ્ર ભવનમાં જિલ્લા પ્રમુખો અને બ્લોક પ્રમુખોના સંમેલનને સંબોધન કરશે. મધ્યપ્રદેશમાં રાહુલની આ એક દિવસીય મુલાકાત સંપૂર્ણપણે સંગઠનાત્મક છે. સમગ્ર ધ્યાન વર્તમાન પરિસ્થિતિને સમજવા અને પક્ષના રિકંસ્ટ્રક્શન પર રહેશે.

રાહુલની આ મુલાકાત એટલા માટે પણ ખાસ છે કારણ કે માત્ર ૩ દિવસ પહેલા, ૩૧ મેના રોજ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભોપાલના જંબુરી મેદાનમાં મહિલા મહા સંમેલનને સંબોધિત કર્યું હતું.

ભોપાલમાં રાહુલ ગાંધીના કાર્યક્રમને ધ્યાનમાં રાખીને ૫૦૦ પોલીસ કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા છે. એરપોર્ટથી લઈને પીસીસી અને રવિન્દ્ર ભવન સુધી ખાસ સુરક્ષા વ્યવસ્થા કરવામાં

અનુસંધાન પાના ૭ પર

# ઈટાલીના વડાપ્રધાનની દીકરી અંગે વિવાદી પોસ્ટથી હોબાળો

### પ્રોફેસરે કરેલી ટિપ્પણીની વ્યાપક ટીકાથી સરકાર એક્શનમાં

રોમ, તા. ૨

શી જિનપિંગ પછી, હવે ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીની સગીર પુત્રી વિશે ચર્ચા છે. એક ઈટાલિયન પ્રોફેસરે મેલોનીની પુત્રી પર ખોટી ટિપ્પણી કરી હતી.

આ ટિપ્પણી પછી, પ્રોફેસરની સમગ્ર ઈટાલીમાં ટીકા થવા લાગી છે. સરકાર પણ

એક્શનમાં આવી છે. પ્રોફેસરે પોતાની ગંદી વાત માટે માફી માંગવાની માંગ કરી છે. જોકે, સરકાર પ્રોફેસરને હટાવવાની તૈયારી કરી રહી છે.

ટિપ્પણી કરનાર પ્રોફેસર નેપલ્સ પ્રાંતની એક હાઈસ્કૂલમાં ભણાવે છે. જર્મન ભાષાના પ્રોફેસરનું નામ સ્ટેફાનો એડેઓ છે. પ્રોફેસર એક ઘટનાથી ઉશ્કેરાઈ ગયા અને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી અને મેલોનીની પુત્રી વિશે ખોટી ટિપ્પણી કરી.

અહેવાલ મુજબ, પ્રોફેસરે કહ્યું કે મેલોની લોકોની પીડા ત્યારે જ સમજી શકશે જ્યારે તેની પુત્રીનું મૃત્યુ થશે. લોકોએ પ્રોફેસર એડેઓની આ ટિપ્પણીનો સખત વિરોધ કર્યો.

અનુસંધાન પાના ૭ પર

# કરાચીની જેલમાંથી ૨૧૬ કેદીઓ ફરાર

કરાચી, તા. ૨

પાકિસ્તાનના કરાચીમાં આવેલી મલિર જેલમાંથી ઓછામાં ઓછા ૨૧૬ જેટલા કેદીઓ ભાગી ગયા છે. જેલ પ્રશાસનના જણાવ્યા અનુસાર, સોમવારે કરાચીમાં આવેલા ભૂકંપના આંચકા બાદ સાવચેતીના પગલા તરીકે કેદીઓને બેરેકમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

જિયો ન્યૂઝ અનુસાર, ૧૦૦થી વધુ કેદીઓ તક લાભ ઉઠાવીને મેન ગેટથી ભાગી ગયા હતા.

આમાંથી લગભગ ૮૦ કેદીઓને ફરીથી પકડવામાં આવ્યા છે. જ્યારે ૧૩૫ કેદીઓ હજુ પણ ફરાર છે. સિંધના ગૃહમંત્રી ઝિયા-ઉલ-હસન લાંજરે મંગળવારે વહેલી સવારે આ વાતની પુષ્ટિ કરી.

અગાઉ ઘણા મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું હતું કે



ભૂકંપને પગલે અફરા-તફરી મચતા બેરેકમાંથી બહાર કઢાયેલા કેદીઓ તકનો લાભ ઉઠાવી ભાગી છૂટયા

કેદીઓ દિવાલ તોડીને ભાગી ગયા હતા. વહીવટીતંત્રે સ્પષ્ટતા કરી છે કે કોઈ દિવાલ તોડવામાં આવી નથી, ભાગદોડ દરમિયાન બધા કેદીઓ મેન ગેટથી ભાગી ગયા હતા.

સિંધ પ્રાંતના ગૃહમંત્રી લંઝારે જણાવ્યું હતું કે ભૂકંપ પછી ૭૦૦ થી ૧૦૦૦ કેદીઓને બેરેકમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. આ અંધાધૂંધીમાં, લગભગ ૧૦૦ કેદીઓ મેન ગેટ તરફ ધક્કા-મુક્કી શરુ કરી અને ભાગી ગયા.

અત્યાર સુધીમાં ૪૬ ભાગી ગયેલા કેદીઓને ફરીથી પકડવામાં આવ્યા છે, જ્યારે ઘણા હજુ પણ ફરાર છે. જેલ પ્રશાસનના જણાવ્યા અનુસાર, સર્ચ ઓપરેશન હજુ પણ ચાલુ છે. આ ઓપરેશનમાં સ્પેશિયલ સિક્યુરિટી યુનિટ (SSU), રેપિડ રિસ્પોન્સ ફોર્સ (RRF), રેન્જર્સ અને ફ્રન્ટિયર કોર્પ્સ (FC)ની ટીમો સાથે મળીને કામ કરી રહી છે.ઘટના બાદ તરત જ રેન્જર્સ અને FCએ જેલનો કબજો સંભાળી લીધો. આઈજી જેલ, ડીઆઈજી જેલ અને જેલ મંત્રી ઘટનાસ્થળે પહોંચ્યા અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો.

# હવે એલન મસ્ક દ્વારા નવું મેસેજિંગ ફીચર એક્સચેટ લોંચ

### નવું ફીચર વોટ્સએપને સીધી ટક્કર આપશે

નવી દિલ્હી, તા. ૨

એલોન મસ્કે તેના ઠ પ્લેટફોર્મે પર XChat નામનું એક નવું મેસેજિંગ ફીચર લોન્ચ કર્યું છે. આ ફીચરની મદદથી એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન, ઓટો ડિલીટ થયેલા મેસેજ અને કોઈપણ પ્રકારની ફાઈલો મોકલવાનો વિકલ્પ મળશે.

આ ફીચર હાલમાં બીટા વર્ઝનમાં છે. એલોન મસ્કે ૧ જૂને પોસ્ટ કરીને આ ફીચર વિશે માહિતી આપી છે. પોસ્ટમાં લખ્યું છે કે, નવું XChat રોલઆઉટ કરવામાં આવી રહ્યું છે, જે એન્ક્રિપ્શન, વેનિશિંગ મેસેજ અને ફાઈલો મોકલવાનો વિકલ્પ આપે છે.

મસ્કે દાવો કર્યો છે કે, XChat બિટકોઈન-સ્ટાઈલ એન્ક્રિપ્શનનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને તેને સંપૂર્ણપણે નવા આર્કિટેક્ચર પર તૈયાર કરવામાં આવ્યું છે.મસ્કે બીજી પોસ્ટમાં જણાવ્યું છે કે, XChaની મદદથી યુઝર્સ ઓડિયો અને વીડિયો કોલ પણ કરી શકશે. આ માટે મોબાઈલ નંબર લિંક કરવાની જરૂર નથી. ટેકક્રન્ચના રિપોર્ટ્સ અનુસાર, XChat હાલમાં ટેસ્ટિંગ ફેઝમાં છે અને કેટલાક લોકો પર તેનું ટેસ્ટિંગ ચાલી રહ્યું છે.

અનુસંધાન પાના ૭ પર

# દેશભરમાં કોરોનાએ રફતાર પકડી એકટીવ કેસ ૪ હજાર, કુલ ૩૧નાં મોત

### દેશમાં કુલ નોંધાયેલા કેસમાં ૫૦ ટકા મહારાષ્ટ્ર તથા કેરળમાં નોંધાયા

નવી દિલ્હી, તા. ૨

દેશમાં કોરોનાવાયરસના એક્ટિવ કેસની સંખ્યા ૪૦૨૬ પર પહોંચી ગઈ છે. આમાંથી ૫૦ ટકા કેસ કેરળ અને મહારાષ્ટ્રમાં છે. કેરળમાં સૌથી વધુ ૧૪૧૬ એક્ટિવ કેસ છે. તેમજ, મહારાષ્ટ્રમાંથી ૪૯૪ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં, દેશભરમાં ૨૭૦૦ દર્દીઓ સ્વસ્થ પણ થયા છે.અત્યાર સુધીમાં કોરોનાને કારણે ૩૮ મૃત્યુ થયા છે. આમાંથી ૩૧ મૃત્યુ છેલ્લા ૪ દિવસમાં થયા છે. સોમવારે મહારાષ્ટ્રમાં ૭૦ વર્ષીય અને ૭૩ વર્ષીય મહિલાનું મૃત્યુ થયું. રાજ્યમાં સૌથી વધુ ૧૦ મૃત્યુ નોંધાયા છે. ૨૪ કલાકમાં, કેરળ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને ગુજરાતમાં ૧-૧ મૃત્યુ થયું છે.સતત વધી રહેલા કેસોની સંખ્યા વચ્ચે, દિલ્હીની આરએમએલ, સફદરજંગ અને અન્ય હોસ્પિટલોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. જોકે, ડોક્ટરોનું કહેવું છે કે કોરોનાના કેસમાં વધારો ચિંતાનો વિષય નથી. કોઈ પણ દર્દીને કોઈ ગંભીર સમસ્યા નથી. બધામાં સામાન્ય લક્ષણો છે. આરએમએલ હોસ્પિટલમાં ૯ બેડનો આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે.દિલ્હી હાઈકોર્ટે સોમવારે કહ્યું કે આગામી કોવિડ મહામારી હજુ ખતમ થઈ નથી, પરંતુ તે હજુ પણ એક્ટિવ છે. કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી સેમ્પલ કલેક્શન, કેન્દ્રો અને પરિવહન નીતિ અંગે કરવામાં આવેલી તૈયારીઓ વિશે માહિતી માંગી છે.

અનુસંધાન પાના ૭ પર

# વિદેશ ગયેલા ડેલીગેશન સાથે વડાપ્રધાન મોદી બેઠક કરશે

### વિદેશ પ્રવાસેથી પરત ફરે ત્યારબાદ પ્રતિનિધિ મંડળની મીટીંગ મળશે

નવી દિલ્હી, તા. ૨

PM મોદી ઓપરેશન સિંદૂર પર વિદેશની મુલાકાતે ગયેલા પ્રતિનિધિમંડળોના સભ્યો સાથે ૯-૧૦ જૂને બેઠક થઈ શકે છે. પ્રતિનિધિમંડળના સભ્યો વિશ્વભરમાં થયેલી ચર્ચાઓ વિશે વડા પ્રધાન મોદીને માહિતી આપશે.

વિશ્વભરમાં ૭ પ્રતિનિધિમંડળો મોકલવામાં આવ્યા છે, જે ઘણા દેશોની મુલાકાત લઈ રહ્યા છે અને ઓપરેશન સિંદૂર પર ભારતનો દૃષ્ટિકોણ રજૂ કરી રહ્યા છે.

ઓપરેશન સિંદૂરનો ઉદ્દેશ્ય પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી ઠેકાણાઓનો નાશ કરવાનો હતો. આ કાર્યવાહી ૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં શરૂ કરવામાં આવી હતી.

જેમાં ૨૬ નાગરિકો માર્યા ગયા હતા. આ કાર્યવાહી પછી, કેન્દ્ર સરકારે વૈશ્વિક મંચ પર પોતાનું વલણ સ્પષ્ટ કરવા અને પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદનો પર્દાફાશ કરવા માટે એક સર્વપક્ષીય

અનુસંધાન પાના ૭ પર

# સરકારી હોસ્પિટલોમાં ફાર્મા કંપનીના મેડીકલ રીપ્રેઝન્ટેન્ટીવ માટે પ્રવેશ બંધી

### દવા કંપનીના એમ. આર. ચોક્કસ દવા પ્રિસ્કાઈબ કરવા તબીબો પર દબાણ કરતા હોય છે

નવી દિલ્હી, તા. ૨

દેશમાં મેડીકલ માફીયાઓ તબીબો-ફાર્મા કંપનીઓની સાંઠગાંઠના અનેક કેસો બહાર આવે છે તો ચોકકસ કંપનીઓની દવાજ ખરીદવા જે રીતે તબીબો પ્રિસ્કાઈબ કરે છે તેને ગઠબંધન તોડવામાં સરકારને સફળતા મળી નથી પણ હવે તમામ સરકારી હોસ્પીટલોમાં ફાર્મા કંપનીઓના જે મેડીકલ રીપ્રેઝન્ટેન્ટીવ માટે પ્રવેશબંધી જાહેર કરી છે.

એમ.આર. તરીકે ઓળખતા આ દવાના સેલ્સમેન જેવી ભૂમિકા ભજવતા પ્રોફેશનલ ચોકકસ દવાઓ લખવા તબીબોને ભલામણ કરે છે જેના બદલામાં તબીબોને ફાર્મા કંપનીઓ ‘સાચવી’ લે છે અને અનેક લાભો આપે છે પણ હવે ડિરેકટર જનરલ ઓફ હેલ્થ સર્વિસ એ એક આદેશમાં કોઈપણ સરકારી હોસ્પીટલોમાં આ એમ.આર.ના પ્રવેશ પર જ પ્રતિબંધ મુકી દીધો છે.જો તેઓ કોઈ સરકારી પ્રોજેકટના ભાગરૂપે દવાના પરિક્ષણ વિ. સાથે સંકળાયેલા હોય તો તેઓને ઈ-મેલ અથવા ડીજીટલ માધ્યમથી જ સંપર્ક કરવાનો રહેશે અને તે હેલ્થ ઓથોરિટીને પણ જાણ કરવી જરૂરી બનશે. ફાર્મા કંપનીઓ અનેક વખત બિનજરૂરી મોંઘી દવાઓ દર્દીઓને પ્રિસ્કાઈબ કરવા તબીબોને લાલચ આપે છે અને યેન-કેન પ્રભાવ પાડવાની પણ કોશીશ કરે છે.

અનુસંધાન પાના ૭ પર



# વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કાર્યક્રમ સદર્ભે વ્યાપક તૈયારી

## પ્લાસ્ટીકના કચરા અંગે શરૂ કરાયેલી ઝુંબેશની સમિક્ષા કરતા કલેક્ટર

સુરત, તા.૩

૫ જુન ૨૦૨૫ 'વિશ્વ પર્યાવરણ દિવસ'ના ભાગરૂપે વિશ્વ કક્ષાએ પ્લાસ્ટીક પ્રદૂષણનો અંત લાવવા માટે "Ending Plastic Pollution Globally'' વિષય ઉપર પ્લાસ્ટિક કચરાના પુનઃ ઉપયોગમાં ઘટાડો અને રિસાયકલ અંગેની ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. જેને અનુલક્ષીને જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી.

જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ દરેક વિભાગોને પ્લાસ્ટીકનો ઉપયોગ ઓછો થાય તે અંગે લોકોમાં જનજાગૃતિ આવે તે માટે સાથે મળીને કાર્ય કરવા જણાવ્યું હતું. તેમણે જિલ્લાના પ્રવાસન સ્થળો, ટ્રાન્સપોર્ટ, ગાર્ડન, નદી-તળાવ-બીચ, સરકારી કચેરીઓ, સ્કુલ-કોલેજ, ફૂડ કોટ વિસ્તાર, કોમર્સિયલ-માર્કેટ, રેસિડેન્સીયલ-સ્લમ વિગેરે વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓ, NGO/વોલન્ટીયર્સને જોડી સ્વચ્છતા ડ્રાઈવ કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત સિંગલ યુઝ પ્લાસ્ટીક/મલ્ટીલેયર પ્લાસ્ટીકનો ઉપયોગથી રોડ બનાવવા, સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરવા, કપડાની થેલી, ગ્લાસની બૉટલ ઈકો-ફ્રેન્ડલી કટલરી/બામ્બૂ ટુથ બ્રશ,સ્ટીલ કે રિસાઈકલ કરી શકાય તેવા પ્લાસ્ટીકના લંચ બૉક્સ વિગેરે વસ્તુઓના ઉપયોગ માટે નાગરિકોમાં જાગૃતતા લાવવા પર ભાર મુકયો હતો. 'સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરી, શહેર તથા દેશને પ્લાસ્ટિક પ્રદૂષણથી મુક્ત કરીએ' ના મેસેજ મારફતે નાગરિકોને પ્લાસ્ટિક પ્રદૂષણ બાબતે જાગૃત કરવાનો અનુરોધ કર્યો હતો. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી શિવાની ગોયલ, નિવાસી અધિક કલેકટરશ્રી વિજય રબારી તથા અન્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# બકરી ઈદ સંદર્ભે શહેર પોલીસ દ્વારા શાંતિ સમિતિની બેઠક મળી

## કોમી એકતાના માહોલમાં તહેવારની ઉજવણી કરવા જાહેર અપીલ

સુરત, તા.૩

સુરત શહેર પોલીસ દ્વારા આગામી બકરીઈદ ના તહેવારને લઈ મહિધરપુરા પીરછડીરોડ ખાતે આવેલ મોરપટની હોલ ખાતે ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ શ્રી પિનાકીન પરમારસાહેબના અધ્યક્ષસ્થાને શાંતી સમિતિ મિટિંગ મળી હતી જેને DCP શ્રી પિનાકીન પરમારસાહેબ, ACP શ્રી ઝાલાસાહેબ ACP શ્રી આહીરસાહેબ, માજી કોર્પોરેટર શાંતી સમિતિ સભ્ય શ્રી અસદ કલ્યાણી, લંકાવિજય આશ્રમના શ્રી સીતારામબાપા એ સંબોધન કર્યું હતુ. શાંતી સમિતિ સભ્યો પાસેથી અભિપ્રાય મેળવવામાં આવ્યા હતા. મહિધરપુરા પોલીસ ઈન્સ્પેકટર શ્રી હેમેન્દરસિંહ ચૌહાણસાહેબ લાલગેટ પો.ઈ.શ્રી ચૌધરીસાહેબ ચોક પો. ઈ શ્રી ચૌધરીસાહેબ કતારગામ પો. ઈ.બી.કે શ્રી સાહેબ સિંગણપોર પો. ઈ. શ્રી સાહેબ PSI શ્રી HR. ચૌધરીસાહેબ પોલીસ શાંતી સમિતિ સભ્યો, FOP હિન્દુ મુસ્લિમ અગ્રણીઓ અને કુરેશીભાઈઓ હાજર રહ્યા હતા. કોઈપણ ધર્મ ની લાગણી નહિ ધુબાય અને કોમી એકતા ના માહોલમાં બકરી ઈદ નો તહેવાર ઉજાવવામાં આવે એવી સર્વો ઉપસ્થિત હિન્દુ મુસ્લિમ અગ્રણીઓ દ્વાર લાગણી વ્યક્ત કરવામાં આવી હતી અંતે મહિધરપુરા PI શ્રી હેમેન્દ્રસિંહ. ચૌહાણસાહેબ આભારવિધિ કરી હતી.

# વેજાણી પરિવારનો સ્નેહમિલન અને ઈનામ વિતરણ સમારોહ

## અન્યને ખુશ કરવા માટે નાનકડું કાર્ય કરીશું તો પણ આપણા જીવનમાં અપાર ખુશીઓનો અનુભવ થશે : રાજેશ ધામેલિયા




સુરત, તા.૩

શ્રી સમસ્ત વેજાણી પરિવારના દસમા સ્નેહમિલન અને ઈનામ વિતરણ સમારોહનું સુંદર આયોજન રંગોલી પાર્ટી હોલ, એન્થમ સર્કલ પાસે, કેનાલ રોડ, રોડ ખાતે કરવામાં આવ્યું હતું.કાર્યક્રમના શુભારંભે પરિવારના વડીલોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. નાનાં-નાનાં ભૂલકાંઓથી લઈને કૉલેજ સુધીના તમામ વિદ્યાર્થીઓને પરિવારના વડીલો, યુવાનો અને દાતાશ્રીઓના વરદ હસ્તે ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કુંજ ભાવેશભાઈએ શ્રીમદ્ ભગવદ્ ગીતાના શ્લોકનું ગાન કરીને મોબાઈલના સદુપયોગ વિશે વાત કરી હતી. આજના સમારોહના ભોજન ખર્ચમાં શ્રી પ્રવીણભાઈ ઓથાવાળા તેમજ ઘેટી, જસપરા, રોયલ અને મેઢા ગામના લોકો સંયુક્ત રીતે સહભાગી થયા હતા. આ પ્રસંગે શ્રી પ્રવીણભાઈ ઓથાવાળાનું તેમજ ગામ પ્રતિનિધિરૂપે શ્રી દુલાભાઈ ઘેટીવાળા, શ્રી વિઠ્ઠલભાઈ જસપરાવાળા, શ્રી ભૂપતભાઈ રોયલવાળાનું પુષ્પગુચ્છ અને શાલ દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આજના મુખ્ય વક્તા શ્રી રાજેશકુમાર ધામેલિયાએ જણાવ્યું હતું કે, "દર વર્ષે યોજાતા સ્નેહમિલનથી સાથે આપ સૌના સ્નેહ અને સંપમાં પણ વધારો થઈ રહ્યો છે, તે આનંદની વાત છે. આપણા જીવનમાં પણ પ્રતિદિન આનંદમાં વધારો થાય તે ખૂબ જરૂરી છે. જીવનમાં ક્યારેય કોઈના તમામ

અનુસંધાન પાના ૭ પર

# વિશ્વ કમાકુ નિષેધ દિને તમાકુ વિરોધી જાગૃતિ કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૩

'વિશ્વ તમાકુ નિષેધ દિન' નિમિત્તે WHOની થીમ અન્માસ્કીગ ધ અપીલઃ તમાકુ અને નિકોટીન ઉત્પાદનો પર ઉદ્યોગની યુક્તિઓનો ખુલાસો' અંતર્ગત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, હેડ ઓફ ડિપાર્ટમેન્ટ (સાયકયાટ્રિક, ન્યુ સિવિલ હોસ્પિટલ-સુરત), એપિડેમીક મેડિકલ ઓફિસર, યૂથ નેશન સસ્થા તથા વી.આર. સુરતના સંયુક્ત ઉપક્રમે

તમાકુ વિરોધી જાગૃત્તિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શહેરી ટ્રાફિક વિભાગના સહયોગથી ટ્રાફિક સિગ્નલો પર તમાકુ વિરોધી સંદેશ અપાયો હતો. શહેરમાં તમાકુ સામે જાગૃત્તિ માટે નાટક, સુરતના ૯ તાલુકા કક્ષાએ રેલી, સંકલ્પ કાર્યક્રમો અને પેમ્પલેટ વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

# બકરી ઈદ નિમિત્તે પશુની જાહેરમાં કતલ કરવી નહીં

## આગામી ૭ જૂને આવતા તહેવાર અંગે પોલીસ કમિશનરનું જાહેરનામું

સુરત, તા.૩

આગામી તા.૭/૦૬/૨૦૨૫ના રોજ મુસ્લિમ ધર્મનો "બકરી ઈદ"નો તહેવાર આવતો હોવાથી અન્ય ધર્મ/સમુદાયના લોકોની લાગણી ન દુભાય અને શહેરમાં શાંતિનું વાતાવરણ જળવાય રહે એ હેતુથી ઇ.પોલીસ કમિશનરશ્રી વાંબાગ જામીર દ્વારા કેટલાક પ્રતિબંધો જાહેર કર્યા છે. જે અનુસાર સુરત શહેરમાં કોઈપણ વ્યક્તિએ કોઈપણ પશુની જાહેર કે ખાનગી જગ્યામાં, શેરીઓમાં કે મહોલ્લામાં જાહેર જનતાને દેખાય તે રીતે કતલ કરવા, કોઈપણ પ્રાણીને શણગારીને એકલા અગર સરઘસ આકારે જાહેરમાં લઈ જવા કે ફેરવવા પર તેમજ 'બકરી ઈદ તહેવાર નિમિતે કુરબાની પછી જાનવરના માંસ, હાડકા અને અવશેષો જાહેરમાં ફેંકવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામાનો અમલ તા.૪ થી ૧૦/૬/૨૦૨૫ સુધી કરવામાં આવશે. તેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ગણાશે.



# બિહારના સાંસદ ડો. ધર્મશિલા ગુપ્તાજી સુરતના મહેમાન બન્યા

## બિહાર વિકાસ પરિષદ દ્વારા વિવિધ માંગણી અંગે સાંસદ સમક્ષ રજૂઆત

સુરત, તા.૩

ગઈકાલે સોમવાર, ૨ જૂન ૨૦૨૫ ના રોજ, બિહારના લોકપ્રિય નેતા, બિહાર રાજ્ય ભાજપ મહિલા મોરચાના પ્રમુખ અને રાજ્યસભા માનનીય સાંસદ ડૉ. ધર્મશિલા ગુપ્તાજી સુરતના સાંસદ શ્રી મુકેશ દલાલના અઠવાલાઈન્સ કાર્યાલય ખાતે પહોંચ્યા. આ પ્રસંગે સુરતના સાંસદ શ્રી મુકેશ દલાલ પણ હાજર હતા. પરિષદના અધિકારીઓ, પ્રમુખ શ્રી ધર્મેશ સિંહ અને કન્વીનર શ્રી સુનિલ મિશ્રાએ તેમનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું.

બિહાર વિકાસ પરિષદના પ્રમુખ ધર્મેશ સિંહે માનનીય સાંસદ ડૉ. ધર્મશિલા ગુપ્તા અને સુરતના સાંસદ શ્રી મુકેશ દલાલને સુરતથી જયનગર, સુરતથી ભાગલપુર, સુરતથી કોડરમા વાયા ગયા, પટણા માટે દૈનિક ટ્રેનો અને સુરતથી પટણા અને દરભંગા માટે ફ્લાઈટ સેવા શરૂ કરવા માટે વિનંતી પત્ર/મેમોરેન્ડમ આપ્યું. બંને સાંસદોએ ખાતરી આપી કે તેઓ આ સંદર્ભમાં સંબંધિત મંત્રીઓ સાથે વાત કરશે અને સંસદમાં આ મુદ્દો ઉઠાવશે અને ઉપરોક્ત બંને માંગણીઓ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનો પ્રયાસ કરશે.

# માંગરોળ પોલીસ સ્ટેશન દ્વારા જપ્ત કરેલા વાહનો છોડવી જવા

સુરત, તા.૩

સુરત જિલ્લાના માંગરોળ પોલીસ સ્ટેશન દ્વારા પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળ વિવિધ વાહનો જપ્ત કરવામાં આવ્યા છે, જે પૈકી ૧૦ બાઈક, ૪ પિકઅપ, ૩ બોલેરો, ૧ એસેન્ટ કાર, ૧ રિક્ષા, ૧ ઝેનોન, ૩ ટાટા ટેમ્પો-છોટા હાથી એમ કુલ ૨૩ વાહનોના માલિકોને અનેકવાર લેખિત અને મૌખિક સૂચનાઓ આપવામાં આવી હોવા છતાં આજદિન સુધી તેઓ વાહનો છોડાવવા આવ્યા નથી. જેથી આ વાહનો પર જે માલિકો હક દાવો કરવા ઈચ્છતા હોય તેઓ સત્વરે સંપર્ક કરે. વાહનોની સંપૂર્ણ માહિતી માંગરોળ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર તેમજ ગ્રામ્ય પોલીસની અધિકૃત વેબસાઈટ https://spsurat.gujarat.gov.in પર ઉપલબ્ધ છે એમ એમ માંગરોળ પોલીસ ઈન્સ્પેકટર એમ.એચ. સોલંકીની યાદીમાં જણાવાયું છે.



કામરેજ સ્થિત લુહાર સમાજ ની વાડીમાં સમગ્ર ભારતના લુહાર ડોડીયા પરિવાર ના પ્રથમ સ્નેહ મિલન સમારોહ માં જાણીતા શબ્દ સારથિ જીતુ મકવાણા નું ટ્રસ્ટી મંડળ દ્વારા શાલ, સ્મૃતિભેટ અને પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું.

# ખંભાત પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાયો

## બાળકોને ચોપડા, નોટબુકનું નિઃશુલ્ક વિતરણ



સુરત, તા.૩

તારીખ ૧ ૬ ૨૦૨૫ રવિવાર ના રોજ એક આત્મીય સ્નહે મિલન યોજાયું હતું ખંભાત પ્રજાપતિ સમાજ સુરત શહેર ના બધા જ પારિવારો નું એક અદભુતને મિલન યોજાયું સમાજ ના પ્રમુખશ્રી ઈશ્વર ભાઈ પ્રજાપતિ જણાવે છે કે ૨૧ વર્ષથી અમો આ કાર્યક્રમ કરીએ છીએ એમાં તેજસ્વી તારલા ઓનું સન્માન કરવા માં આવ્યું પરિવાર માં એકતા વધે સમાજ માં એકતા વધે ગુજરાત નું યુવા ધન નિર્વ્યસની અને ગમે તેવી વિપરીત પરિસ્થિતિ માં પણ. મનોબળ મજબૂત રાખે. બાળકો મોબાઈલ થી દૂર રહે. સમાજ ના વડીલો સમાજ ના યુવાનો ને સમાજ સેવા પરિવાર સેવા રાષ્ટ્ર ની સેવા માટે પ્રેરણા આપી યુવા ધન આગળ લાવી. એકતા નો સંદેશ આપીયો અભ્યાસ માં સહુ આગળ વધે તેવી પ્રેરણા આપવા માં આવી બધા બાળકો ને નોટ બુક ચોપડા વિગેરે ફ્રી માં આપી

# હોપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ બાળકોને સાયકલનું વિતરણ કરાયું

## ડમ્પીંગ યાર્ડના મજૂરોના બાળકોને શિક્ષણ અર્થે કરાયેલી સહાયતા



સુરત, તા.૩

શાળાના વેકેશન પછી વિદ્યાર્થીઓ વધુ અભ્યાસ માટે તૈયારીઓ કરતા હોય છે ત્યારે શહેર ના અનેક વિસ્તારો એવા છે જ્યાં આર્થીક રીતે કમજોર પરિવાર ના લોકો રહેતા હોય છે જ્યાં નજીક માં ગ્રાન્ટેડ કે સરકારી શાળાઓ હોતી નથી શાળાઓ રહેઠાણ થી દૂર હોવાના કારણે અને રીક્ષા કે વાન પણ બંધાવી શકતા નથી તેવા સંજોગોમાં ઘણીવાર તેજસ્વી વિદ્યાર્થીઓ શાળાનું ભણતર અધૂરું મૂકી ને કામ પર લાગી જાય છે આવી સમસ્યા થી ન તે બાળક કે પરિવાર પરંતુ રાષ્ટ્રનિર્માણ ને પણ નુકસાન થાય છે અને એક બાળક ને ડોકટર કે વકીલ બનવાનું સ્વપ્ન રોળાઈ જાય છે એવા અનેક કિસ્સાઓ હોપ ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ જીગીશ ભાઈ ગાંધી ને ધ્યાનમાં આવતા એવા જરૂરિયાત મંદ બાળક બાળકીઓ નું લિસ્ટ તૈયાર કરીને જીજ્ઞેશ ભાઈ ગાંધી,મેઘના બેન ગાંધી,અંશુ અગ્રવાલ,ચેલના બેન જૈન,સહિતનાઓ ટ્રસ્ટ સાથે જોડાયેલા ભાઈ બહેનો એ આવા બાળકો ને જે ભટાર ડમ્પીંગ યાર્ડ માં રહેવાનું છે એમને વિનામૂલ્યે સાઈકલ પુરી પાડી ને એવા બાળકો ના ચહેરા પર ન ફક્ત સ્મિત રેલાવ્યું હતું પરંતુ તેઓ ની જિંદગી ને મહત્વ ની ગતિ આપી હતી હોપ ચેરીટેબલ ટ્રસ્ટ ની આવી કામગીરી શહેર ના એવા મજબુર બાળકો માટે ઓક્સિજન સમાન છે ત્યારે અગાઉ ભંગાર સાયકલ ને તૈયાર કરીને આવા જરૂરિયાત મંદ બાળકો ને ટ્રસ્ટ દ્વારા કાર્યક્રમો ભૂતકાળમાં પણ કરવામાં આવ્યા છે ત્યારે સુરત ની આ મંદી ના સમય માં અનેક ચેરીટેબલ ટ્રસ્ટો એ આ કાર્યક્રમ જોઈ ને આવા કાર્યક્રમો યોજવા માટે આગળ આવવાની જરૂર છે

# સાવરકુંડલાના સદ્‌ભાવના ગ્રુપ દ્વારા માનવ સેવા યજ્ઞ



## 'ચિયર્સ જિંદગી' શો સાથે એમ્બ્યુલન્સ મેડિકલ સાધનોનું લોકાર્પણ

સાવરકુંડલા, તા.૩

સાવરકુંડલામાં સદ્ભાવના ગ્રુપ દ્વારા આયોજિત 'ચિયર્સ જિંદગી' શો, એમ્બ્યુલન્સ અને મેડિકલ સાધનોના લોકાર્પણનો ભવ્ય કાર્યક્રમ યોજાઈ ગયો. પૂજ્ય ઉષામૈયા અને પૂજ્ય ભક્તિરામ બાપુ સહિતના સંતો-મહંતોએ વિશેષ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ડીવાયએસપી શ્રી વલય વૈદ્ય સાહેબ અને નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી સદ્ભાવના ગ્રુપના આમંત્રણને માન આપી ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ વિડિયો કોન્ફરન્સ દ્વારા સદ્ભાવના ગ્રુપને અભિનંદન પાઠવી તેમના સેવાકીય કાર્યોને બિરદાવ્યા હતા. પૂજ્ય ઉષામૈયાના આશીર્વાદથી છેલ્લા ૨૪ વર્ષથી સદ્ભાવના ગ્રુપ સાવરકુંડલામાં સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહ્યું છે. આ કાર્યક્રમ દરમિયાન અનેક દાતાશ્રીઓએ ઉમદા યોગદાન આપ્યું હતું એમ્બ્યુલન્સ (ઈક્કો મિની આઈ.સી.યુ) અર્પણ કરનાર દાતાશ્રીઓ લુહાર સંતશ્રી મુળદાસ બાપા ગોકુલ જ્વેલર્સ પરિવાર (ચંદ્રકાંતભાઈ ભાઈચંદભાઈ કાત્રોડીયા) શેઠશ્રી મહાસુખરાય ત્રિભુવનદાસ કામદાર પરિવાર કંચનબેન કપૂરદાસભાઈ પારેખ (હ. સ્મિતાબેન લલીતભાઈ કપૂરચંદ પારેખ, સાવરકુંડલાવાળા) તેમજ મેડિકલ સાધનો અર્પણ કરનાર દાતા ગોપાલ કૃષ્ણ ગૌ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ (સાવરકુંડલા) 'ચિયર્સ જિંદગી' કાર્યક્રમમાં દાનવીરોનો સહયોગ મળ્યો હતો અને સાવરકુંડલાના લોકોએ હંમેશની જેમ આ શોમાં બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. સદ્ભાવના ગ્રુપ દ્વારા એમ્બ્યુલન્સ સેવા, રક્તદાન સેવા જેવી અનેક સેવાઓ આપવામાં આવે છે. આ સેવાકીય પ્રવૃત્તિઓમાં દાતાશ્રીઓ અને ધર્મપ્રેમી જનતાનો મળેલ સાથ-સહકાર બદલ સદ્ભાવના ગ્રુપે સર્વેનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# માંડવી પોલીસ સ્ટેશન દ્વારા જપ્ત વાહનોની જાહેર હરાજી

સુરત, તા.૩

માંડવી પોલીસ સ્ટેશનમાં પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળના ગુનાઓમાં જપ્ત વાહનોની જાહેર હરાજી તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યે માંડવી પોલીસ સ્ટેશન ખાતે યોજાશે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા વેપારીઓ, જાહેર જનતાએ તા.૦૭મીએ ૧૧.૦૦ વાગ્યે માંડવી પો.સ્ટે.માં જરૂરી ફોર્મ ભરી ડિપોઝીટના રૂ.૫૦ હજાર ભરી ફોર્મ સાથે આધારકાર્ડ,પાનકાર્ડ, તથા GST નંબરની વિગતો જોડવાની રહેશે. ડિપોઝીટના નાણા રિફન્ડેબલ છે. હરાજીના વાહનોને હરાજીની તારીખ પહેલા માંડવી પો.સ્ટે.માં નિહાળી શકાશે. હરાજી કમિટીને શરતો સૌને બંધનકર્તા રહેશે એમ માંડવી પી.આઈ. એ.એસ.ચૌહાણની યાદીમાં જણાવાયું છે.

# ટેનિસ ટુર્નામેન્ટમાં તેજસ્વી દેવ નાવડીયાનું શ્રેષ્ઠ પ્રદર્શન

## ટુર્નામિન્ટમાં દેવ નાવડિયા અંડર-૧૨ રનર-અપ તરીકે જાહેર



અંકલેશ્વર, તા.૩

ટી.પી.એલ કામાક્ષી ટેનિસ એકેડેમી, વડોદરાએ તાજેતરમાં એક પ્રતિષ્ઠિત ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન કર્યું હતું જેમાં પ્રદેશભરના કેટલાક તેજસ્વી યુવા પ્રતિભાઓને દર્શાવવામાં આવ્યા હતા.

ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારાઓમાં દેવ નાવડિયા પણ હતા, જે અંડર-૧૨ કેટેગરીમાં રનર-અપ તરીકે ઉભરી આવ્યા હતા. દેવે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન નોંધપાત્ર કૌશલ્ય, નિશ્ચય અને ખેલદિલી દર્શાવી, કોચ વિશાલ પઢિયાર, દર્શકો અને સાથી ખેલાડીઓ તરફથી પ્રશંસા મેળવી. તેમનું પ્રદર્શન આટલી નાની ઉંમરે રમત પ્રત્યેની તેમની મહેનત અને સમર્પણને પ્રતિબિંબિત કરે છે. ડી એ આનંદપુરા કલ્ચરલ એન્ડ સ્પોર્ટ્સ સેન્ટર (એ.આઈ.ડી.એસ. ટેનિસ એકેડેમી) અને સ્થાનિક ટેનિસ સમુદાય દેવ નાવડિયાને આ સિદ્ધિ બદલ અભિનંદન આપે છે અને ટેનિસ કોર્ટ પર તેમની સતત સફળતાની રાહ જુએ છે.

# કાપોદ્રાથી ભાવનાબેન અને રૂદ્ર ઠાકુર ગુમ

સુરત, તા.૩

કાપોદ્રા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ રૂમ નં-૧૯, અશ્વિન સોસા., વિ-૨, ખોડિયારનગર રોડ, કાપોદ્રા (મૂળ રહે. ગામ-વિસનપુરા, જી.વૈશાલી, બિહાર), ખાતે રહેતા પવનકુમાર ઠાકુરના ૩૨ વર્ષીય પત્ની ભાવનાબેન ઠાકુર અને ૦૩ વર્ષીય પુત્ર રુદ્ર ઠાકુર ગુમ થયા છે. ભાવનાબેને શરીરે પાતળા બાંધાના, ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૧ ફૂટ છે. રુદ્ર શરીરે પાતળા બાંધાના, ઘઉવર્ણ અને ઊંચાઈ ૨.૧ ફૂટ છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કાપોદ્રા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.





# આર યુ રેડી ફોર મોન્સૂન?

સામાન્ય રીતે વર્ષાઋતુ જૂન મહિનામાં આવે છે, તેથી વરસાદ પહેલાં બધી તૈયારી થઈ જાય છે. ચોમાસું જલદી આવી જતાં વરસાદમાં કઈ ટાઈપના કપડા પહેરવા તે મોટો પ્રશ્ન છે, કે જે શરીરને ચોંટી ન જાય અને ક્ધફર્ટ સાથે સ્ટાઈલ પણ હોય. કપડાની સાથે કઈ ટાઈપનો મેકઅપ કરવો કે કેવી બેગ લેશું કે કેવાં ચપ્પલ પહેરશું? ચાલો જાણીયે વરસાદમાં કેવાં કપડાં , એકસેસરીઝ અને ઓવરઓલ કેર કઈ રીતે કરી શકાય.

## સેલ્ફ કેર

વરસાદમાં ખાસ કરીને ઉકાળીને પાણી પીવું. બંધ પેટર્નના ફૂટવેર પહેરવાના ટાળવા, નહીં તો પગમાં ફંગસ થઈ જશે.હાથ પગને રેગ્યુલરી મૌઈસ્ચરાઈઝ કરવા. તમને જેવો ફાવે તેવો કોઈપણ કાઢો પીવાનુ રાખવું જેથી ઈમ્યુન સિસ્ટમ સારી રહે અને બીમાર ન પડાય. વરસાદમાં વાળ પણ ચીપચીપા થઈ જાય છે. રેગ્યુલરી વાળમાં તેલ નાખવું અને શેમ્પુ કર્યા પછી ખાસ કરીને કંડિશનર કરવું. શાકભાજી , ફળો સરખા ધોઈને ખાવા. સરખી ઊંઘ લેવી અને પૌષ્ટિક આહાર લેવો.

## થ્રી ફોર્થ

એન્કલ પેન્ટ – વરસાદમાં થ્રી ફોર્થ પેન્ટ કે એન્કલ પેન્ટ ખૂબ જ કમ્ફર્ટેબલ વેર છે. જે ખાસ કરીને સિન્થેટીક ફેબ્રિકમાં હોવા જોઈએ. સિન્થેટીક ફેબ્રિક એટલે જે પેન્ટ કોટન અને લાઈક્રા ફેબ્રિકથી બનેલા હોય. આ પેન્ટ ભીના થાય તો પણ જલદીથી સુકાઈ જાય. આ પેન્ટમાં લાઈક્રા ફેબ્રિક હોવાથી પેન્ટ સ્ટ્રેચ થાય છે . જેથી જો પેન્ટ ભીનું થાય તો પણ ખરાબ નથી લાગતું. કોર્પોરેટ કંપનીમાં કામ કરતી યુવતીઓ માટે આ બેસ્ટ ઓપ્શન છે. તમે તમારી હાઈટ અને બોડીને અનુરૂપ થ્રી ફોર્થ અથવા એન્કલ લેન્થ પેન્ટ પહેરી શકો. ખાસ કરીને ડાર્ક કલરના પેન્ટ પહેરવા જેથી કરીને વરસાદમાં ખરાબ ન થાય.સૌ પ્રથમ તો કોટનના કપડાં પહેરવા નહીં. વરસાદમાં કોટનના કપડાં શરીરને ચોંટી જાય છે અને જલદી સુકાતા નથી. વરસાદમાં ખાસ કરીને સિન્થેટીક ફેબ્રિકના કપડાં પહેરવા જેથી કરી કપડા શરીરને ચીપકે નહીં. સિન્થેટીક કપડામાંથી પાણી જલ્દી નીકળી જાય છે અને જલદીથી સુકાઈ જાય છે. વરસાદમાં સ્પેસિફિક કપડાં જ પહેરવા પડે છે .જેમકે થ્રી ફોર્થ પેન્ટ કે ડ્રેસ, ની લેન્થ ડ્રેસ, સિન્થેટીક ટોપ્સ વગેરે.

## એકસેસરીઝ

વરસાદમાં પહેરવાની એકસેસરીઝ સ્માર્ટ રીતે સિલેકટ કરવી જેમકે , સૌથી પહેલા જો રિસ્ટ વોચની વાત કરીયે તો લેધર વોચ પહેરવી નહીં , તેની બદલે વોટરપ્રૂફ વોચ પહેરવી. ખાસ કરીને તમારી હેન્ડબેગ કપડાની કે લેધરની ન હોવી જોઈએ. જો કપડાની બેગ જ વાપરવી હોય તો બેગની અંદરનો સામાન પ્લાસ્ટિકની બેગમાં રાખવો અને ત્યારબાદ તે બેગ કપડાની બેગની અંદર મૂકવી . જો તમારે આ બધી ઝંઝટમાં ન પડવું હોય તો તમે વોટરપ્રૂફ બેગ વાપરી શકો. બને ત્યાં સુધી જ્વેલરી પહેરવાનું ટાળવું અને જો પહેરવી જ હોય તો લાઈટવેટ જ્વેલરી પહેરવી. ફૂટવેરમાં ખાસ કરીને રૈની ફૂટવેર જ પહેરવા જેથી કરી લપસી ન જવાય. ઘણી યુવતીઓ વરસાદમાં સાદું આઈ લાઈનર લગાડે છે અને કમોસમી વરસાદમાં બધુ જ લાઈલર નીકળી જાય છે. તેથી ખાસ કરીને વોટરપ્રૂફ લાઈનર જ લગાડવું. માત્ર લાઈનર જ નહીં પરંતુ આખો મેક અપ જ વોટરપ્રૂફ કરવો.



## સિન્થેટીક ટોપ્સ

સિન્થેટીક ટોપ્સ વરસાદમાં પહેરવા માટે એક બેસ્ટ ઓપ્શન છે. સિન્થેટીક ટોપ્સમાં પેટર્ન વેરિયેશન સાથે લેન્થ વેરીએશન પણ આવે છે. તમે તમારી બોડી ટાઈપ પ્રમાણે ટોપ્સની પસંદગી કરી શકો જેમકે જો તમારું શરીર સુડોળ હોય તો તમને બધી જ લેન્થના ટોપ્સ સારા લાગશે. જો તમારું શરીર ભરેલું હોય તો હીપ કવર થાય તેટલા ટોપ્સ પહેરવા. હીપ લેન્થ ટોપ્સ તમે જેગીંગ , થ્રી ફોર્થ કે એન્કલ લેન્થ પેન્ટ કે શોર્ટસ સાથે પણ પહેરી શકો. આ ટોપ્સની પ્રિન્ટ ખાસ કરીને ડાર્ક શેડમાં પસંદ કરવી. જો લાઈટ કલરના ટોપ્સ પહેરવા માગતા હોવ તો ટોપની અંદર તમે કોન્ટ્રાસ્ટ કલરની સ્લીપ પહેરી શકો.

# ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી : જો સંપૂર્ણ ન બની શકો તો સુવ્યવસ્થિત બનો





સોળ વર્ષની ઉંમરની રેવાનો રૂમ કબાડખાનાને પણ સારો કહેવડાવે એવો તદ્દન અસ્તવ્યસ્ત હતો. જ્યાં-ત્યાં પડેલા કાગળના ડુચ્ચાં, અધખુલ્લાં પુસ્તકો, અડધાં ખવાયેલાં ચિપ્સના પેકેટસ, મેલા કપડાંનો ઢગ અને ચારેકોર જાતભાતની ચીજ-વસ્તુઓનો ખડકલો.રેવાનો પલંગ, બિછાના, સ્ટડી ટેબલ પર ઉભરાય રહેલી વસ્તુઓનો કોઈ તોડ નહોતો. મમ્મી આરાધનાએ એને રોકટોક કરવાનું હવે લગભગ છોડી દીધેલું. એ નિઃસાસા સાથે માત્ર એટલું જ કહેતી, 'તું ક્યારેય નહીં સુધરે'. આટલું કહી એ ત્યાંથી ચાલી જતી.

આમ તો રેવા સખ્ત મહેનતું છોકરી હતી. સ્પોર્ટ્સમાં અવ્વલ અને સ્ટડીમાં પણ ઘણો સારો સ્કોર એના દસમા ધોરણની માર્કશીટમાં છપાયેલો. સ્પોર્ટ્સ અને સ્ટડીના આવા સંતુલનને જોઈ ચારેકોર લોકો રેવાની વાહ વાહ કરતા થાકતા નહોતા, પણ વાત જ્યારે ટાઈમ મેનેજમેન્ટ કે સેલ્ફ ઓર્ગેનાઈઝિંગની આવે ત્યારે રેવાબેન પાછાં પડતાં. એ પછી ભણવામાં હોય કે અન્ય કોઈ વાતમાં, રેવાની બેદરકારી ઊડીને આંખે વળગે એવી હતી. એ ગમે તેટલું ધ્યાન રાખે, લગભગ દર વખતે એનાથી ચૂક થઈ જતી.રેવા આમ તો સ્ટડીને લઈ લાપરવાહ તો નહોતી, પણ સ્કૂલના સ્કોલર કે ટોપર સ્ટુડન્ટ્સ માફક એ અવ્વલ ના આવી શકતી, કારણ એ કે એ પોતે અસાઈમેન્ટ ભૂલી જતી ને ડેડલાઈન મિસ કરી દેતી, છેલ્લી ઘડીએ પ્રોજેક્ટ સબમિશન કે પરીક્ષાઓની તૈયારી કરવાની આદત એના માર્ક્સ આરામથી ખાઈ જતાં. રેવાનું સપનું તો ગ્રાફિક ડિઝાઈનર બનવાનું હતું, પણ પરીક્ષાનાં પરિણામ એના સપનાને સપોર્ટ નહોતાં કરી રહ્યાં. સ્કૂલમાં ટીચર્સ પણ રેવાને કહેતાઃ'આમ તું બહુ હોંશિયાર છે. તકલીફ માત્ર એ છે કે તારું ભણવામાં પૂરતું ધ્યાન નથી રહેતુંપ.' રેવા આ ટકોરને હળવાશમાં લેતી. વિચારતી કે એને તો છેલ્લી ઘડીના ટાસ્ક પૂરા કરવામાં જોરદાર રોમાંચ આવે છે અને રિઝલ્ટ પણ ઠીકઠાક આવી જાય છે પછી કોણ દરરોજ ભેજાફોડી કરે ભણવાની!

આ લાસ્ટ મિનિટ લડુ માટે એક સોમવારની સવાર એવી ઊઠી કે બધું જ બદલાય ગયું. થયું એવું કે રવિવારે દિવસભર જલસા કર્યા બાદ આખી રાત જાગી એણે પ્રોજેક્ટ પૂરો કર્યો હતો. જોકે સ્કૂલ પહોંચ્યા બાદ એને યાદ આવ્યું કે, પ્રોજેક્ટ તો પોતે ઘેર ડાઈનિંગ ટેબલ પર જ ભૂલી આવી છે. દુષ્કાળમાં અધિક માસ કે વળી એ દિવસે જ મેથ્સનો પ્રોગ્રેસ રિપોર્ટ પણ આવ્યો. માત્ર પિસ્તાલિસ માર્ક્સ. ક્લાસ આખામાં હાંસીપાત્ર બનેલી રેવા શર્મિંદગી સાથે નિરાશા વદને ઘેર પાછી ફરી.

સાંજે એની મોટી બહેન એવી નિધિ હોસ્ટેલથી આવવાની હતી એનો ઉત્સાહ પણ મરી પરવાર્યો. મુંબઈમાં આર્કિટેક્ચરનું ભણી રહેલી નીધિ હંમેશાંથી રેવા માટે આદર્શ હતી. એ અદ્દલ મોટી બહેન જેવી બનવા માગતી હતી. શાંત, સંયમિત, શિસ્તબદ્ધ અને ક્રિએટિવ. રેવાનું ઊતરેલું મોં જોઈ નિધિ એ તરત પૂછ્યુંઃ

મમ્મી સાંભળે નહીં એમ રેવાએ હળવેકથી કહ્યુંઃ 'આજે પ્રોજેક્ટ લઈ જતાં ફરી ભૂલી ગઈ. અને મેથ્સમાં પણ ફરી ફેલપ. દીદી, હું તારા જેવી ક્યારેય નહો બની શકું કે બધું એકસાથે સંભાળી લઉં. દસમા સુધી વાત અલગ હતી, પણ હવે મારાથી નથી થતુંપ' રેવાએ શરણાગતિ સ્વીકારી. આ સાંભળી નિધિ બે હાથ પસરાવી રેવાને નજીક ખેંચીઃ'જો રેવા, આપણે કોઈ ક્યારેય પરફેક્ટલી પરફેક્ટ નથી હોતા. તું તારી નબળાઈઓને સ્વીકારી-સંભાળીને આગળ વધી શકે એમ છો. એક કામ કર, ધીમે-ધીમે નાના-નાના બદલાવથી શરૂઆત કરીએ આપણેપ'

એ રાત્રે બન્ને બહેને સાથે મળી એક સાદો, સરળ વિકલી પ્લાન તૈયાર કર્યો. દરેક વિષયને નાના-નાના હિસ્સામાં વિભાજિત કરી દીધા. સ્ટડી, આર્ટ, ડિઝાઈનિંગ, આરામનો સમય એમ બધું સમય પ્રમાણે ગોઠવ્યું. અંતે પથારીમાં પડી આંખ મીચતા પહેલા નિધિએ શીખ આપીઃ 'રેવા, કોઈપણ વાતમાં બેલેન્સ બહુ જરૂરી છે. એ યાદ રાખીશ તો ક્યાંય પાછી નહી પડેપ'બીજા દિવસે રેવાએ સૌથી પહેલું કામ પોતાનો રુમ સાફ કરવાનું કર્યું. એ કબાડીખાનામાંથી એને પોતાના જૂનાં અસાઈમેન્ટ્સ, ખોવાયેલા ઓરનામેન્ટ્સ, ચોળાયેલાં કપડાં અને મોટું જ્યોમેટ્રી બોક્સ સુધ્ધાં મળી આવ્યું!રેવાને યાદ આવ્યું કે પોતાનું સ્ટડી ટેબલ લગભગ એકાદ વર્ષ પહેલા સાફ કર્યું હતું. એણે ટેબલની સામે મોટીવેશનલ ક્વોટ્સ લગાવ્યા, ફોલ્ડર્સ પર લેબલ્સ માર્યા. ચાદર સાફ કરી. કપડાં ઘડી કરીને મૂક્યા. લગભગ બે કલાક પછી એને ખુદને વિશ્વાસ ના આવ્યો કે આ એનો પોતાનો રૂમ છેપ માહોલ જાણે સકારાત્મક ઊર્જાથી ભરાય ગયો. રેવાને પોતાની અંદર પણ નવી તાજગીનો સંચાર થયો હોય એવું લાગ્યું.





# બ્યુટી પ્લસ -ઓલ ટાઈમ ફેવરિટ અંબોડો

અંબોડાનો મતલબ એ નથી કે કોઈપણ રીતે અંબોડો લઈ લીધો અને તમે સુંદર જ લાગો. વ્યવસ્થિત વાળેલો અંબોડો એક મહિલાને સેકસી લુક પણ આપી શકે છે. ટોપ મોડલ્સ, ફેશન આઈક્ધસ અને સેલિબ્રિટી પણ અંબોડો વાળે છે. માત્ર અંબોડો વાળવાથી જ હેરસ્ટાઈલ પૂરી નથી થતી પરંતુ તેમાં લગાડેલી એકસેસરીઝ પણ એટલી જ મહત્ત્વની છે. જેમકે સોફટબન એક અલગ પ્રકારનો બન છે. આ હેરસ્ટાઈલ લાંબા વાળવાળી યુવતીઓ પર વધારે સારી લાગે છે. સોફ્ટ બનમાં આગળથી એક પણ વાળની લટ નથી નીકળતી છતાં પાછળથી હેરસ્ટાઈલ ખૂબ જ મનમોહક લાગે છે.

પરંતુ સાઈડ બન સાથે એવું નથી. સાઈડ બન એટલે જે બન એક સાઈડમાં વાળેલો હોય. એમ તો આ બનમાં પણ વાળની લટો ન કાઢવાની હોય. આ બન થોડો ઢીલો વાળવામાં આવે છે અને એવી રીતે વાળવામાં આવે કે તે થોડો મોટો લાગે. જમણી કે ડાબી સાઈડ , કોઈપણ એક સાઈડ વાળ લઈ બન કરવામાં આવે છે અને તેની ઉપર તમે મનપસંદ એકસેસરીઝ લગાડી શકો.

ટ્વિસ્ટેડઃ બનનો લુક પણ નિરાળો છે. જે યુવતીના નાના વાળ હોય તેઓને આ હેરસ્ટાઈલ સારી લાગી શકે. આમાં વાળને સેંટરમાંથી બે ભાગમાં વહેંચીને પાછળથી ટવિસ્ટ કરી બન કરવામાં આવે છે. આ બનમાં તમે તમારી ચોઈસ મુજબ સેંથો પાડી શકો. પરંતુ ટાઈટ રોપ બન આવો નથી. આ હેરસ્ટાઈલ થોડી પેચીદા છે પરંતુ લુક ખૂબ જ

સુંદર આપે છે. આ હેરસ્ટાઈલમાં વાળને સામેની સાઈડથી ગૂંથવામાં આવે છે કે જે બિલકુલ રસ્સી જેવું લાગે . સામાન્ય રીતે આ હેરસ્ટાઈલ થોડી અલગ લાગે છે કારણકે આવી હેરસ્ટાઈલ ઓછી જોવા મળે છે. પરંતુ જે યુવતીઓને કોન્ફિડન્ટ લાગવું હોય તેઓ આ હેરસ્ટાઈલ કરી શકે.

ફિશટેઈલઃ બન જો તમે ન ટ્રાય કરી હોય તો વાર ન કરતા. આ હેરસ્ટાઈલ એક રોમેન્ટિક આઉટીગ માટે પરફેકટ છે. આ હેરસ્ટાઈલમાં પાછળથી જમણી કે ડાબી બાજુ પર વાળ ઢળેલા હોય છે. આ સ્ટાઈલ ખૂબ જ અનોખી છે.આમા અમુક વાળની અલગથી ટપોની બનાવવામાં આવે છે અને કોઈ પણ એક સાઈડ વાળીને બન વાળવામાં આવે છે.

સાઈડસ્વેપ્ટઃ બન પણ ફિશટેલ જેવો લાગે છે. આ હેરસ્ટાઈલ તમને એક સોફટ લુક આપે છે. આ હેરસ્ટાઈલ તમે કોઈ પાર્ટી કે કોર્પોરેટ મીટિંગમાં કરી શકો. આ લુકથી તમને એક આગવો લુક મળી શકે.

આપણે ટોપ બનને કઈ રીતે ભૂલી શકીયે. આ હેરસ્ટાઈલ માથાની ઉપર વચોવચ કરવામાં આવે છે. આમાં તમે કાન પાસેથી થોડા વાળ કાઢી શકો. આમાં કોઈ બે મત નથી કે ઘરમાં કામ કરતી મહિલાઓની આ ફેવરિટ હેરસ્ટાઈલ છે.

# આઝાદીનાં આટલા વર્ષે સાચાં પત્રકારનું દાયીત્વ શું છે?

**સદગુરુ કૃપા હી કેવલમ.**
**પરિચય ફાલ્ગુની વસાવડા.**
**શીર્ષક- વાંચન વિશેષ**

હમણાં જ ૩૦ મેં હિન્દી પત્રકારત્વ દિવસ ગયો!; ભારતમાં જ્યારે ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું રાજ્ય હતું, ત્યારે હિન્દી પત્રકારત્વનો ઉદભવ 'ઉદંત માર્તંડ' થી થયો છે. ૧૮૨૬માં ૩૦ મે ના દિવસે આ હિન્દી ભાષાના અખબારનું પ્રથમ પ્રકાશન કોલકાતાથી શરૂ થયું હતું. ઉદંત માર્તંડ એક સાપ્તાહિક સામયિક તરીકે શરૂ થયું. હિન્દી પત્રકારત્વ બંગાળમાં શરૂ થયું, અને તેનો શ્રેય રાજા રામમોહન રાયને જાય છે. પંડિત જુગલ કિશોર શુક્લ એનાં સંપાદક હતા. જોકે આજના સમયમા દરેક મિડિયા નું વેપારીકરણ થઈ ગયું છે. મીડિયા આજે??પેપરથી આગળ વધીને ન્યુઝ ચેનલ, ડિજિટલ ક્ષેત્રમાં આવી ગયુ છે.

ઓપરેશન સિંદુર વખતે આપણે જોયું તેમ આજકાલ જ્યાં જુવો ત્યાં ન્યુઝ પેપર અને ચેનલોનાં રાફડા ફાટ્યા હોય તેવું વાતાવરણ છે, અને દરેકે દરેકને પોતાની ચેનલ વધુ જાણે છે. માટે તેને પ્રસિદ્ધ કરવું છે, એટલે રાજકીય વાત હોય, મર્ડર મિસ્ટ્રી હોય, કુદરતી આપત્તિ હોય, કે અંધશ્રદ્ધા જેવી જાતભાતની અને ચટપટી ખબરોનો ઢગલો જનતા સમક્ષ કરે છે, અને એ પણ જાહેરાતની જેમ રંગીન અને મસાલેદાર બનાવીને. આપણે સૌ જાણીએ છીએ, એમ બધું જ સાચું નથી હોતું, અથવા તો જેટલી માત્રામાં બતાવવામાં આવે છે, એટલું તો નથી જ હોતું. યુદ્ધમાં જે રીતે મિસાઈલ તૂટતી કે ટકરાતી દેખાડાય છે!: અને ડ્રોન વગેરે ના ફોટો વિડિયો જોઈએ તો આપણને એમ લાગે ફિલ્માંકન થયું હોય. અથવા કુદરતી આપત્તિનાં ન્યુઝ હોય કે ચોરી ડકૈતીનુ આટલું ભયંકર વર્ણન જોઈ લોકો ભયભીત પણ થઈ જાય! ટૂંકમાં સાવધાન કરાવનારું આ પ્લેટફોર્મ સમસ્યા પણ સર્જી શકે છે. આવા સમયે પ્રશ્ન થાય કે પત્રકારનું સાચું દાયીત્વ શું છે?? તો બહુ સ્વાભાવિક રીતે જ આપણે કહીએ કે પ્રજા સમક્ષ સાચી હકીકતની જાણકારી લાવે તે પત્રકાર કહેવાય, પછી તે ગમે તે મીડિયા હોય! આજકાલ તો દરેકના હાથમાં સ્માર્ટફોન નામનું રમકડું હોવાથી સોશ્યલ મીડિયા પણ સમચાર પ્રસારનું બહુ મોટું અને ખતરનાક પ્લેટફોર્મ બની ગયું છે,અને એ રીતે જોઈએ તો દરેક સ્માર્ટફોન ધારક એક પત્રકાર છે, જે સાચું ખોટું કંઈ જાણ્યા વગર એવી વાતો આ માધ્યમથી ફેલાવે છે. આવાં સંજોગો ઉદભવે ત્યારે પત્રકારનું દાયીત્વ તેને યાદ રહેવું બહુ જરૂરી બની જાય છે, કે જનતા સમક્ષ કોઈ ખોટી માહિતી કે સમચાર પહોંચે નહીં.

જોકે રાજનીતિ આપણી લાઈન નથી એટલે સાચું ખોટું રામ જાણે! ટૂંકમાં જે પક્ષનું વજન વધુ ત્યાં ઘણાં ઘણાં બેસી જતા હોય છે,અને જનતાની સેવાનો મુખ્ય સંકલ્પ જ ભૂલી જતા હોય છે. આવાં લોકોને વારંવાર બતાવી મિડિયા વગર કારણે એમને હિરો બનાવી દેતી હોય છે, એટલે ખોટી પ્રસિદ્ધ પણ મળી જતી હોય છે, તો ક્યારેક સગાવાદમા સત્તાની ખેચમખેચીમાં ત્રીજો પણ ફાવી જતો હોય છે, માટે જ પત્રકારે આ બધું ખાસ ધ્યાનમા રાખવાનું કે, જનતામાં ખોટી માહિતી જાય નહીં, ડર અને નિરાશાનું પ્રમાણ વધે નહીં, એટલે કે કોઈ પણ પ્રકારની અફવાને રદિયો આપી, જનતા સમક્ષ નિષ્પક્ષ સત્યને ઉજાગર કરવાનું હોય છે.

લોકશાહીમાં લોકતંત્ર દ્વારા સરકાર નક્કી થાય છે, એટલે હારેલા પક્ષ, વિરોધી પક્ષ, તરીકે સરકાર પર પરિસ્થિતિ પ્રમાણે આક્ષેપ કરતી હોય છે, અને વર્ષોથી આપણે આવા રાજકીય સ્ટંટ થતાં જોવા મળે છે. પહેલા તો એમાં પણ મર્યાદા હતી હવે તો અમર્યાદ વાણી.. , અને જે પક્ષે વર્તમાન સમયમાં સરકાર રચી હોય, તેની પર વિપક્ષ દ્વારા સતત આક્ષેપ બાજી થતી હોય છે.જ્યારે આવી પરિસ્થિતિ આવે ત્યારે પત્રકારનું દાયીત્વ વધી જાય છે કે, તે જનતા સમક્ષ સાચી માહિતી પહોંચાડે. એટલે કે જે તે સમાચાર તે પ્રજા સમક્ષ રજૂ કરે છે, એ પત્રકાર કોઈ પણ રાજકીય પક્ષના દબાણ હેઠળ સમચાર પ્રસારિત કરે નહીં, કે કોઈ પણ પક્ષની તરફદારી કર્યા વગર નીડરતાથી સત્ય હકીકતને જનતા સમક્ષ લાવે. સાચો પત્રકાર જનતાને સમજાય, અને ગેરમાર્ગે દોરાયા વગર સાવચેત થાય એ રીતે સમાચાર પ્રસ્તુત કરે છે,

દરેક ક્ષેત્રમાં રાજકારણ પ્રવેશી ગયું હોવાથી પરિસ્થિતિ દિવસેને દિવસે વધુ વિકટ થતી જાય છે, તેમજ આંતરરાષ્ટ્રીય સંબંધો આયાત નિકાસ વેપાર વ્યવસાય વગેરે પણ હવે વિકાસના આ દોરમાં જાણવું જરૂરી બની ગયું છે. ઉપરાંત ધર્મને નામે રાજકારણમાં કોમવાદ પણ આઝાદીના સમયથી એક હથિયાર જેમ ઈસ્તેમાલ થાય છે, અને સરહદો પરનાં છમકલાં પણ દેશની એકતાને તોડે છે. એટલે આ સમયે દરેક પત્રકારની ફરજ છે કે, તેનાં દ્વારા પ્રસારિત થતા કોઈપણ સમાચાર, કોઈ પણ માધ્યમ એટલે કે ન્યુઝ પેપર મિડિયા,કે ટેલિવિઝન મીડિયા દ્વારા પ્રસારિત કરે, ત્યારે તેની નજર સમક્ષ રાષ્ટ્ર પ્રથમ હોવું જોઈએ, કારણકે આ સમાચારથી રાષ્ટ્રની ગરિમાને નુકશાન તો પહોંચતું નથી ને? એ વિચારવું પડશે, અને એ જોવાની દરેક પત્રકારની પહેલી ફરજ છે. પક્ષ ગમે તે હોય,સરકાર ગમે તે હોય, પરંતુ દેશ મારો છે, એ ભાવ પ્રથમ હોવો જોઈએ, એટલે જનતા ઉશ્કેરાઈ જાય નહીં એવા સમાચારો પ્રસારિત કરવા જોઈએ,તો પ્રજા ગુમરાહ થાય કે અંધારામાં રહી જાય અંધશ્રદ્ધા વધે એવા સમાચાર પણ પ્રસારિત કરવા જોઈએ નહીં. જે તે સમયની યોગ્ય સમીક્ષા કરી તે મુજબના સમાચારો જનતા સમક્ષ લાવવાનું કાર્ય પત્રકારનું હોય છે. કોઈ પણ પ્રકારના પ્રલોભનોથી મુક્ત થઈ, કર્તવ્ય નિષ્ઠા તેમજ દેશપ્રેમની ભાવના રાખી, પોતાના દ્વારા પ્રસ્તુત થતા સમાચારથી જનતા ગુમરાહ થાય નહીં, તેમજ દેશની ગરિમા ખરડાય નહીં! તે પહેલાં જોવું જોઈએ.

મોટેભાગે પત્રકાર તો પોતાની ફરજ પૂર્ણપણે નિભાવતા હોય છે, જેમ બને તેમ જનતાને દેશમાં ઘટતી ઘટનાઓથી વાકેફ કરવાનું કાર્ય કરતા હોય છે. પરંતુ હાલમાં પ્રિન્ટ મીડિયા કરતાં ઈલેક્ટ્રોનિક મીડિયા વધુ અસરકારક બનતું જાય છે. ચેનલો વાળા ટીઆરપી માટે જાતભાતનાં નુસખા અજમાવીને સમચારને જુદી રીતે પ્રસ્તુત કરતાં હોય છે, અને એ રીતે જનતા ગેરમાર્ગે દોરાય છે. ઉપરાંત વિપક્ષ જાણે કે વિરોધ કરવા માટે જ સંસદમાં હાજરી આપતો હોય એમ કોઈ પણ બિલ કે ખરડો પસાર થવા દેતો નથી, અને આમ એકંદરે સામાન્ય નાગરિકના ટેક્સમાંથી મળતાં નાણાં જ દાવ પર લાગે છે, અને દેશની સરકાર વિકાસને લગતું કાર્ય એનાં નિયત સમયમાં પૂરું કરી શકતી નથી.તો પ્રશ્ન થાય કે આ બધું ક્યાં સુધી... માટે અંદરોઅંદર એક થઈને આવી બધી સમસ્યા પર ધ્યાન કેન્દ્રિત કરીને, દેશને માથેથી બધી પ્રકારના સંકટ દૂર કરીએ. વારેવારે સરકાર ફેઈલ ગઈ! સીસ્ટમ ફેઈલ ગઈ ! રાજકીય માળખું જ ખોટું છે! વગેરે વગેરે,વાતે વિરોધ કરીને સમાજની શાંતિનાં મહોલને ખરાબ કરીએ નહીં, તે બંને પક્ષે ખાસ યાદ રાખવું જોઈએ. પત્રકારે પણ કોઈનાં કહેવામાં આવ્યાં વગર સત્તાધીશ સરકાર પર કોઈ જાતનાં આક્ષેપ કર્યા વગર સરકારનાં કાર્યમાં સહયોગ અને સહકાર આપવો જોઈએ, અને એવા સમાચાર ને મહત્વ આપી બાકીની વાતને રદિયો આપવો જોઈએ તો જ આવાં સંકટમાંથી વહેલાં બહાર આવીશું, કારણ કે પત્રકારના મનમાં સરકાર અને જનતા બંને માટે પણ રાષ્ટ્ર પ્રથમની ભાવના હોય તે અત્યારનાં તબક્કામાં બહુ જરૂરી છે.જય હિન્દ.

## તંત્રી લેખ...-

**મંગળવાર, તા.૩ જુન ૨૦૨૫**

# લક્ષ્યનું સંધાન

સિંગાપોરમાં રક્ષા-સુરક્ષા, યુદ્ધનીતિ વગેરે પર આયોજિત એક સંમેલનમાં ઓપરેશન સિંદૂર પર ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ અનિલ ચૌહાણે જે કંઈ કહ્યું, તેનાથી ફરી એક વખત એ જ સ્પષ્ટ થયું કે આ અકલ્પનીય સૈન્ય કાર્યવાહી દરમ્યાન ભારતીય સેનાને થયેલ નુક્સાનને લઈને પાકિસ્તાન જે દાવા કરી રહ્યું છે તે ખોટા અને યથાર્થથી વેગળા છે. એ સારું થયું કે સીડીએસ ચૌહાણે અમેરિકી રાષ્ટ્રપતિના એ દાવાની પણ પોલ ખોલી નાખી કે ભારત અને પાકિસ્તાન પરમાણુ યુદ્ધની નજીક હતા. જ્યાં સુધી નુક્સાનની વાત છે તો તે તો દરેક મોટી લડાઈનો હિસ્સો હોય છે. મહત્ત્વપૂર્ણ નુક્સાન નહીં, બલ્કે એ હોય છે કે જે લ-ય નક્કી કરાયાં તે હાંસલ થયાં, તેની સાક્ષી બહાવલપુર, મુરિદકે, મુઝફ્ફરાબાદ વગેરેમાં ધ્વસ્ત થયેલા નવ આતંકી ઠેકાણાં આપી રહ્યા છે. તેના ફોટો અને વીડિયો પણ ઉપલબ્ધ છે. એ જ રીતે એ આતંકી અડ્ડાઓ બાદ પાકિસ્તાનના ભારે તબાહ કરી દેવાયેલા મુખ્ય એરબેઝ પણ એ જ સત્ય દર્શાવી રહ્યા છે કે ભારતીય સેનાએ તેની વાયુસેનાને પંગુ કરી દીધી હતી. આ એરબેઝની તો સેટેલાઈટ ઈમેજ પણ ઉપલબ્ધ છે.

સીડીએસની એ સ્વીકારોક્તિ નવી વાત નથી કે ભારતના કેટલાક યુદ્ધવિમાનોને નુક્સાન થયું છે, કારણ કે તેને ઓપરેશન સિંદૂર સમયે તેને સંચાલિત કરનારા શીર્ષ સૈન્ય અધિકારીઓએ પણ એમ કહીને રેખાંકિત કરી દીધું હતું કે એવા સંઘર્ષમાં કંઈક નુક્સાન તો ઉઠાવવું જ પડે છે. ના તેમણે કહ્યું હતું કે કેટલાક યુદ્ધ વિમાનોને નુક્સાન થયું કે ના સીડીએસ અનિલ ચૌહાણે. આખરે એવામાં પાકિસ્તાનની જેમ કેટલાક આંતરરાષ્ટ્રીય મીડિયા સમૂહો દ્વારા એ બફાટ કરવાનો શો અર્થ કે ભારતના સીડીએસે પહેલી વાર માન્યું કે તેના વિમાનોને નુક્સાન થયું છે? જ્યાં સુધી સૈન્ય કાર્યવાહી દરમ્યાન રણનીતિ બદલવાની વાત છે તો હાલત જોતાં એવું કરવાને જ સૈન્ય કૌશલ કહે છે. જેને રણનીતિક ખામી કહેવાય છે, તેને સૈન્ય ભાષામાં પોતાના લ-યને હાંસલ કરવાનો ઉપાય કરવો કહે છે. આ જ ઉપાયોને કારણે ભારતીય સેના આતંકી અડ્ડાને નષ્ટ કર્યા બાદ પાકિસ્તાની સેનાને પરાસ્ત કરવામાં સક્ષમ રહી. એ જ તો તેનું ધ્યેય હતું. એના પર આશ્ચર્ય નહીં કે પાકિસ્તાન સીડીએસ ચૌહાણના કથનની મનમાની વ્યાખ્યા કરી રહ્યું છે અને ચીન ઉપરાંત પશ્ચિમી મીડિયાનો એક હિસ્સો પણ પોતાના એજન્ડા અંતર્ગત તેના સૂરમાં સૂર પૂરાવી રહ્યો છે. આશ્ચર્ય એ વાતે છે કે કોંગ્રેસ નેતા સીડીએસના નિવેદનની એવી વ્યાક્યા કેમ કરી રહ્યા છે, જે પાકિસ્તાનને ગમતી હોય? તેને જોતાં એ જરૂરી છે કે ભવિષ્યમાં ઓપરેશન સિંદૂરના સંદર્ભે કંઈક કહેતાં તેનું વધારે ધ્યાન રાખવામાં આવે કે કોઈપણ કથનના મનગમતા અર્થ ન કાઢી શકાય.

**સીડીએસની એ સ્વીકારોક્તિ નવી વાત નથી કે ભારતના કેટલાક યુદ્ધવિમાનોને નુક્સાન થયું છે, કારણ કે તેને ઓપરેશન સિંદૂર સમયે તેને સંચાલિત કરનારા શીર્ષ સૈન્ય અધિકારીઓએ પણ એમ કહીને રેખાંકિત કરી દીધું હતું કે એવા સંઘર્ષમાં કંઈક નુક્સાન તો ઉઠાવવું જ પડે છે.**

# દેશને મિઝોરમ શિક્ષણ મોડલની જરૂર

જ્યારે ભારતનાં કેટલાંય રાજ્યો હજુ પણ શિક્ષણના બુનિયાદી લ-યો હાંસલ કરવા માટે સંઘર્ષ કરી રહ્યાં છે, એવા સમયમાં મિઝોરમે ઈતિહાસ રચી દીધો છે. આ કોઈ સામાન્ય ઉપલબ્ધિ નથી, પરંતુ એ મશાલ છે, જે દેશ માટે દિશા અને પ્રેરણા બંને બની શકે છે. આવદિક શ્રમ બળ સર્વેક્ષણ (પીએલએફએસ) ૨૦૨૩-૨૪ અનુસાર મિઝોરમે ૯૮.૨ ટકાના સાક્ષરતા દર સાથે 'પૂર્ણ સાક્ષરતા'નું ગૌરવ પ્રાપ્ત કરી લીધું છે અને તેની સાથે જ તે ભારતનું પહેલું એવું રાજ્ય બની ગયું છે જ્યાં દર દસમાંથી લગભગ દસ વ્યક્તિને વાંચતાં-લખતાં આવડે છે. આ માત્ર એક આંકડો નથી, પરંતુ એ સામાજિક ચેતના, પ્રતિબદ્ધ પ્રશાસન અને શિક્ષકોની નિઃસ્વાર્થ ભાગીદારીની ગાથા છે, જેણે શિક્ષણને અધિકાર નહીં, જવાબદારી માની.મોટાભાગે હાંશિયામાં મૂકવામાં આવતા ઉત્તર-પૂર્વી રાજ્યોમાંથી એક મિઝોરમે દેખાડી દીધું કે વિકાસ માત્ર સંસાધનો પર નહીં, સંકલ્પ અને ભાગીદારી પર નિર્ભર કરે છે. શિક્ષણને લઈને આ રાજ્ય જે પ્રકારે આગળ વધ્યું છે તે ર્ભરતની સમગ્ર શિક્ષણ નીતિ પર એક મૌન પ્રશ્નચિહ્ન પણ છે કે જે નાના અને સંસાધનોથી વંચિત રાજ્ય કરી શકે છે, તે મોટા અને અપેક્ષાકૃત સમૃદ્ધ રાજ્ય કેમ નહીં? ૨૦૨૩માં કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ 'ઉલ્લાસ' નવ-સાક્ષરતા અભિયાનને મિઝોરમે માત્ર સરકારી યોજનાની જેમ ન લીધું, બલ્કે તેને એક સામાજિક આંદોલનમાં તબદીલ કરી દીધું. સમગ્ર શિક્ષા અને નવભારત સાક્ષરતા કાર્યક્રમને જોડતાં તેને મિશન મોડમાં ઉતારવામાં આવ્યું. રાજ્ય સાક્ષરતા મિશન પ્રાધિકરણની રચના થઈ અને એસસીઈઆરટી અંતર્ગત એક 'રાજ્ય સાક્ષરતા કેન્દ્ર'ની સ્થાપના કરવામાં આવી. અહીં મિઝો ભાષામાં 'વર્ટિયન' નામની અધ્યયન સામગ્રી તૈયાર કરવામાં આવી, સ્વયંસેવી શિક્ષકો માટે 'માર્ગદર્શક' પુસ્તિકા બનાવવામાં આવી અને છાત્રો માટે 'રોમી' જેવા સંસાધન વિકસિત કરવામાં આવ્યા. ક્લસ્ટર રિસોર્સ સેન્ટર સમન્વયકોએ ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૩માં ઘરે ઘરે જઈને ૧૫ વર્ષતી વધારે ઉંમરના ૩૦૨૬ અશિક્ષત લોકોની ઓળખ કરી. આ અભિયાન કોઈ નિયમનું પાલન માત્ર ન હતું, આ એ ભાવનાનું પ્રગટીકરણ હતું જે સમાજને પર્ણ જ્ઞાન સાથે જોડવા માગે છે. તેમાંથી ૧૬૯૨ લોકોએ ખુદ આગળ વધીને શિક્ષણ ગ્રહણ કરવાની ઈચ્છા વ્યક્ત કરી. આ આંકડા નહીં, બલ્કે બદલાતી ચેતના અને સામાજિક પરિવર્તનના પ્રમાણ છે. આ જ કારણ છે કે મિઝોરમની આ ઉપલબ્ધિ માત્ર કેરળને પાછળ મૂકી દેવાની વાત નથી, બલ્કે તે એ દેખાડે છે કે શિક્ષણ જ્યારે જીવનના તાણાવાણામાં વસ્યું હોય, તો તે સંખ્યાઓથી આગળ જઈને એક સંસ્કૃતિ બની જાય છે.જ્યારે દેશની સરેરાશ સાક્ષરતા દર હજુ પણ ૮૫ ટકાની આસરાસ છે, ત્યારે મિઝોરમનું ૯૮.૨ ટકા સુધી પહોંચવું એ સાબિત કરે છે કે સંસાધનોની બહુલતા નહીં, દિશા અને દાનત મહત્ત્વની છે. આ રાજ્ય, જે ભૌગોલિક રૂપે દૂર અને આર્થિક રૂપે સીમિત છે, તેણે આ કરી દેખાડ્યું. ભારતનાં બાકી રાજ્યો માટે તે માત્ર એક દષ્ટાંત જ નહીં, એ ચેતવણી પણ છે્ કે જો શિક્ષણ હજુ પણ પ્રાથમિકતા ન બન્યું, તો આપણે આપણા સૌથી મૂલ્યવાન સંસાધન, એટલે કે યુવા પેઢીને ગુમાવી દઈશું. શિક્ષણને લઈને મિઝોરમની આ પ્રતિબદ્ધતા એક બીજી વાત સિદ્ધ કરે છે કે કોઈપણ નીતિ, ચાહે તે ગમે તેટલી સારી કેમ ન હોય, ત્યાં સુધી નિષ્ફળ છે જ્યાં સુધી સમાજ તેને પોતાના મૂલ્ય તરીકે નથી અપનાવતો. મિઝોરમની સફળતાનું રહસ્ય માત્ર સરકારી યોજના કે આંકડાઓમાં નથી છૂપાયું, બલ્કે સમાજના એ ઊંડા ભાવમાં છે જેણે શિક્ષણને આત્મસન્માન, આત્મનિર્ભરતા અને નાગરિક ચેતનાનું ઓજાર બનાવી લીધું છે. ત્યાં શિક્ષણ કોઈ પ્રતિયોગી પરીક્ષાની તૈયારી માત્ર નથી, ના ડિગ્રી મેળવવાની દોટ. ગામડાંમાં પણ કોલેજો માત્ર સરકારી હાજરીનું પ્રમાણ નથી, પરંતુ ત્યાં શિક્ષકો સમય પર આવે છે, છાત્રો પૂરા સમર્પણથી ભણે છે અને વાલીઓ શિક્ષણને જીવનનું અવિભાજ્ય અંગ માને છે. આપણે એવી વ્યવસ્થા બનાવવી પડશે, જ્યાં શિક્ષણ માત્ર મંત્રાલયોનો વિષય નહીં પણ નાગરિકની સહિયારી જવાબદારી બને. એવા શિક્ષક જોઈએ જે માત્ર ભણાવે નહીં, બલ્કે પ્રેરણા બને, એવા અભ્યાસક્રમ જોઈએ જે સ્થાનિયતા સાથે જોડાયેલા હોય .

## શું આ વ્યવસ્થાથી ભારતને આપણે સંશોધન અને નવાચારના વૈશ્વિક નેતા બનાવી શકીશું?

# 'અંક ઉદ્યોગ'ના ભ્રમજાળમાં શિક્ષણ

હાલમાં જ વિવિધ બોર્ડોનાં રિઝલ્ટ જાહેર થતાં જ ચારેતરફ સોશ્યલ મીડિયા પર ૯૦-૯૫ ટકા મેળવનારા બાળકોને શુભેચ્છા સંદેશાઓની હારમાળા જોવા મળી હતી. પરંતુ આ જ યોગ્ય સમય છે કે આપણે આ માર્ક્સ પાછળ છૂપાયેલા શિક્ષણના વ્યાવસાયીકરણ, વસ્તુનિષ્ઠતા અને સરળીકરણથી પેદા થયેલ કૃત્રિમ પ્રસન્નતાના કુચક્રની પેલે પાર જોવાનો પ્રયાસ કરીએ. શિક્ષણનો ઉદ્દેશ્ય જ્ઞાન મેળવવાનો, સર્જનશીલતા એ વ્યક્તિત્વ વિકાસ હોવો જોઈતો હતો, પરંતુ છેલ્લા કેટલાક દાયકામાં આ એક 'અંક ઉદ્યોગ'માં બદલાઈ ગયો છે. વિશેષ કરીને કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (સીબીએસઈ) અને તેની સાથે સંબંધિત પબ્લિક સ્કૂલોના ગઠબંધને એવો માહોલ બનાવ્યો છે, જેમાં ૮૫-૯૦ ટકા ગુણ લાવવાને સરેરાશ માનવામાં આવે છે.

વિદ્યાર્થી ૯૮ થી ૧૦૦ ટકા સુધી ગુણ મેળવે છે, પરંતુ દેશની સૌથી કઠિન અને પ્રતિષ્ઠિત પરીક્ષાઓમાંથી એક યુપીએસસીની સિવિલ સેવા પરીક્ષામાં ટોપર્સ માત્ર ૫૦-૫૫ ટકા અંક જ પ્રાપ્ત કરી શકે છે. ૨૦૧૫માં ટીના ડાભી ૫૩.૪૯ તો આ વર્ષે શક્તિ દુબે ૫૧.૪૭ ટકા અંક પ્રાપ્ત કરીને ટોપર બની. સીબીએસઈ અને અન્ય બોર્ડોમાં મળનારા વધુ ગુણ છાત્રોને જેઈઈ અને નીટ જેવી પરીક્ષાઓ તરફ ધકેલે છે. અહીં પણ યુપીએસસીની જેમ જ વિષયનું ઊંડાણ, વિશ્લેષણાત્મક ક્ષમતા, તાર્કિકતા વગેરેની જરૂર હોય છે, જ્યારે બાળકો તેમાં સફળ નથી થઈ શકતા, તો અવસાદમાં ચાલ્યા જાય છે. ત્યાં સુધી કે આપઘાત જેવાં પગલાં પણ ભરી લે છે. અસલમાં અહીં ગોખેલા કે ટેમ્પલેટ આધારિત જવાબો કામ નથી લાગતા અને સારા-સારા ગુણ લાવનારા બાળકો પ્રતિયોગી પરીક્ષાઓમાં નિરાશ થઈને પાછા આવે છે. આ વિરોધાભાસ એ વાતના સંકેત છે કે આપણી સ્કૂલી મૂલ્યાંકન પ્રણાલી અને વાસ્તવિક જ્ઞાન વચ્ચે એક મોટું અંતર આવી ચૂક્યું છે.

શું આ વ્યવસ્થાથી ભારતને આપણે સંશોધન અને નવાચારના વૈશ્વિક નેતા બનાવી શકીશું? સીબીએસઇ અને ખાનગી પબ્લિક સ્કૂલોએ મળીને એક એવી પરીક્ષા પ્રણાલી વિકસિત કરી છે, જેમાં છાત્રોને પ્રશ્નોના જવાબો ગોખાવવામાં આવે છે. જવાબવહીઓમાં 'કી-વર્ડ્સ' પર ગુણ આપવામાં આવે છે. અધ્યાપક પણ જવાબના ઊંડાણ, તાર્કિક પ્રવાહ કે વિશ્લેષણાત્મક દષ્ટિકોણને મહત્ત્વ નથી આપતા. દાખલા તરીકે પ્રશ્ન પૂછવામાં આવે કે દશરથના કેટલા પુત્ર હતા? તો જવાબમાં 'ચાર લખીને તમે તમામ ગુણ મેળવવાની યોગ્યતા ધરાવો છો, ચાહે રામના તમામ ભાઈઓના નામ ના પણ લખો! તેણે છાત્રોને વિશ્લેષણાત્મક, રચનાત્મક લેખન, જોડણીની શુદ્ધતા, સુલેખન વગેરેથી દૂર કરી દીધા છે.

પહેલાં જ્યાં ગુજરાત, ઉત્તર પ્રદેશ, બિહાર અને મધ્ય પ્રદેશ જેવાં રાજ્યોનાં બોર્ડ, સરસ્વતી શિશુ મંદિરની શિક્ષણ પ્રણાલીમાં ૬૦ ટકા ગુણ પણ ઉત્કૃષ્ટ માનવામાં આવતા હતા, ત્યાં જ આજે સીબીએસઈમાં ૯૦ ટકા ગુણ સામાન્ય થઈ ગયા છે. દોઢ દાયકા પહેલાં સુધી યુપી બોર્ડમાં ૭૫ ટકા ગુણ મેળવનારા વિદ્યાર્થી રાજ્ય સ્તર પર મેરિટમાં આવી જતા હતા, કારણ કે જવાબવહીઓનું મૂલ્યાંકન અત્યંત કઠોર રહેતું હતું અને લેખનમાં ઊંડાણની અપેક્ષા રાખવામાં આવતી હતી. સીબીએસઈએ 'લર્નિંગ આઉટકમ'ના નામે ઓબ્જેક્ટિવ અને સંક્ષિપ્ત જવાબોને ઉત્તેજન આપ્યું, જેનાથી વિદ્યાર્થીઓમાં ઊંડાણથી વિચારવા, સંદર્ભોનું વિશ્લેષણ કરવા અને વિષય પર વ્યાપક દષ્ટિકોણ રજૂ કરવાની ક્ષમતાનો હ્રાસ થયા. છાત્ર નિબંધાત્મક ઉત્તરોથી બચવા લાગ્યા અને 'ટેમ્પલેટ આધારિત' જવાબ લખતાં શીખી ગયા. તેનાથી નિબંધ લેખન, ઈતિહાસ, રાજનીતિ, સમાજશાસ્ત્ર જેવા વિષયોમાં વિચારશીલતા ઘટવા લાગી, જ્યારે આ વિષય યુપીએસસી જેવી પરીક્ષાઓના મૂળ છે.

સીબીએસઈની વેબસાઈટ અનુસાર ૨૦૧૯માં ભારતમાં કુલ માન્યતા પ્રાપ્ત ૨૨,૦૩૦ સ્કૂલો હતી, જેમાં ૧૧૩૮ કેન્દ્રીય વિદ્યાલય, ૨૭૨૭ સરકારી, ૫૯૮ જવાહર નવોદય તથા ૧૪ કેન્દ્રીય તિબેટી વિદ્યાલયો ઉપરાંત ૧૭,૫૫૩ ખાનગી સ્કૂલોને માન્યતા મળી હતી.

કુલ માન્યતા પ્રાપ્ત સ્કૂલોમાં લગભગ ૮૦ ટકા ખાનગી સ્કૂલો છે, જે સ્પષ્ટ કરે છે કે સીબીએસઈનો કેટલો મોટો હિસ્સો ખાનગી ક્ષેત્રના પ્રભાવમાં છે. સરકારે આ કેન્દ્રીકરણ વિરુદ્ધ કામ કરીને આ પ્રકારની શક્તિના કેન્દ્રીકરણને ખતમ કરવું જોઈએ. કારણ કે હવે આ એક સિંડિકેટ રૂપે કામ કરી રહ્યું છે, જેમાં ફી વધારો, મોંઘાં પાઠ્યપુસ્તકો એ શિક્ષણના વ્યવસાયીકરણના બોજ નીચે દબાતા પરિવારોની હાલત વધુ ખરાબ થઈ રહી છે. ફી વધારો હજુ પણ મોટાં શહેરોની સમસ્યા છે, પરંતુ જલ્દી જ દેશની રાજનીતિમાં આ મોટો મુદ્દો હશે.

આજે જ્યારે ભારતને આપણે વિશ્વના સંશોધન અને નવાચારનું કેન્દ્ર બનાવવાનું વિચારી રહ્યા છીએ, તો અહીંની શિક્ષણ પ્રણાલીમાં એ જરૂરી છે કે આપણે અંકોની હોડમાંથી બહાર આવીને વાસ્તવિક જ્ઞાન, સમજ અને વિશ્લેષણાત્મક ક્ષમતાઓને મહત્ત્વ આપીએ. સ્કૂલોમાં મૂલ્યાંકન પ્રણાલીને એ પ્રકારે ઢાળવી જોઈએ કે છાત્રો ન માત્ર ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરે, બલ્કે વિષયના ઊંડાણમાં જઈને તેની વાસ્તવિક સમજ પણ વિકસિત કરે. માત્ર ત્યારે જ આપણે જેઈઈ એડવાન્સ, નીટ અને યુપીએસસી જેવી પ્રતિયોગી પરીક્ષાઓમાં વધુ સફળ અને સક્ષમ ઉમેદવાર તૈયાર કરી શકીશું. સાથે જ સંશોધન માટે જે સર્જનશીલ મેધાની જરૂર છે, તેનું નિર્માણ થઈ શકશે.

## પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઇએસઆઇએ બાંગ્લાદેશમાં ગતિવિધિઓ વધારી દીધી છે

# ભારત વિરોધી કાવતરાંનું નવું ઠેકાણું

### મ્યાંમારમાં ચાલી રહેલા ગૃહયુદ્ધ વચ્ચે ચીનની ભૂમિકા જટિલ અને બહુઆયામી રહી છે.

બાંગ્લાદેશની આંતરિક દશા સતત કમજોર થઈ રહી છે. આર્થિક રૂપે પણ તે નબળું થઈ રહ્યું છે. મોહંમદ યુનૂસને ત્યાંની સેના સાથે સંબંધો ઠીક નથી. છાત્ર સંગઠનને કટ્ટરપંથી બનાવાઈ રહ્યા છે અને તેને સત્તા સુધી લઈ જવાની ચર્ચા છે. ભારત માટે આ બધો ચિંતાનો વિષય એટલા માટે છે, કારણ કે બાંગ્લાદેશ-મ્યાંમાર સીમા પર ભારત વિરોધી અભિયાનની ઝલક દેખાઈ રહી છે. અસલમાં આ બધું એક સુનિયોજિત રણનીતિનો હિસ્સો છે, જો લશ્કરી સમીકરણના વિભિન્ન પાસાંને એક સાથે જોડીને જોવામાં આવે તો. બાંગ્લાદેશ અને મ્યાંમારની સીમા માત્ર ૨૭૧ કિમીની છે, પરંતુ તે બહુ મહત્ત્વપૂર્ણ છે, વિશેષ કરીને ભારત માટે. ભારતના ઉત્તર-પૂર્વી રાજ્યોની સીમાો બંને દેશો સાથે જોડાય છે. મિઝોરમની સીમા બંને દેશોને મળે છે. મ્યાંમારના ત્રણ જિલ્લા જે અશાંત છે, આ જ સીમા પર આવેલા છે. બાંગ્લાદેશનું કોક્સ બજાર બીજી તરફ છે. ભારતના ઊત્તર-પૂર્વી રાજ્યો સાથે પાંચ દેશોની સીમાઓ જોડાય છે, ચીન, ભુટાન, નેપાળ, બાંગ્લાદેશ અને મ્યાંમાર. બધું જ ચીનના ઈશારે કરવાની તૈયારી છે.

પહેલગામ આતંકી હુમલા અને બાદના સમીકરણોને જોતાં ચીન માટે બહુ આસાન હતું કે વિમર્શને પશ્ચિમી સીમાથી હટાવીને પૂર્વી સીમા સુધી ખેંચવામાં આવે. ચીનની દાનત ભારતને યુદ્ધ જેવી સ્થિતિમાં ઘેરવાની રહી છે. ભારતે પોતાની શક્તિ અને કુશળ કૂટનીતિ દ્વારા પહેલગામ આતંકી હુમલાનો બદલો પણ લીધો અને ફરીથી પોતાની આર્થિક વિકાસની ગતિ તેજ કરવાની શરૂઆત પણ કરી દીધી. યુદ્ધની સતર્કતા અને આર્થિક માપદંડ એક સાથે આગળ વધતા દેખાવા લાગ્યા. બાહ્ય તાકાતોને એ બધું ખટકવા લાગ્યું, ખાસ કરીને ચીનને. તેથી ચીન પાકિસ્તાનની મદદથી ભારતના ઉત્ત-પૂર્વ સીમા પર ભારત વિરોધી ટીમ બનાવવા લાગ્યું છે, જેમાં બાંગ્લાદેશની કઠપૂતળી સરકાર મોહરું બની રહી છ અને સ્ટુડન્ટ્સ વિંગને ભારત વિરુદ્ધ તૈયાર કરી રહી છે. સંસાધન ચીન દ્વારા મોકલાઈ રહ્યા છે, ટ્રેનિગ પાકિસ્તાન દ્વારા અપાઈ રહી છે અને જમીન બાંગ્લાદેશ અને મ્યાંમારની પ્રયોગ કરાય છે. આજે દુનિયાની નજરો ભારતની પશ્ચિમી સીમા પર છે, ચર્ચા કાશ્મીરની થઈ રહી છે, પરંતુ મંચ પૂર્વ સીમા પર તૈયાર કરાઈ રહ્યો છે. તેથી તે ભારત માટે ચિંતાનો વિષય છે. રાજકીય અસ્થિરતા અને સામાજિક અસંતોષના વધતા પ્રભાવે કેટલાય છાત્ર સંગઠનોને હિંસક ગતિવિધિઓ માટે પ્રેરિત કર્યા.

પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈએ બાંગ્લાદેશમાં ગતિવિધિઓ વધારી દીધી છે, જેનાથી ભારતની પૂર્વોત્તર સીમા પર ખતરો વધી ગયો છે. આઈએસઆઈ બ ાંગ્લાદેશને આતંકી ગતિવિધિઓ માટે લોન્ચપેડ રૂપે ઉપયોગ કરવાની કોશિશ કરી રહી છે. બાંગ્લાદેશની પાકિસ્તાન અને ચીન સાથે વધતી નજદિકીઓએ ભારત માટે રણનીતિક પડકારો પેદા કર્યા છે. આ ત્રિકોણીય ગઠબંધન ભારતની ક્ષેત્રીય સ્થિતિને કમજોર કરી શકે છે. મ્યાંમારમાં ચાલી રહેલા ગૃહયુદ્ધ દરમ્યાન ભારતના પૂર્વોત્તર રાજ્યોના કેટલાય વિદ્રોહી સમૂહોએ મ્યાંમારમાં શરણ લીધું છે અને ત્યાંની સૈન્ય જુંટા સાથે સમજૂતી કરી છે. આ સમૂહોને મ્યાંમારના ઉત્તરી પર્વતીય ક્ષેત્રોમાં ઠેકાણાં બનાવવાની અનુમતિ આપવામાં આવી છે, જેનાથી તે ભારત વિરુદ્ધ ગતિવિધિઓ સંચાલિત કરી શકે છે.

મ્યાંમારમાં ચાલી રહેલા ગૃહયુદ્ધ વચ્ચે ચીનની ભૂમિકા જટિલ અને બહુઆયામી રહી છે. બેજિંગે એક તરફ મ્યાંમારની સૈન્ય સરકાર (જુંટા)ને સમર્થન આપ્યું છે, ત્યાં જ બીજી તરફ કેટલાક જાતીય વિદ્રોહી સમૂહોની સાથે પણ સંપર્ક રાખ્યો છે. આ બેવડી રણનીતિનો ઉદ્દેશ્ય ક્ષેત્રમાં પોતાના આર્થિક અને રણનીતિક હિતોની રક્ષા કરવાનો છે. વિશ્લેષકોનું માનવું છે કે ચીન મ્યાંમારમાં 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ અપનાવી રહ્યું છે. તે એક તરફ સૈન્ય સરકારને સમર્થન આપે છે તો બીજી તરફ વિદ્રોહી સમૂહો સાથે પણ સંપર્ક રાખે છે. આ રણનીતિનો ઉદ્દેશ્ય મ્યાંમારમાં સ્થિરતા સ્થાપવાનો અને પોતાના આર્થિક હિતો જેમ કે બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટિવ પરિયોજનાની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે.

ભારતના પૂર્વોત્તર ક્ષેત્રમાં અસ્થિરતા અને ઉગ્રવાદની સમસ્યા લાંબા સમયથી ચાલી આવી છે, જેમાં બાહ્ય શક્તિઓની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહી છે. આ શક્તિઓએ વિભિન્ન રીતોથી ઉગ્રવાદી સમૂહોને સમર્થન પ્રદાન કર્યું છે, જેનાથી ક્ષેત્રીય સુરક્ષા અને સ્થિરતા પર પ્રતિકૂળ અસર પડી છે. ચીને ઐતિહાસિક રૂપે પૂર્વોત્તર ભારતના ઉગ્રવાદી સમૂહોને સમર્થન પ્રદાન કર્યું છે. હાલનાં વર્ષોમાં, ચીન પર મ્યાંમાર સ્થિત વિદ્રોહ સમૂહોના માધ્યમથી ભારતીય ઉગ્રવાદીઓને હથિયાર અને શરણ આપવાનો આરોપ લાગ્યો છે. મ્યાંમારની સીમા સાથે જોડાયેલા ક્ષેત્રોમાં કેટલાય ઉગ્રવાદી સમૂહોએ પોતાનાં ઠેકાણાં બનાવ્યાં છે.

વસ્તુતઃ ચીન ભારતની સીમાઓ પર અસ્થિરતા કેમ ઈચ્છે છે? ચીન ઈચ્છે છે કે ભારત સીમાવર્તી ક્ષેત્રો, વિશેષ રૂપે લદ્દાખ, અરુણાચલ પ્રદેશ, સિક્કિમ અને પૂર્વોત્તર રાજ્યોમાં સતત સૈન્ય અને રાજકીય દબાણમાં રહે. તેનાથી ભારત પોતાના અન્ય રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હિતો પર પૂરું ધ્યાન ન આપી શકે. ભારતને દિક્ષણ ચીન સાગર, ઈન્ડો-પેસિફિક રણનીતિ, તાઈવાન મુદ્દે કે ક્વોડ જેવી પહેલોમાં પ્રમુખ ભૂમિકાથી રોકવું. ચીનની દિક્ષણ એશિયામાં ખેલ એક બહુસ્તરીય રણનીતિ છે જે ભૂરાજનીતિ, ભૂઅર્થશાસ્ત્ર, સૈન્ય કૂટનીતિ અને રણનીતિક દબાણો પર આધારિત છે. ચીન નિશ્ચિત રૂપે એક મોટી આર્થિક અને સૈનિક તાકાત છે. ચીનની દાનત બંગાળની ખાડીમાં પોતાની શક્તિને મજબૂત બનાવવાની છે. પરંતુ આ જ દોરમાં ભારતે પણ પોતાની સૈન્ય શક્તિનો પરિચય આપ્યો છે, જેનાથી વિશ્વ ચકિત છે. આજે ભારત પ્રત્યે અમેરિકા અને પશ્ચિમની બેવડી નીતિ પણ ઉઘાડી પડી છે. પરમાણુ પરીક્ષણ બાદ પણ આ દેશોની દાનત અને દષ્ટિ એવી જ હતી, જેવી આજે છે. પરંતુ કેટલાક મહિનામાં શંકાનાં વાદળો દૂર થયાં અને ભારતનો મહિમા સ્થાપિત થયો. વિશ્વ શાંતિની ભારતીય અવધારણા માટે આ પરીક્ષાની ઘડી છે, ત્યાં જ આર્થિક વિકાસ પણ જરૂરી છે. એવામાં ચીન ભારતને પરેશાન કરતું રહેશે, તેથી તેનાથી બચાવના ઉપાયો પણ કરવા જ પડશે.

## જે પ્રજા પાસે સંયોજક બળો કરતા વિભાજક બળો વધારે હોય તે દુર્બળ થાય તે સ્પષ્ટ વાત છે.

# કદી સંપૂર્ણ સમાજ કે સંપૂર્ણ રાષ્ટ્રના હિતોનો વિચાર કર્યો જ નથી

### ઉત્તમ સમાજરચના કહેવાય તો અધમતા માટે જગ્યા ક્યાં રહેશે? સેતાન બિચારો ક્યાં બેસશે? આવી સમાજરચનાને પાછી ઇશ્વરીય વ્યવસ્થા કહેવામાં આવે તો જુહ્ણાણાને પણ લાજી મરવું પડે.

હિન્દુ પ્રજા ધાર્મિક તથા આધ્યાત્મિક ક્ષેત્રે વિશ્વની સૌથી વધુ અસ્પષ્ટ તથા અવ્યવસ્થિત પ્રજા છે. અસંખ્ય શાસ્ત્રો, અસંખ્ય માન્યતાઓ અને અસંખ્ય મહાપુરુષો દ્વારા પ્રશાસિત હોવાથી આવી સ્થિતિ થઈ છે. ઈશ્વરવાદ તથા અનીશ્વરવાદ, હિંસા અને અહિંસા, યજ્ઞો અને યોગ, ભક્તિ અને અમર્યાદ ભોગ-આ બધું એકસાથે જોવા મળી શકે છે. આ વ્યવસ્થાથી તે દુર્બળ થઈ છે. ધર્મનું સ્વરૂપ અને માન્યતાઓ બાબત પ્રત્યેક ગામમાં અરે, કેટલીક વાર તો પ્રત્યેક ઘરમાં જુદા જુદા સ્વરૂપો જોવા મળે છે. આજે ભારતમાં જ લગભગ વીસ હજાર જેટલા સંપ્રદાયો, પંથો તથા મંડળો વગેરે અસ્તિત્વ ધરાવે છે.

જે પ્રજા પાસે સંયોજક બળો કરતા વિભાજક બળો વધારે હોય તે દુર્બળ થાય તે સ્પષ્ટ વાત છે. માત્ર ધાર્મિક પંથો કે મંડળોથી જ પ્રજા વિભાજિત નથી, પણ તેટલા જ પ્રમાણમાં સમાજરચનાથી પણ તે વિભાજિત છે. વિશ્વમાં ક્યાંય જોવા નહિ મળે તેવી સમાજરચનાથી પણ તે વિભાજિત છે. વિશ્વમાં ક્યાંય જોવા નહિ મળે તેવી સમાજરચના અહીં કરવામાં આવી છે. ચાર વર્ણોને ઈશ્વરીય રચના માનીને પછી અઢાર વર્ણો કરવામાં આવ્યા. તે પછી અસંખ્ય જાતિઓ, જ્ઞાતિઓ, ગોળો, ગોત્રો, કુળો વગેરે વગેરે દ્વારા પ્રજાને વધુ ને વધુ વિભાજિત કરવામાં આવી. આવી સમાજરચના કરનારાઓએ કદી સંપૂર્ણ સમાજ કે સંપૂર્ણ રાષ્ટ્રના હિતોનો વિચાર કર્યો જ નથી. મારી આજીવિકા અને મારી પ્રતિષ્ઠા દઢ થાય એ જ તેનું લ-ય રહ્યું છે.

હિન્દુ પ્રજાના દુર્ભાગ્યનું સુકાન ધર્મથી આજીવિકા ચલાવનારા માણસોના હાથમાં રહ્યું. આ લોકોએ પોતાની બેઠી આજીવિકા ચાલે તે માટે અસંખ્ય ધર્મકાંડો, વિધિઓ, વિધાનો વગેરે કર્યા. ધર્મને જીવન માટે સુવ્યવસ્થા તથા સમાજને સાધનારું તત્વ બનાવવાની જગ્યાએ પેટપોષણનું માધ્યમ બનાવ્યો. આવું કરનાર માટે કેટલાક અનિષ્ટોને સ્થાપિત કરવા જરૂરી હતા. પ્રથમ અનિષ્ટ તે વર્ણવ્યવસ્થા. બીજું અનિષ્ટ તે વર્ણવ્યવસ્થાને ઈશ્વરરચિત મનાવવાની વૃત્તિ. ત્રીજું અનિષ્ટ તે આવી વ્યવસ્થાનું નામ જ ધર્મ, આવી વ્યવસ્થાને શિથિલ કરવી કે તોડવી તેનું નામ અધર્મ.

આ ત્રણે અનિષ્ટોને સુરિક્ષત રાખવા ઋષિઓના નામે સ્મૃતિ વગેરે શાસ્ત્રો રચાયા. પોતાના જ રચેલા પક્ષપાતી શાસ્ત્રોની વ્યાખ્યા કરવાનો એકમાત્ર પોતાને જ અધિકાર છે તેવું ઠસાવાયું. આ કાર્ય વ્યાસપીઠ ઉપરથી થઈ શકતું એટલે વ્યાસપીઠ ઉપર માત્ર પોતે જ બેસી શકે, અન્યથી બેસાય નહિ તેવી અધિકારવાદી વ્યવસ્થા કરાઈ. આ બધાનું પરિણામ એ આવ્યું કે સમગ્ર પ્રજા ધાર્મિક અંધકારમાં ડૂબી ગઈ. કાશીમાં કરવત અપાવા લાગી, પ્રયાગરાજમાં અક્ષયવટ ઉપરથી કુદાવીને મોક્ષ અપાવા લાગ્યો, જગન્નાથ પુરીમાં રથ નીચે કચડાઈ મરવાથી મોક્ષ અપાવા લાગ્યો. મંદિરોમાં દેવદાસીઓ ઊભરાવા લાગી. દરિદ્ર માનવીને ન તો મંદિરમાં પ્રવેશ મળતો કે ન તો કોળિયો અન્ન મળતું. જન્મજાત પવિત્રતાની એકાધિકારિતા એક નિશ્ચિત વર્ણમાં આવી ગઈ. કેટલાક વર્ણોને પાપયોનિ કહેવાયા. સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રોને અપવિત્ર મનાયા. 'સ્ત્રીયાં વૈશ્યાસ્તથા શૂદ્રસ્તેડપિ યાન્તિ પરાં ગતિમ્ ।' (ગીતા)

કોઈપણ સમાજમાં કોઈપણ વર્ણ કે વર્ગને જન્મજાત અપવિત્ર સાબિત કરવામાં આવે પછી તેની સામાજિક તથા ધાર્મિક અવનતિ નિશ્ચિત થઈ જતી હોય છે. સામાજિક તથા ધાર્મિક અવનતિનું પરિણામ આર્થિક તથા રાજકીય ક્ષેત્રે પણ પડતું હોય છે. જેને જોડા આગળ પણ બેસવાનો અધિકાર ન હોય તેને રાજ્ય સિંહાસને કોણ બેસવા દે? પ્રજાના પૂરા અધિકારો, હકો તથા લાભો મુઠ્ઠીભર માણસો પાસે એકત્રિત થઈ જાય અને બાકીની પ્રજા અધિકારો તથા હકોથી વંચિત રહી જાય તેવી સમાજરચના

ઉત્તમ સમાજરચના કહેવાય તો અધમતા માટે જગ્યા ક્યાં રહેશે? સેતાન બિચારો ક્યાં બેસશે? આવી સમાજરચનાને પાછી ઈશ્વરીય વ્યવસ્થા કહેવામાં આવે તો જુહ્ણાણાને પણ લાજી મરવું પડે. પણ, આ બધું અહીં થયું, થઈ રહ્યું છે અને તેના પરિણામ આખી પ્રજા ભોગવી રહી છે. હિન્દુ પ્રજાની મૂળ દુર્બળતા તેની વિભાજિત સમાજરચના છે, વર્ણવાદ છે.

કાશી એટલે વિદ્યાનગરી. પણ આ વિદ્યાએ રાષ્ટ્રીય, ધાર્મિક કે સામાજિક ક્ષેત્રની અવ્યવસ્થા, અન્યાય દૂર કરવા ખાસ પ્રયત્નો કર્યા હોય તેવું સાંભળ્યું નથી. મારું તાત્પર્ય સંસ્કૃત વિદ્યાના જુનવાણી પંડિતો પ્રત્યે છે. મહાત્મા ગાંધીજી તેમને અસ્પૃશ્યતાનિવારણના તત્વને સમજાવવા આવેલા અને કર જોડીને વિનંતી કરેલી પણ અહીંના વિદ્વાનોએ તેમને અશાસ્ત્રજ્ઞ કહી તેમની ઉપેક્ષા કરેલી. આ જ નગરીમાં કબીર, તુલસી વગેરે કેટલાય સંતો થયેલા અને તેમની દિવ્ય વાણી પ્રસરેલી પણ જુનવાણી વર્ગ સામે પક્ષે રહ્યો. તેથી તેમનો યોગ્ય સુધારો ન થઈ શક્યો.



## 'કન્નપા'ના ડિરેક્ટર વિષ્ણુ માંચુનો તેના ભાઈ મનોજ પર ફિલ્મની ફૂટેજ ચોરવાનો આક્ષેપ

તેલુગુ ફિલ્મ ડિરેક્ટર વિષ્ણુ માંચુએ તેના ભાઈ મનોજ માંચુ પર તેની આવનારી ફિલ્મ 'કન્નપા'ની ફૂટેજ સાથેની હાર્ડ ડિસ્ક ચોરવામાં સંડોવણી હોવાનો આક્ષેપ કર્યો છે. કેટલાંક અહેવાલો અનુસાર ચેન્નઈમાં એક મીડિયા ઈન્ટરેક્શન દરમિયાન પોતાની ફિલ્મનું પ્રમોશન કરતા વિષ્ણુ માંચુએ દાવો કર્યો કે કેટલાંક મહત્વના વીએફએક્સના સીનવાળી હાર્ડ ડિસ્ક ચોરાઈ ગઈ છે. કેટલાંક અહેવાલો અનુસાર, મુંબઈના હાઈવ સ્ટુડિયોમાંથી આ હાર્ડ ડિસ્ક તેના પિતા મોહન બાબુના ઘરે, ફિલ્મ નગર, હૈદ્રાબાદ ખાતે મોકલવામાં આવી હતી. માંચુના ભાઈ માટેના પેકેજ પણ આ જ સરનામે આવતા હોય છે. આ ડિસ્ક રઘુ અને ચરિથા નામના બે લોકોએ લીધી હતી, પછી એ ખોવાઈ ગઈ છે. વિશ્ણુનો દાવો છે કે, આ બે લોકો મનોજ સાથે સંકળાયેલાં છે, રઘુ મનોજનો પીએ છે અને ચરિથા તેની ઓફિસમાં કામ કરે છે. લગભગ ચાર અઠવાડિયા પહેલાં આ ઘટના બની હતી, પરંતુ વારંવાર શોધ્યા પછી ન મળતાં અને મનોજનો વારંવાર સંપર્ક કરવાના નિષ્ફળ પ્રયત્ન પછી ફિલ્મની ટીમે પોલીસ ફરિયાદ નોંધાવી છે. વિષ્ણુએ એવી પણ ચિંતા વ્યક્ત કરી છે કે તેની ફૂટેજ લીક થઈ શકે છે, જોકે, તેની હાર્ડ ડિસ્ક પાસવર્ડ ધરાવે છે, તેથી કોઈ તેનો ગેરકાયદેસર ઉપયોગ કરે તેવી શક્યતા ઓછી છે. તેથી તેમણે દર્શકોને વિનંતિ કરી છે કે કોઈ પણ પ્રકારનું લીક કન્ટેન્ટ આવે તો ન જુએ કારણ કે આ ફિલ્મ બનાવવા માટે તેમણે ખુબ જ પ્રયત્ન કર્યા છે.વિષ્ણુ માંચુએ કહ્યું, "તમે બધાં જ જાણો છો કે અમારા પરિવારની અંદર શું બન્યું છે. અમે અમારા મિત્રો મારફતે મનોજનો સંપર્ક કરવા પ્રયત્ન કર્યા પરંતુ અમે સંપર્ક કરી શક્યા નહીં. અમને ખબર નથી કે તેમણે એ ચોરી કે પછી કોઈના હુકમનું પાલન કર્યું. અમારા આ પ્રયત્નો પછી અમારે પોલિસ ફરિયાદ નોંધાવી પડી છે."કન્નપ્પા એક શિવભક્ત યોદ્ધાની દંતકથા આધારીત ફિલ્મ છે, જેમાં મોટી સ્ટારકાસ્ટ સાથે વીએફએક્સ પાછળ પણ ઘણો ખર્ચ કરવામાં આવ્યો છે. આ ફિલ્મ ૨૭ જુને થિએટરમાં રિલીઝ થવાની છે.

# 'ઉંમરલાયક મહિલાને ફિલ્મ ઇન્ડસ્ટ્રીની સરખામણીએ રાજકારણ વધુ સ્વીકારે છે'

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક્ટ્રેસની વધતી ઉંમર સાથે તેને મળતા યોગ્ય રોલની સંખ્યા પણ ઘટતી જાય છે, આ અંગે અવાર-નવાર ચર્ચા થતી રહે છે. હવે આ ચર્ચામાં કંગના રણૌત પણ જોડાઈ છે, તેણે વધતી ઉંમર અને રાજકારણ અંગે વાત કરતા કહ્યું કે રાજકારણમાં ઉમર વધે તેનો સહજ સ્વીકાર કરવામાં આવે છે.

એક્ટરમાંથી સાંસદ બનેલી કંગના રણૌતે તાજેતરમાં પોતાના ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરીની એક સિરીઝ પોસ્ટ કરી હતી. તેણે કર્લી વાળ સાથેની તસવીરો શેર કરીને તે વધતી ઉંમરને કઈ રીતે માણે છે, તે અંગે લખ્યું, "મારા યાત્રી આત્માને ક્યારેય ઉંમરવ વધવાનો ડર લાગ્યો નથી. પરંતુ જ્યારે મારા ફિલ્મના ક્રૂએ મારા સફેદ વાળ જોયાં કે એ લોકો ચિંતામાં પડી ગયાં અને મસ્કરા અને કલર સ્પ્રેનો ઉપયોગ કરવા લાગ્યા. હું એવી જગ્યાએ ખુશ છું, જ્યાં મારી ઉમર, ચહેરો કે શરીર મારામાંથી કશું લઈ લેતું નથી. ઉમર વધવાની પણ એક મજા છે."

આ પછી કંગનાએ વધતી ઉમર સાથે રાજકારણ અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં રહેવામાં દેખાવનું કેટલું મહત્વ છે, તે અંગે સરખામણી પણ કરી હતી. તેણે લખ્યું, "તમને શું લાગે છે, રાજકારણ ઉમરલાયક મહિલાઓને ફિલ્મ ઈન્ડસ્ટ્રી કરતા વધુ સ્વીકારે છ? મને તો બિલકુલ એવું લાગે છે. આ ફોટોમાં કોઈ ફિલ્ટરનો ઉપયોગ કર્યો નથી, દિલ્હીમાં વધતી ઉંમરને પણ માણું છું. દુનિયામાં રહેવા માટે સૌથી સુંદર સ્થળ એ જ હોય છે, જ્યાં તમે કેવા છો અને તમને લોકો કઈ રીતે જુએ છે, એમાં કોઈ ભેદ ન હોય."

કંગના હાલ હિમાચલના મંડીમાંથી ભાજપની સાંસદ છે. છેલ્લે કંગનાની 'ઈમરજન્સી' રિલીઝ થઈ હતી., જેમાં તેણે ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીનું પાત્ર ભજવ્યું છે. આ ફિલ્મમાં તેનો અભિનય વખણાયો પરંતુ ફિલ્મ ચાલી નહોતી. હવે તે હોલિવૂડ ડેબ્યુની તૈયારીઓ કરી રહી છે.

**એક્ટરમાંથી સાંસદ બનેલી કંગના રણૌતે તાજેતરમાં પોતાના ઇન્સ્ટાગ્રામ પર સ્ટોરીની એક સિરીઝ પોસ્ટ કરી હતી. તેણે કર્લી વાળ સાથેની તસવીરો શેર કરીને તે વધતી ઉંમરને કઈ રીતે માણે છે, તે અંગે લખ્યું, "મારા યાત્રી આત્માને ક્યારેય ઉંમરવ વધવાનો ડર લાગ્યો નથી. પરંતુ જ્યારે મારા ફિલ્મના ક્રૂએ મારા સફેદ વાળ જોયાં કે એ લોકો ચિંતામાં પડી ગયાં અને મસ્કરા અને કલર સ્પ્રેનો ઉપયોગ કરવા લાગ્યા.**





# શબીર આહલુવાલિયા અને આશી સિંહ તમને 'ઉફ્ફ... યે લવ હૈ મુશ્કિલ'ની સફર પર લઈ જશે

**શબીર અહલુવાલિયાએ યુગ સિંહા પાત્ર વિશે વાત કરતા કહ્યું, "યુગ વિશે મને જે બાબત ખાસ ગમે છે તે એ કે,ઘણી બાબતો અનુભવે છે પણ તેને બહાર બતાવતા ખચકાય છે.**

હળવા અને પારિવારિક મનોરંજનના અનોખા મિશ્રણ માટે જાણીતી ચેનલ છે. સોની સબતેના નવીનતમ રોમેન્ટિક-કોમેડી ફેમિલી ડ્રામા 'ઉફ્ફ... યે લવ હૈ મુશ્કિલ'લઈને આવી રહી છે. તેમાં યુગ સિંહા (શબીર આહલુવાલિયા) અને કૈરી શર્મા (આશી સિંહ) બે વિરોધાભાસી પાત્રોછે, જે સંપૂર્ણપણે અલગ દુનિયાના છેઅને એક વિચિત્ર પરિસ્થિતિના કારણે એકસાથે આવી જાય છે.આ શોમાં શબીર આહલુવાલિયા એક એવો માણસ જેની નબળાઈઓથી ભરેલી વ્યક્તિ છે. આશી સિંહ, કૈરીની ભૂમિકામાં હૂંફ અને ઉત્સાહજનક પાત્ર ભજવે છે, એક છોકરી જે પોતાના દિલની વાત કહે છે અને જીવનનો ખૂબ જ આશાવાદ સાથે સામનો કરે છે.

શબીર અહલુવાલિયાએ યુગ સિંહા પાત્ર વિશે વાત કરતા કહ્યું, "યુગ વિશે મને જે બાબત ખાસ ગમે છે તે એ કે,ઘણી બાબતો અનુભવે છે પણ તેને બહાર બતાવતા ખચકાય છે. તે પ્રોફેશનલ લાઈફમાં એક સન્માનીય વ્યક્તિ છે, પરંતુ અંગત જીવનમાં સંઘર્ષ કરી રહ્યો છે."

આશા સિંહ, જે કૈરી શર્માની ભૂમિકા ભજવે છે, તેણે જણાવ્યું, "કૈરી જીવન, આશા અને દઢ વિશ્વાસથી ભરેલી છે - તે એવી વ્યક્તિ છે જે ખરેખર પ્રેમ, હેતુ અને પોતાનો રસ્તો પોતે બનાવવામાં માને છે. તેના પાત્રમાં મને જે ગમે છે તે, છે કે તે સંવેદનશીલ બનવાથી ડરતી નથી, છતાં તે પોતાનાંવિચારોથી મજબૂત છે. તે એક એવી વ્યક્તિ છે પોતાની નબળાઈઓ બંધ બારણે જ બતાવશે.

છતાં મુશ્કેલીનો મજબુતાઈથી સામનો કરશે."૯ જૂનથી શરૂ થતો આ શો સોમવારથી શનિવાર રાત્રે ૮ વાગ્યે સોની સબ પર પ્રસારિત થશે, જે દર્શકોને મજા, પ્રેમ અને જીવનની રોજિંદા ઉથલપાથલનું આકર્ષક મિશ્રણ આપવાનું વચન આપે છે.

# હાઉસફુલ ૫ને બે ક્લાઈમેક્સ સાથે રિલીઝ કરવાનો અખતરો ચાલશે?

અક્ષય કુમારની સાથે મોટી કાસ્ટ ધરાવતી ફિલ્મ 'હાઉસફુલ ૫'નું ટ્રેલર લોંચ થઈ ચૂક્યું છે. આ પિલ્મના પ્રોડ્યુસર સાજિદ નડિયાદવાલાએ કન્ફર્મ કર્યું છે કે આ ફિલ્મ બે વર્ઝન સાથે રિલીઝ થશે. તેણે કહ્યું, "જો તમે ગાએટી જોશો તો તમને દેખાશે કે એક પાત્ર ખુનીનો રોલ કરે છે, પણ જો તમે ગેલેક્સી જોશો તો તમને બીજું કોઈ ગુનેગાર હોય એવું લાગશે. પીવીઆરના ઓડી ૪માં તમારે કોઈ એક ખુની હશે પણ પીવીઆરના ઓડી ૫માં તમને કોઈ બીજું ખુની જોવા મળશે. એ જ ઓડિટોરીયમમાં બીજા કોઈ શોમાં કોઈ બીજો કલાકાર ખુની હોઈ શકે છે. સમગ્ર દુનિયામાં ફિલ્મમાં પહેલી વખત આવી ઘટના બનશે."



આ અંગે ફિલ્મના ટ્રેડ એક્સપર્ટના અલગ અલગ મત છે, કોઈ માને છે કે આ અભિગમ ફિલ્મના વેપારનો ખેલ સદંતર બદલી નાખશે, તો કોઈએ એવું કહ્યું કે આ રીતે તો ફિલ્મ ફ્લોપ થવાની શક્યતા વધારે છે.

આ અંગે ટ્રેડ એક્સપર્ટ તરણ આદર્શે જણાવ્યું, "લોકો આ રીતની ફિલ્મને કેવો પ્રતિસાદ આપે છે એ જોવાનું રહ્યું. મને નથી લાગતું પહેલાં ક્યારેય આવું બન્યું હોય. લોકોએ બે એન્ડ શૂટ કર્યા હોય, જેમકે ૧૯૭૫માં શોલેમાં કેવો અંત હતો. પરંતુ હાઉસફુલ ૫માં એ લોકોએ બે અલગ ફિલ્મ બનાવી અને એ દર્શકોને બતાવશે પણ ખરા. તો એ ઘણું રસપ્રદ રહેશે."

તેમણે આગળ જણાવ્યું, "મને તો ફિલ્મ બે વખત જોવી ગમશે, મારે જોવું છે કે બીજી ફિલ્મના અંતમાં શું થશે. જોકે, બધું જ ફિલ્મના કન્ટેન્ટ પર આધાર રાખે છે. બાકી લોકો એક જ વખત જોશે. ફિલ્મ એવી હોવી જોઈએ, જે બે વખત જોવી ગમે. કારણ કે ખરો ખુની કોણ છે એ તો અંતમાં જ ખબર પડશે. તેથી ફિલ્મની વાર્તા યાદ રાખવા માટે તેની વાર્તા પણ જકડી રાખે એવી હોવી જોઈએ."

હોલિવૂડમાં ૧૯૮૫માં હૂડયુનિટની ફિલ્મ

ક્લ્યુમાં આ રીતે એકથી વધુ એન્ડ આપવામાં આવ્યા હતા, પરંતુ ત્યાંના દર્શકોએ આ ફોર્મેને નકારી કાઢ્યું હતું. નડિયાદવાલા આ અંગે જણાવ્યું, "એક જ ફિલ્મના એકથી વધુ અંત અને અનુભવનો વિચાર છેલ્લા ૩૦ વર્ષથી મારા મગજમાં હતો. મારે હાઉસફુલ ૫ થ્રિલર કોમેડી બનાવવી હતી, તેથી મારા આ વિચાર પર અમલ કરવાનો આથી સારો કોઈ વિકલ્પ નહોતો."

જ્યારે પીવીઆર ઈનોક્સના ચીફ ઓફ બિઝનેસ કમલ જ્ઞાનચંદાનીએ જણાવ્યું, "અમારા દરેક થિએટરમાં ફિલ્મના બંને વર્ઝન દર્શાવાશે, તેનાથી ફિલ્મ જોવા જનારા લોકોને વધુ વિકલ્પ મળશે, વધુ લોકો તેમાં જોડાશે, લોકોને થિએટરમાં પાછા આવવાના વધુ વિકલ્પો મળશે."

ટ્રેડ એનાલિસ્ટ અતુલ મોહને જણાવ્યું, "સિનેમાના ઈતિહાસમાં આવું ક્યારેય બન્યું નથી. આ નવો વિચાર છે તેથી તેમાં શંકાઓ તો રહેવાની.

# ભારત-પાક તણાવ મુદ્દે કેટલાક બોલિવૂડ સ્ટાર્સ શું કામ મૌન છે?

શું ભારત-પાક તણાવ વચ્ચે પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરતા પહેલા કેટલાક બોલિવૂડ સ્ટાર્સ તેમના વ્યવસાયનું ભવિષ્ય જોઈ રહ્યા છે? જી હાં, એવું જ કંઈક છે. ફિલ્મ ગદરના દિગ્દર્શક અનિલ શર્માએ ઝી ન્યૂઝ સાથે વાત કરતાં આ વાત પર ભાર મૂક્યો છે, પરંતુ આ પહેલા કેઆરકેએ ઓપરેશન સિંદૂર પર ખાન સ્ટાર્સ તરફથી કોઇ પ્રતિભાવ ન મળવાને કારણે આવી જ આશંકા વ્યક્ત કરી હતી.

હવે ગદર-૨ના દિગ્દર્શક અનિલ શર્માએ સ્પષ્ટ કર્યું છે કે ઘણા બોલિવૂડ સ્ટાર્સ પાકિસ્તાન વિશેકંઇ પણ આકરું બોલતા પહેલા ઘણી વાર વિચારે છે.

પરંતુ છેલ્લાં ૭૮ વર્ષોમાં આ પહેલી વાર નથી જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ થયો હોય કે ન તો પહેલી વાર આ તણાવને કારણે બોલીવૂડ ઉદ્યોગને અસર થઇ હોય. આ પહેલા પણ જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું છે અથવા આતંકવાદી ઘટનાઓને કારણે સરહદો પર તણાવ ઊભો થયો છે ત્યારે બોલિવૂડ ઉદ્યોગને હંમેશા તેની કિંમત ચૂકવવી પડી છે.

૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધો દરમિયાન બોલિવૂડ પર સેન્સરથી અને દેશભક્તિની ભાવના પર ભારે પ્રભાવ પડ્યો હતો. ત્યારે યુદ્ધ વખતે ભારતમાં મોટાભાગની ફિલ્મો પાકિસ્તાન વિરુદ્ધ દેશભક્તિની ભાવના ઉપસાવવા પર બની હતી. આવી ફિલ્મોનું પ્રદર્શન હંમેશાં મર્યાદિત હોય છે. પાકિસ્તાનમાં બીજી મનોરંજક ફિલ્મોની જેમ તેને ક્યારેય જોવામાં આવતી નથી.

જો કે તે સમયે ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઇ સીધો ફિલ્મ વેપાર નહોતો. તેથી તેની આર્થિક અસર અંગે કોઇ સત્તાવાર આંકડા ઉપલબ્ધ નથી.

પરંતુ કારગિલ યુદ્ધ દરમિયાન વર્ષ ૧૯૯૯માં પહેલી વાર બોલિવૂડ અને પાકિસ્તાન વચ્ચે સોફ્ટ ડિપ્લોમેસીના ટ્રેકને ઝાટકો લાગ્યો હતો. તે સમયે ગાયક અદનાન સામી અને અભિનેત્રી ઝેબા બખ્તિયારને લઇને બોલિવૂડમાં ભારે હંગામો થયો હતો.કારગિલ પછી પાકિસ્તાનમાં ભારતીય ફિલ્મોના વિતરણ પર માત્ર ઔપચારિક પ્રતિબંધ જ લાદવામાં આવ્યો ન હતો, પરંતુ જો કોઇ આવું કરતું જોવા મળે તો ભારે દંડની જોગવાઇ પણ કરવામાં આવી હતી. આ કારણોસર તે સમયે ભારતમાં કામ કરતાં પાકિસ્તાનના લગભગ બે ડઝન કલાકારોને સ્થાનિક રાજકીય કાર્યકરોએ હોબાળો મચાવીને રાતોરાત પાકિસ્તાન જવાની ફરજ પાડી હતી.જો કે દર વખતે પરિસ્થિતિ ધીમે ધીમે સામાન્ય થઇ જતી હોય છે. તેથી નવી સદીના બીજા દાયકાના મધ્ય સુધીમાં બોલિવૂડનો પાકિસ્તાની વેપાર ફરી શરૂ થઇ ગયો હતો. પરંતુ વર્ષ ૨૦૧૬માં ઉરી હુમલા બાદ ફરી બોલિવૂડમાં કામ કરતાં પાકિસ્તાની કલાકારો પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.રાહત ફતેહ અલી ખાન જેવા સ્ટાર ગાયક માટે પણ ભારતમાં રહેવું મુશ્કેલ બન્યું હતું. જ્યારે રાહત ફતેહ અલી ખાનના ભારતમાં લાખો ચાહકો છે. કરણ જોહરની ફિલ્મ 'એ દિલ હૈ મુશ્કિલ'માં ફવાદ ખાનની હાજરી લોકોને જરા પણ પસંદ આવી ન હતી. તેથી બાદમાં ફિલ્મને રિલીઝ કરતાં પહેલા આ ફિલ્મ સાથે એક દેશભક્તિનો વીડિયો પણ ઉમેરવામાં આવ્યો હતો.જો કે ૨૦૧૬ પછીથી અત્યાર સુધીમાં ભારત અને પાકિસ્તાનના સાંસ્કૃતિક સંબંધો એટલા ગાઢ બન્યા નથી કે ભારતીય ફિલ્મોમાં પાકિસ્તાની હાજરી મોટા પાયે અનુભવાઇ હોય. તેમ છતાં પહલગામ આતંકવાદી હુમલા સમયે તાજેતરમાં રિલીઝ થવા જઇ રહેલી એક ફિલ્મમાં ફવાદ ખાન જેવા પાકિસ્તાની હીરોની હાજરીને કારણે ફરી બોલિવૂડ વેપારના પૃષ્ઠને ખૂબ કાળજીપૂર્વક બંધ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.જે એ વાતનો પુરાવો છે કે ફિલ્મ ઉદ્યોગના લોકો જાણે છે કે ભાવુક ભારતીય સિનેમાના દર્શકો પાકિસ્તાન સાથે કોઇ પણ નિકટના સંબંધો ફિલ્મોમાં સ્વીકારી શકશે?.. અને આ જ કારણ કેટલાક ભારતીય કલાકારોની પાકિસ્તાનમાં રહેલી લોકપ્રિયતાને લઇને પણ છે. આ જ કારણ છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે રાજકીય સંબંધો તણાવમાં આવતા બોલિવૂડના સંબંધો અનેક ગણા વધુ તણાવપૂર્ણ બની જાય છે.



**જો કે તે સમયે ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઇ સીધો ફિલ્મ વેપાર નહોતો. તેથી તેની આર્થિક અસર અંગે કોઇ સત્તાવાર આંકડા ઉપલબ્ધ નથી.**

# બેંગલોર કે પંજાબઃ આઇપીએલને આજે નવી ચેમ્પિયન ટીમ મળશે

એક તરફ વિરાટ કોહલી લગભગ બે દાયકા સુધી રાહ જોયા બાદ હવે તેની કારકિર્દીની એક માત્ર બાકી રહી ગયેલી ટ્રોફીની નજીક પહોંચી ગયો છે તો બીજી તરફ પંજાબ કિંગ્સની ટીમ છે જે પણ ક્યારેય આઈપીએલ ટાઈટલ જીતી શકી નથી. હવે મંગળવારે રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને પંજાબ કિંગ્સ વચ્ચે અહીંના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ૨૦૨૫ની સિઝનની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ રમાશે જેમાં જીતનારી ટીમ પહેલી વાર આ

ટાઈટલ જીતશે. આમ મંગળવારે કોઈ પણ ટીમ જીતે પરંતુ વિશ્વની આ સૌથી લોકપ્રિય અને ધનાઢ્ય ટી૨૦ લીગ એટલે કે આઈપીએલને એક નવો ચેમ્પિયન મળશે. મંગળવારે સાંજે ૭.૩૦ કલાકથી ફાઈનલ મેચનો પ્રારંભ થશે.

રોયલ ચેલેન્જર્સ બેંગલોર આઈપીએલના ઈતિહાસમાં હંમેશાં પ્રતિભાશાળી અને વર્લ્ડ ક્લાસ ખેલાડીઓ ધરાવતી આવી છે પરંતુ તેને ક્યારેય ટ્રોફી નસીબ થઈ નથી. બીજી તરફ પંજાબ કિંગ્સની ટીમ પણ ક્યારેય આ ટી૨૦ લીગ જીતી શકી નથી પરંતુ આ બંને વચ્ચે ફરક એટલો જ છે કે પંજાબની ટીમનો કેપ્ટન શ્રેયસ ઐયર આઈપીએલ ટ્રોફી હાંસલ કરી ચૂક્યો છે. હજી ગઈ સિઝનમાં જ તેની આગેવાની હેઠળ કોલકાતા નાઈટ રાઈડર્સે ટાઈટલ જીત્યું હતું. આમ ઐયર માટે ઉપરા ઉપરી બે સિઝનમાં ટ્રોફી જીતવાની તક રહેલી છે.

વિરાટ કોહલીએ ટી૨૦ અને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે ત્યારે હવે તે લાંબા સમય માટે આ લીગમાં રમે તેવી શક્યતા નથી. તે ચોથી વાર આઈપીએલની ફાઈનલમાં રમી રહ્યો છે પરંતુ હજી સુધી તેની ટીમ ચેમ્પિયન બની શકી નથી. હવે મંગળવારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે તેના સમર્થકો ૧૮ નંબરની જર્સીમાં જોવા મળશે.

શ્રેયસ ઐયર સળંગ બીજા ટાઈટલ માટે આતુર હશે પરંતુ સાથે સાથે તેની ટીમે એ યાદ રાખવાનું છે કે હજી ચાર દિવસ અગાઉ રમાયેલી પ્રથમ ક્વોલિફાયરમાં બેંગલોર સામે તેની ટીમનો કારમો પરાજય થયો હતો. એ




મેચમાં પંજાબ કિંગ્સ તેની ૨૦ ઓવર પણ રમી શક્યું ન હતું અને માંડ ૧૦૦ રન સુધી પહોંચી શક્યું હતું જે ટારગેટ બેંગલોરે દસ ઓવરમાં જ વટાવી દીધો હતો.

વર્તમાન સિઝનમાં વિરાટ કોહલી શાનદાર ફોર્મમાં છે. તેણે અને ફિલ સોલ્ટે મળીને લગભગ તમામ મેચમાં બેંગલોરને મજબૂત પ્રારંભ અપાવ્યો હતો. કોહલી આઈપીએલ ૨૦૨૫માં ૬૧૪ રન ફટકારી ચૂક્યો છે. કોહલી વર્ષોથી તેની ટીમ માટે ભરપુર રન કરતો આવ્યો છે પરંતુ તેમ છતાં તેની ટીમના બાકીના બેટ્સમેન તરફથી કોહલીને પર્યાપ્ત સહકાર મળ્યો નથી તે પણ હકીકત છે.

આ વખતે કોહલીને ફિલ સોલ્ટ, મયંક અગ્રવાલ, કેપ્ટન રજત પાટીદાર અને જિતેશ શર્મા તરફથી મજબૂત સહકાર સાંપડ્યો છે. ક્વોલિફાયર અગાઉ લખનૌ સુપર જાયન્ટ્સ સામેની મેચમાં મયંક અગ્રવાલ અને જિતેશ શર્માએ ટીમને વિજય અપાવ્યો હતો.

રોયલ ચેલેન્જર્સ બેંગલોર માટે ટિમ ડેવિડ છેલ્લી બે મેચથી રમી શક્યો ન હતો હવે મંગળવારની ફાઈનલ માટે તે ફિટ છે કે નહીં તે જોવાનું રહેશે. અંતિમ ઓવર્સમાં ટિમ ડેવિડ ટીમ માટે ઉપયોગી બની શકે છે. જોકે તેને સ્થાને રોમારિયો શેફર્ડે અત્યાર સુધી યોગ્ય કામગીરી અદા કરેલી છે.

બેટિંગમાં કોહલી ટીમનો સફળ ખેલાડી છે તો બોલિંગમાં આ જવાબદારી જોશ હેઝલવૂડ અદા કરી રહ્યો છે. આ ઓસ્ટ્રેલિયન બોલરે આ સિઝનમાં ૨૧ વિકેટ ખેરવેલી છે અને ફાઈનલમાં પણ ટીમને તેની પાસેથી વધારે આશા રહેશે.

બીજી તરફ પંજાબ કિંગ્સે રવિવારે શાનદાર પ્રદર્શન કરીને પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સને હરાવીને આશ્ચર્ય સર્જ્યું હતું. મુંબઈના ૨૦૦+ના સ્કોર છતાં પંજાબે મજબૂત બેટિંગ કરીને છેક સુધી હિંમત હારી ન હતી. તેમાંય કેપ્ટન શ્રેયસ ઐયરે તોફાની બેટિંગ કરી હતી. તેણે પ્રારંભમાં વિકેટ બચાવવાની સાથે સાથે અંત ભાગમાં આક્રમક વલણ અપનાવ્યું હતું અને ૪૧ બોલમાં અણનમ ૮૭ રન ફટકાર્યા હતા જેમાં આઠ સિક્સરનો સમાવેશ થતો હતો. આ સાથે પંજાબે ૧૧ વર્ષના ગાળા બાદ પહેલી વાર આઈપીએલની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. છેલ્લે ૨૦૧૪માં તેણે ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો જ્યાં ગૌતમ ગંભીરની કોલકાતા નાઈટ રાઈડર્સ સામે તેનો પરાજય થયો હતો.આઈપીએલ ૨૦૨૫ની સિઝનમાં ૭૦ લીગ મેચ રમાયા બાદ પ્લે ઓફનો પ્રારંભ થયો હતો જેમાં મોખરાની બે ટીમ બેંગલોર અને પંજાબ આમને સામને થઈ હતી અને હવે ક્વોલિફાયર-૧માં રમેલી આ જ બે ટીમ વચ્ચે ફાઈનલ મેચ રમાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે મંગળવારની મેચના બે સુકાનીઓ રજત પાટીદાર અને શ્રેયસ ઐયર વચ્ચે ૨૦૨૪ના ડિસેમ્બરમાં સૈયદ મુસ્તાક અલી ટી૨૦ ટ્રોફીની ફાઈનલ રમાઈ હતી જેમાં પાટીદાર મધ્ય પ્રદેશ અને ઐયર મુંબઈની ટીમનો સુકાની હતો. અંતે મુંબઈની ટીમે મુસ્તાક અલી ટાઈટલ જીત્યું હતું. ઐયર આ સિઝનમાં ૬૦૦થી વધુ રન ફટકારી ચૂક્યો છે અને તેની ટીમમાં પણ પ્રતિભાશાળી ખેલાડીઓ સામેલ છે.

# બીજી વન-ડેમાં જો રૂટની સદી ઇંગ્લેન્ડનો શાનદાર વિજય

કેસી કાર્ટીની સદીની મદદથી વેસ્ટ ઈન્ડિઝે ૩૦૦+નો સ્કોર નોંધાવ્યો હોવા છતાં અનુભવી બેટ્સમેન જો રૂટે શાનદાર અણનમ ૧૬૬ રન ફટકારતાં ઈંગ્લેન્ડે રવિવારે અહીં રમાયેલી બીજી વન-ડે ક્રિકેટ મેચમાં પ્રવાસી વેસ્ટ ઈન્ડિઝ સામે ત્રણ વિકેટે વિજય હાંસલ કર્યો હતો. આ સાથે ઈંગ્લેન્ડે ત્રણ મેચની વન-ડે સિરીઝમાં ૨-૦ની અજેય સરસાઈ હાંસલ કરી લીધી હતી. ત્રીજી વન-ડે મંગળવારે ઓવલ ખાતે રમાયા બાદ છઠ્ઠીથી બંને વચ્ચે ત્રણ મેચની ટી૨૦ સિરીઝ રમાશે.

રવિવારની મેચમાં પ્રથમ બેટિંગ કરતાં વેસ્ટ ઈન્ડિઝે ૪૭.૪ ઓવરમાં ઓલઆઉટ થતાં અગાઉ ૩૦૮ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ઈંગ્લેન્ડે ૪૮.૫ ઓવરમાં સાત વિકેટ ગુમાવીને ટારગેટ વટાવી દીધો હતો.

ઈંગ્લેન્ડ માટે જો રૂટે ૧૩૯ બોલમાં ૨૧ ચોગ્ગા અને બે સિક્સર સાથે અણનમ ૧૬૬ રન ફટકાર્યા હતા તો તેના સિવાય કોઈ બેટ્સમેન અડધી સદી સુધી પણ પહોંચી શક્યો ન હતો. આમ છતાં ઈંગ્લેન્ડે ૫૦ ઓવર પહેલાં જ ટારગેટ પૂરો કરી નાખ્યો હતો. ઈંગ્લેન્ડ માટે રૂટ મહત્વનો પુરવાર થયો હતો કેમ કે આ કામગીરી આસાન ન હતી. તેમાં ય તેના બંને ઓપનર



જેમી સ્મિથ અને બેન ડકેટ ખાતું ખોલાવતાં પહેલા જ આઉટ થઈ ગયા હતા.

જો રૂટ અને કેપ્ટન હેરી બ્રુકે ત્રીજી વિકેટ માટે ૮૫ રન ઉમેર્યા હતા જેમાં બ્રુકનું યોગદાન ૪૭ રનનું રહ્યું હતું. તે આઉટ થયો ત્યાર બાદ તરત જ જોઝ બટલર આઉટ થયો હતો. આ વખતની આઈપીએલમાં ગુજરાત ટાઈટન્સ માટે નોંધપાત્ર બેટિંગ કરનારો બટલર શૂન્ય પર આઉટ થયો હતો. વિલ જેક્સે ૪૯ રન ફટકાર્યા હતા પરંતુ ઈંગ્લેન્ડને ટારગેટ સુધી પહોંચાડવાની જવાબદારી જો રૂટે એકલા હાથે ઉપાડી લીધી હતી.અગાઉ વેસ્ટ ઈન્ડિઝ માટે બ્રેન્ડન કિંગ, કેસી કાર્ટી અને કેપ્ટન શાઈ હોપે ઉમદા બેટિંગ કરી હતી. કિંગે ૬૭ બોલમાં ૫૯ રન ફટકાર્યા હતા તો કેસી કાર્ટીએ શાનદાર બેટિંગ કરીને ૧૦૫ બોલમાં ૧૦૩ રન ફટકાર્યા હતા જેમા ૧૩ ચોગ્ગાનો સમાવેશ થતો હતો. આ બંને કરતાં શાઈ હોપ વધુ આક્રમક રહ્યો હતો. તેણે ૬૬ બોલમાં ચાર સિક્સર સાથે ૭૮ રન ફટકાર્યા હતા.બંને વચ્ચે હવે મંગળવારે ત્રીજી વન-ડે રમાશે. ઈંગ્લેન્ડની ટીમ માટે આ સિરીઝ મહત્વપૂર્ણ છે કેમ કે ત્યાર બાદ તેને ભારત સામે પાંચ ટેસ્ટની સિરીઝ રમવાની છે.

# ઓસી. ક્રિકેટર ગ્લેન મેક્સવેલે વન-ડેમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી

ઓસ્ટ્રેલિયાના ક્રિકેટર ગ્લેન મેક્સવેલે સોમવારે વન-ડે ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી હતી. તે હવે માત્ર ટી૨૦ ક્રિકેટમાં ધ્યાન કેન્દ્રીત કરવા માગે છે કેમ કે આવતા વર્ષે તે ભારત અને શ્રીલંકામાં યોજાનારા ટી૨૦ વર્લ્ડ કપમાં ભાગ લેવા માગે છે. આમ ટી૨૦ વર્લ્ડ કપની તૈયારી માટે તેણે વન-ડેમાંથી નિવૃત્તિ લઈ લીધી છે.સોમવારે આ જાહેરાત કરતાં ગ્લેન મેક્સવેલે જણાવ્યું હતું કે તે માત્ર પોતાના સ્વાર્થ માટે રમવાનું જારી રાખવા માગતો નથી કેમ કે હાલમાં તેનું શરીર લાંબા સમય સુધી રમવા માટે સંઘર્ષ કરી રહ્યું છે.૩૬ વર્ષીય ગ્લેન મેક્સવેલ આક્રમક બેટ્સમેન રહ્યો છે પરંતુ મોટા ભાગે તેને નજરઅંદાજ કરવામાં આવ્યો હતો. આમ છતાં તે ઓસ્ટ્રેલિયા માટે ૧૪૯ વન-ડે રમ્યો હતો જેમાં તેણે ૩૯૯૦ રન ફટકાર્યા હતા. તેની કારકિર્દીમાં ગ્લેન મેક્સવેલે વન-ડે ક્રિકેટ ઈતિહાસની સર્વશ્રેષ્ઠ પૈકીની એક ઈનિંગ્સ રમી હતી.૨૦૨૩ના વર્લ્ડ કપમાં વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી અફઘાનિસ્તાન સામેની મેચમાં ૨૯૨ રનના ટારગેટ સામે રમતાં ઓસ્ટ્રેલિયાએ ૯૧ રનમાં સાત વિકેટ ગુમાવી દીધા બાદ મેક્સવેલે તોફાની બેટિંગ કરીને અણનમ બેવડી સદી ફટકારવાની સાથે ટીમને વિજય અપાવ્યો હતો. આ વિજયની મદદથી પેટ કમિન્સની ઓસ્ટ્રેલિયન ટીમે આગેકૂચ કરી હતી અને અંતે વર્લ્ડ




ચેમ્પિયન બની હતી. તેણે ૧૨૮ બોલમાં ૨૦૧ રન ફટકાર્યા હતા.ગ્લેન મેક્સવેલે જણાવ્યું હતું કે મને લાગે છે કે મારું શરીર યોગ્ય રીતે સપોર્ટ કરી રહ્યું નહીં હોવાને કારણે મારા પ્રદર્શનથી હું મારી ટીમ માટે અપેક્ષિત રમત દાખવી રહ્યો નથી. આમ મારા અંગત સ્વાર્થ માટે હું મારી કારકિર્દી આગળ ધપાવવા માગતો નથી.અમે ૨૦૨૭ના વર્લ્ડ કપ માટે તૈયારી કરી રહ્યા છીએ ત્યારે મેં તેમને કહી દીધું છે કે મને નથી લાગતું કે હું ત્યાં સુધી રમી શકું તેમ મેક્સવેલે ઉમેર્યું હતું.મેક્સવેલ તાજેતરમાં જ આઈપીએલમાં રમીને પરત ફર્યો છે જ્યાં તે પંજાબ કિંગ્સ માટે રમતો હતો પરંતુ તેની આંગળીએ ફ્રેક્ચર થતાં તેને ટુર્નામેન્ટ અધૂરી મૂકીને પરત આવી જવું પડ્યું હતું. મેક્સવેલની ગેરહાજરીમાં પંજાબ કિંગ્સે તેની આગેકૂચ જારી રાખી હતી અને હવે તેની ટીમ મંગળવારે આઈપીએલ ૨૦૨૫ ફાઈનલમાં રમનારી છે.ગ્લેન મેક્સવેલ વન-ડેમાં ૧૨૬નો સ્ટ્રાઈક રેટ ધરાવે છે જે વન-ડે ક્રિકેટનો બીજો સર્વોચ્ચ સ્ટ્રાઈક રેટ છે. તેની આગળ માત્ર કેરેબિયન આક્રમક બેટ્સમેન આન્દ્રે રસેલ છે. મેક્સવેલે વન-ડેમાં ચાર સદી અને ૨૩ અડધી સદી ફટકારી છે.

# એસજીવીપી ખાતે ભવ્ય સમારંભ સાથે સીપીએલ ૨૦૨૫નો દબદબાભેર પ્રારંભ

શહેરના એસજીવીપી ગ્રાઉન્ડ, છારોડી ખાતે શનિવારે સાંજે ગ્રાઉન્ડ્સ ખાતે ભવ્ય સમારંભ સાથે ક્રિકેટ પ્રીમિયર લીગ (સીપીએલ)ની બીજી સિઝનનો દબદબાભેર પ્રારંભ થયો હતો. ચિરિપાલ ગ્રૂપની પ્રમુખ પહેલ સીપીએલનો ઉદ્દેશ્ય ગુજરાતના ક્રિકેટપ્રેમીઓ અને તેમાં આગળ વધવા માગતા ખેલાડીઓને તક પૂરી પાડવા માટે એક પ્રોફેશનલ અને સ્પર્ધાત્મક પ્લેટફૉર્મ પૂરું પાડવાનો છે, જેથી તેઓ પ્રોફેશનલ મેચ ફોર્મેટમાં તેમની ઉત્કૃષ્ટ પ્રતિભાને રજૂ કરી શકે. આ ઓપનિંગ સેરેમનીમાં એસજીવીપીના વાઈસ પ્રેસિડેન્ટ પરમ પાવન શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની સાથે રાજ્યસભાના સાંસદ અને જીસીએના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ નરહરિ અમીન તથા ગુજરાતના ડિરેક્ટર જનરલ ઑફ પોલીસ (ડીજીપી) વિકાસ સહાય (આઈપીએસ) મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમની શરૂઆત પરંપરાગત દીપપ્રાગટ્યની સાથે થઈ હતી, જેના પછી તમામ છ ટીમે હાજર રહીને ટીમ ફોટો સેશન કરાવ્યું હતું. ભારતીય સશસ્ત્ર દળોની સાથે એકતા દર્શાવવા માટે ઓપરેશન સિંદૂરને સમર્થન પૂરું પાડવા પ્રતિકાત્મક રીતે ફુગ્ગા ઉડાવવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં વાત કરતાં નરહરિ અમીને આ પ્રકારના મોટા પાયે આટલી સારી ગુણવત્તાની ટુર્નામેન્ટ લૉન્ચ કરવા બદલ ચિરિપાલ ગ્રૂપના પ્રયાસોની પ્રશંસા



કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ‘ચિરિપાલ ગ્રૂપ જેવા ઉદ્યોગ સમૂહનું નેતૃત્ત્વ વંશ ચિરિપાલ અને રોનક ચિરિપાલના હાથમાં જોઈને ખૂબ જ આનંદ થઈ રહ્યો છે, જેઓ યુવાન ક્રિકેટરોને પ્રોત્સાહન આપી રહ્યાં છે અને પ્રોફેશનલ રીતે ક્રિકેટ રમવા માટે એક મંચ પૂરું પાડી રહ્યાં છે. તમે સીપીએલની બધી જ મેચ જોશો તો તમને ખ્યાલ આવશે કે તે ગુણવત્તાના મામલે આઈપીએલની સમકક્ષ છે અને તેમાં રમનારા ખેલાડીઓની ક્ષમતા પણ એટલી જ પ્રભાવશાળી છે.’ પોતાના સંબોધનમાં વિકાસ સહાયે રમતગમત સાથેના તેમના લાંબા જોડાણને યાદ કરતાં જણાવ્યું હતું કે, ‘સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત અને પ્રથમ ખેલ મહાકુંભની સાથે ખૂબ જ ઘનિષ્ઠતાથી જોડાયેલી એક વ્યક્તિ તરીકે આવી અદભૂત પહેલના સાક્ષી બનવાનો મને ખૂબ જ આનંદ છે, જેમાં યુવા પ્રતિભાઓને પ્રોફેશનલ ક્રિકેટ રમવાની તક પ્રાપ્ત થાય છે.

# પ્રો-કબડ્ડી લીગની હરાજીમાં અદાણીની ગુજરાત જાયન્ટ્સે સ્ટાર્સની ખરીદી કરી




પ્રો કબડ્ડી લીગ (પીકેએલ)ની તાજેતરમાં મુંબઈ ખાતે ૧૨મી સિઝનની મેગા હરાજી યોજાઈ હતી જેમાં અદાણી સ્પોર્ટ્સલાઈનની માલિકી ધરાવતી ગુજરાત જાયન્ટ્સે સફળતા સ્ટાર ખેલાડીઓને ખરીદવામાં સફળતા હાંસલ કરી હતી. આ હરાજીમાં ટીમ તરફથી હેડ કોચ જયવીર શર્મા અને આસિસ્ટન્ટ કોચ વરિન્દર સિંઘ સંધુએ હાજર રહીને યુવા અને અનુભવી ખેલાડીઓના મજબૂત મિશ્રણવાળી ટીમ તૈયાર કરી હતી.

૨૦૨૪ની સિઝનમાં લીગના સૌથી મૂલ્યવાન ખેલાડી રહેલા મોહમ્મદરેઝા શાદલૂ પ્રથમ દિવસે ટીમમાં માર્કી ખેલાડી તરીકે સામેલ થયો હતો. આ ઈરાની ખેલાડીને ટીમે ૨.૨૩ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો. જે ૨૦૨૫ની હરાજીનો સૌથી મોંઘો ખેલાડી રહ્યો હતો.

બે વખત પીએકએલની ચેમ્પિયન ટીમનો હિસ્સો રહી ચૂકેલા શાદલૂએ ૯૨ મેચમાં ૪૪૮ પોઈન્ટ્સ સ્કોર કર્યા છે, જેમાં ૯૪ રેઈડ પોઈન્ટ્સ અને ૩૫૪ ટેકલ પોઈન્ટ્સ સામેલ છે. તેના નામે ચાર સુપર રેઈડ્સ તથા ૧૯ સુપર ટેકલ અને ૩૨ હાઈ-ફાઈવ નોંધાયા છે. ગુજરાત જાયન્ટ્સે બીજા દિવસનો પ્રારંભ ઈરાની ડિફેન્ડર મિલાદ જબ્બારીને ૧૩.૬ લાખ રૂપિયામાં ખરીદીને કર્યો હતો. જે પછી તેમણે મોટી પસંદગી તરીકે નીતિન પનવારને ૧૩.૭ લાખમાં સામેલ કર્યો હતો જ્યારે રોહિત કુમારને ૧૧.૩ લાખમાં ટીમમાં સામેલ કર્યો હતો.

આ સાથે સ્કવૉડમાં વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ લકી શર્મા (૧૯.૫ લાખ), શુભમ કુમાર (૨૭.૪ લાખ), હિમાંશુ યાદવ (૯ લાખ), સુમિત (૯ લાખ), અમિત (૯ લાખ), કે. હરીશ (૯ લાખ), વિશવંથ વી. (૧૩ લાખ) અને અજીથ વી. કુમાર (૩૬.૩૦ લાખ) અને અંકિત (૯ લાખ)ને ટીમમાં સામેલ કરાયા હતા.

આ ઉપરાંત હિમાંશુ સિંઘ અને હિમાંશુ યાદવને એલિટ રિટેન્ડ પ્લેયર્સ હેઠળ રિટેન કરાયા હતા, જ્યારે ઈમજ'ગ સ્ટાર પ્રતિક દહિયા અને રાકેશને યંગ પ્લેયર્સે (આરવીપી) હેઠળ જાયન્ટ્સે રિટેન કર્યા હતા.

ગુજરાત જાયન્ટ્સ ટીમઃ રેઈડર્સઃ હિમાંશુ સિંઘ, હિમાંશુ, પ્રતિક દહિયા, રાકેશ, શ્રીધર આનંદા કદમ, કે.હરીશ, અજીથ વી.કુમાર, અંકિત. ડિફેન્ડર્સઃ શુભમ કુમાર, લકી શર્મા, રોહિત કુમાર, સુમિત, અમિત. ઓલ રાઉન્ડર્સઃ મોહમ્મદરેઝા શાદલૂ, મિલાદ જબ્બારી, હિમાંશુ યાદવ, વિશવંથ વી, નીતિન પનવાર.

# મેક્સવેલ બાદ હેનરિક ક્લાસે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી લીધી નિવૃત્તિ

મેક્સવેલ બાદ વિશ્વના સૌથી આક્રમક બેટિંગ માટે જાણીતા વધુ એક સ્ટાર ખેલાડીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે. સાઉથ આફ્રિકાના હેનરિક ક્લાસેને અચાનક જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી છે. હેનરિક ક્લાસેન પોતાના પરિવાર સાથે સમય પસાર કરવા માગતો હોવાથી તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહેવાનો નિર્ણય લીધો છે. વ્હાઈટ બૉલ ક્રિકેટમાં ક્લાસેન સૌથી આક્રમક બેટર ગણાય છે. ઓસ્ટ્રેલિયાના ધુઆંધાર ખેલાડી ગ્લેન મેક્સવેલે પણ આજે વન ડે મેચમાંથી સંન્યાસની જાહેરાત કરી છે.

હેન્રી ક્લાસેને ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી પોતાના રિટાયરમેન્ટની જાહેરાત કરી હતી. ક્લાસેને લખ્યું હતું કે, આ મારા માટે દુઃખદ દિવસ છે. મેં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે. મેં આ નિર્ણય લેવામાં ખૂબ સમય લીધો છે, મને લાગ્યું કે, મારા અને મારા પરિવારના ભવિષ્ય માટે આ જ નિર્ણય યોગ્ય છે. આ અત્યંત મુશ્કેલ નિર્ણય હતો. પરંતુ હું તેની સાથે સંતુષ્ટ છું. ક્લાસેન હવે માત્ર ફ્રેન્ચાઈઝી ક્રિકેટમાં જ રમતો જોવા મળશે. હાલ ક્લાસેન આઈપીએલમાં હૈદરાબાદ તરફથી રમતો જોવા મળ્યો હતો.

હેનરિકની અચાનક આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી વિદાય વર્લ્ડ ક્રિકેટ માટે મોટા ઝાટકા સમાન છે. તેણે પોતાના ટેસ્ટ કેરિયરમાં માત્ર ચાર મેચ રમી કુલ ૧૦૪ રન જ બનાવ્યા છે, પરંતુ વનડેમાં તેણે ૬૦ મેચમાં કુલ ૨૧૪૧ રન ફટકાર્યા છે. હેનરિક ચાર સદી અને ૧૧ અર્ધસદીનો રેકોર્ડ ધરાવે છે. ટી-૨૦ ઈન્ટરનેશનલમાં ક્લાસેને ૫૮ મેચમાં ૧૦૦૦ રન બનાવ્યા છે. જેમાં પાંચ સદી ફટકારી હતી.





આગામી બકરી ઇદના તહેવાર અનુસંધાને સલાબતપુરા પોલીસ સ્ટેશન ખાતે નાયબ પોલીસ કમિશ્નર શ્રી "સી"ડીવીઝન ચિરાગ પટેલ સા.શ્રી. નાઓની અધ્યક્ષતામાં અમો તથા સલાબતપુરા પોલીસ સ્ટેશન વિસ્તારના શાંતિ સમિતિના સભ્યોની મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતી.સદર મિટિંગને સલાબતપુરા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી કે.ડી.જાડેજાસાહેબ શાંતિ સમિતિ સભ્ય શ્રી અસદ. કલ્યાણી શ્રી મુકેશ મહાત્મા સંબોધી હતી સદર મીટીંગમાં શાંતિ સમિતિના સભ્યો તથા કુરેશીભાઇઓ સાથે કુલ- ૪૫ થી ૬૦ જેટલા સભ્યો હાજર રહ્યાં હતાં.

# અંકલેશ્વરમાં યુવતીના ઘરે પહોંચી ચાર યુવકોએ મચાવેલું તોફાન

## યુવતીના પરિવારના સભ્યોને મારમારી આપી ધમકી : ત્રણની ધરપકડ

અંકલેશ્વર, તા.૩

અંકલેશ્વર કાપોદ્રા પાટીયા પાસેની એક સોસાયટીમાં યુવતી સાથેના પ્રેમ સંબંધની રીસ રાખીને ચાર જેટલા તોફાની ઈસમોએ ધાંધલ ધમાલ મચાવી હતી,અને યુવતીના પરિવારને મારમારીને ધાકધમકી આપી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ હતી,આ ઘટનામાં પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરીને અન્ય એકને વોન્ટેડ જાહેર કર્યો હતો. અંકલેશ્વર કાપોદ્રા પાટીયા નજીક આવેલી સોસાયટીમાં રહેતા એક પરિવારના ઘરે ચાર જેટલા તોફાની તત્વોએ રીતસરની ગુંડાગીરી કરી હતી.એમાં બન્યું કંઈક એવું હતું કે યુવતી સાથેના પ્રેમસંબંધની રીસ રાખીને ચાર ઈસમો ઓડી કારમાં સવાર થઈને મધ્યરાત્રિ બાદ યુવતીના ઘરે પહોંચી ગયા હતા.અને યુવતીની ભાઈ કંઈ સમજે ત્યાર પહેલા તેને મારમારવા લાગ્યા હતા,અને યુવતીને અર્ધનગ્ન હાલતમાં બાથરૂમાંથી ખેંચી લાવીને મારમારી ધાકધમકી આપી હતી.સર્જાયેલી ઘટનાને પગલે પરિવારજનોમાં ભારે આઘાતની લાગણી પ્રસરી ગઈ હતી.જોકે આ ઘટના સંદર્ભે યુવતીના ભાઈએ જીઆઇડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણ ઈસમો રામ મિશ્રા,અભય મિશ્રા અને સુફિયાનની ધરપકડ કરી હતી.જ્યારે અન્ય એક આજાણ્યા ઈસમને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો.પોલીસે ગુનામાં વપરાયેલ ઓડી કાર નંબર GJ-16-CH-૮૪૧૮ પણ જપ્ત કરીને વધુ તપાસ શરૂ કરી હતી.



# શ્રી નરેન્દ્રભાઈ મોદીના સાહસિક નેતૃત્વ, યુદ્ધ નીતિ અને કુટનીતિથી પાકિસ્તાન સતત ધ્રુંજી રહ્યું છે

**સિંદૂર શોભનં રકતં સૌભાગ્યં સુખવર્ધમનમ્।**
**શુભદં કામદં ચૈવ સિંદૂરં પ્રતિગુહ્યાતામ્.।।**

લાલ રંગનું સિંદૂર શોભા,સૌભાગ્ય અને સુખ વધારનારૂં છે. શુભ અને તમામ ઈચ્છાઓ પૂરી કરનારું છું. હે દેવ, તમે તેનો સ્વીકાર કરો. પહેલગામમાં થયેલ આતંકવાદી હુમલામાં ૨૬ લોકોની ઘાતકી હત્યાઓ દ્વારા મહિલાઓના સિંદૂર ભૂંસનાર પાકિસ્તાનના આતંકવાદીઓ સામે ભારતીય સૈન્યની વીરતા, મહિલા સ્વાભિમાન અને ''ધર્મો રક્ષતિ રક્ષિતઃ''ને ચારિતાર્થ કરતું શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરક નેતૃત્વમાં થયેલ ''ઓપરેશન સિંદૂર'' એ વિશ્વમાં અજરા-અમર રહેશે. દેશની ૧૪૦ કરોડની જનતાએ જ નહીં, વિશ્વના તમામ દેશોએ 'સિંદૂર'નો અર્થ,ભાવ અને શક્તિ વિશેષ નોંધ લીધી છે. આ ઓપરેશને વિશ્વને આતંકવાદ સામે અને નારી સુરક્ષા માટેની અકલ્પનીય અને અદભૂત દિશાદર્શન તેમજ શક્તિની પ્રેરણા આપી છે.

જેમ દેશનાં દરેક નાગરીકો માટે 'તિરંગો' એ ભારતની આન-બાન-શાન છે તેમ ભારતીય સંસ્કૃતિમાં મહિલાઓ માટે 'સિંદૂર' આન-બાન-શાન છે. તે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૈન્યશક્તિના ''ઓપરેશન સિંદૂર''થી વિશ્વને પ્રતિતી કરાવી દીધી છે. વિશ્વમાં સૌથી વધુ ચર્ચા, લેખો અને સમાચારોમાં તેની વિશેષ નોંધ લેવાઈ છે. ગુજરાતમાં ચાર જગ્યાએ તિરંગાયાત્રામાં મારે પ્રત્યક્ષ જવાનું થયું. સતત દેશ-વિદેશની ચેનલો, સમાચારપત્રો જોયાં-જાણ્યાં પછી એટલું ચોક્કસ કહી શકાય કે..રામાયણમાં માતા સીતાજીને માથામાં સિંદૂર પૂરતા જોઈને શ્રી હનુમાનજીએ સીતામાતાને કહ્યું કે, તમે કેમ સિંદૂર કેમ લગાવો છો ? સીતાજીએ કહ્યું કે હું મારા પતિ શ્રી રામના લાંબા આયુષ્ય અને મંગલકામના માટે આ સિંદૂર લગાવું છું. સીતાજીની આ વાત સાંભળીને હનુમાનજી એ પણ આખા શરીર ઉપર સિંદૂર ચોપડી દીધું. જે રીતે પ્રભુભક્તિ માટે સિંદૂરીયા હનુમાનજી પ્રચલિત થયાં. તે રીતે દેશભક્તિ અને નારીસુરક્ષા ગૌરવ માટે સિંદૂરીયા શ્રી નરેન્દ્રભાઈ મોદી યુદ્ધના ઈતિહાસમાં યાદગાર રહેશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ત્રણ વાક્યોમાં ભારતની સ્પષ્ટ યુદ્ધનીતિના દર્શન થાય છે. ૧) આતંકવાદીઓને એવી સજા મળશે. તેની કલ્પના પણ નહીં કરી શકે. ૨) લોહી અને પાણી એક સાથે વહી ન શકે. ૩) ટેરર, ટ્રેડ અને ટોક એક સાથે નહી થાય. ભારતના વીરજવાનોએ માત્ર ૨૨ મિનિટમાં પાકિસ્તાનના ૯ સ્થાન ઉપર ૧૦૦ જેટલા આતંકવાદીઓનો ખાત્મો બોલાવ્યો અને ૧૨ જેટલા એરબેઝને નુકસાન પહોંચાડ્યું. તેમાં ભારતીય સેનાએ પાકિસ્તાનની પ્રજા કે સૈન્યને ટાર્ગેટ કરી નથી. અત્યારે ભારતના તમામ રાજકીય પક્ષોના ૫૯ જેટલાં નેતાઓ સાથે ૮૫ રાજપૂતો સાથે ૭ પ્રતિનિધી મંડળો ૩૨ જેટલાં દેશોમાં પ્રવાસ કરીને આતંકવાદી પાકિસ્તાનને કરતુતોને વિશ્વ સમક્ષ ખુલ્લા પાડી રહ્યાં છે અને ભારતની આતંકવાદ સામેની ઝીરો ટોરેલેન્સ નીતિ સાથે ભારતનું ગૌરવ વધારી રહ્યાં છે. આતંકવાદ સામેની લડાઈમાં વિશ્વને એક કરવા માટેના સમર્થનમાં આજે ભારત નેતૃત્વ કરી રહ્યું છે.



લેખકઃ ભરત પંડયા

શ્રી નરેન્દ્રભાઈ મોદીના સાહસિક નેતૃત્વ, યુદ્ધ નીતિ અને કુટનીતિથી પાકિસ્તાન સતત ધ્રુંજી રહ્યું છે. ભારતના કોઈપણ આતંકવાદી દૂશ્મનને પાકિસ્તાનમાં શોધી શોધીને મારવામાં આવે છે અને તેના અડ્ડાઓને પણ નાશ કરવામાં આવે છે. પાકિસ્તાનમાં રાજકીય ભયંકર અસ્થિરતા છે. બલુચિસ્તાનમાં બળવો છે. તેના લશ્કર સામે જનતાનો ભયંકર આક્રોશ છે અને તેનું અર્થતંત્ર ખલાસ થઈ રહ્યું છે. જીવન જરૂરીયાતની વસ્તુઓનો અભાવ છે. પાકિસ્તાનમાં ભયંકર મોંઘવારી અને બેરોજગારીમાં જનતાની હાલત કફોડી છે. જયારે બીજીબાજૂ શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી છે અને વિશ્વમાં માન-સન્માન અને ગૌરવ વધ્યું છે. અત્યારે વિશ્વમાં ચીનના પ્રેસિડેન્ટ શ્રી ઝીનપીંગની 'વિસ્તારવાદી', રશિયાના પ્રમુખ શ્રી પુતિનની 'યુદ્ધવાદી', અમેરિકાના પ્રમુખ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પની 'ટેરીફવાદી' અને ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની 'વિકાસવાદી' છાપ બની છે.

જાપાનને પાછળ રાખીને ભારત વિશ્વની ચોથા નંબરની અર્થવ્યવસ્થા બની છે. વર્ષ ૨૦૧૪માં ભારતનું અર્થતંત્ર ૨ ટ્રિલીયન ડોલર હતો. હવે, એપ્રિલ-૨૫માં આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (IMF) ના વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક રીપોર્ટ મુજબ અર્થતંત્રને ૪ ટ્રિલીયન પર પહોંચાડીને આત્મનિર્ભર ભારતે વિશ્વને વિરાટ શક્તિનું દર્શન કરાવી દીધું છે.

મિડીયા વોર અને માઈન્ડ વોરના જમાનામાં લોકોને યુદ્ધનો ''માહોલ'' ગમતો હોય છે પરંતુ, યુદ્ધ પછીની ''બેહાલી'' ગમતી નથી. અત્યારે વર્લ્ડવોર જેવી પરિસ્થિતિ છે. ઈઝરાયલ અને ગાઝા પટ્ટીમાં તેમજ રશિયા અને યુક્રેન વચ્ચેના દૃશ્યો સતત ટીવી પર આવતાં જોઈને નિર્દોષ લોકોના જાનમાલની ખુવારી, ખંડેર થતાં બિલ્ડીંગો, ભાંગેલા-તુટેલા ઘરો, રોટી માટેની રોક્કળ સાથે ફાંફા મારતા ટોળાઓ, મહિલા અને બાળકોના હ્રદયદ્રાવક દૃશ્યોથી ભારતની માનવતાને પીડા થતી હોય છે. એટલે જ, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રશિયા સહિત દેશોને ''આ સમય 'યુદ્ધ'નો નહી, પરંતુ 'બુદ્ધ'નો છે''.તેમ કહીને વિશ્વ શાંતિ અને લોકકલ્યાણનો સંદેશ આપ્યો હતો.

વિશ્વના કેટલાંક દેશો ભારતના નેતૃત્વ, વિકાસ અને પ્રગતિની ઈર્ષ્યા કરી રહયાં છે. કેટલાંક દેશોને પોતાના શસ્ત્રો વેચવામાં રસ છે. એટલે યુદ્ધ થાય એમાં રસ છે. પરંતુ શ્રી મોદીજી કોઈનાં દબાણમાં કે યુધ્ધની ટ્રેપમાં ન આવ્યાં. ભારતે પાકિસ્તાનની જનતા કે લશ્કરને નુકશાન પહોચાડ્યાં વગર માત્ર આતંકવાદીઓ , તેના અડ્ડાઓને અને એરબેઝનો ખાત્મો કરીને યુધ્ધની શુધ્ધતા દ્વારા પોતાની મજબુત સૈન્ય શક્તિના દર્શન કરાવી દીધાં છે. ભારતની નીતિ એ ''યુદ્ધ - શુદ્ધ - બુદ્ધ''ની નીતિ રહી છે. તે વિશ્વને બતાવી દીધું છે. અને સાથે સાથે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ''નયા ભારત''ની ચાણકયનીતિ અને યુધ્ધ નીતિ દ્વારા સ્પષ્ટ જણાવી દીધું છે કે ''પાકિસ્તાન કોઈપણ આતંકી કૃત્ય કરશે તો તે યુધ્ધ જ ગણાશે. અને ભારત યુધ્ધની જેમ જ તેનો જડબાતોડ જવાબ આપશે. એટલે કે 'ઓપરેશન સિંદૂર' હજુ પૂરું થયું નથી. એ ચાલુ જ રહેશે.'' અત્રે ઉલ્લેનીય છે કે, વિશ્વ અને યુ.એન.માં સૌ પ્રથમવાર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વશાંતિ માટે વૈશ્વિક આતંકવાદને ડામવા સહુએ એક થઈને યોગ્ય દિશામાં કામ કરવું પડશે.તેવી હાંકલ કરી હતી. ફરીથી, તેમણે પાકિસ્તાન અને સમગ્ર આતંકવાદ સામે લડાઈ લડવા માટે ભારતના ૧૪૪ પ્રતિનિધીઓને ૩૨થી વધુ દેશોમાં મોકલીને વિશ્વને એક થવા માટે આહવાન કર્યું છે.

**પ્રહારાય સન્નિહિતાઃ જયાય પ્રશિક્ષિતાઃ**
**હુમલો કરવા માટે તૈયાર, જીતવા માટે પ્રશિક્ષિત**

**ભારતીય સૈન્યની વીરતા, મહિલા સ્વાભિમાન અને 'ધર્મો રક્ષતિ રક્ષિત'ને ચારિતાર્થ કરતું શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરક નેતૃત્વમાં થયેલ 'ઓપરેશન સિંદૂર' એ વિશ્વમાં અજરા-અમર રહેશે**

# ઘર ત્યજી દિલ્હીથી સુરત આવી પહોંચેલી ૧૯ વર્ષની દીકરીનું માતા-પિતા સાથે પુનઃ મિલન

## 'સખી' વન સ્ટોપ સેન્ટરે દીકરીનો પરિવાર સાથે મેળાપ કરાવ્યો

સુરત, તા.૩

મહિધરપુરા પોલીસને મળી આવેલી ૧૯ વર્ષની ખુશી (નામ બદલેલ છે)ના વાલી-વારસો, પરિજનો ન મળી આવતા આશ્રય માટે સખી વન સ્ટોપ સેન્ટરમાં લાવવામાં આવી હતી. પોતાની ઈચ્છા વિરુદ્ધ પિતા દ્વારા મદ્રેસામાં મૂકી હોવાથી યુવતી ભાગીને સુરત આવી પહોંચી હતી. સતત ચાર દિવસ કાઉન્સેલિંગ બાદ યુવતીનું મૂળ એડ્રેસ તેમજ સોશિયલ મીડિયા થકી અન્ય વિગતો મળતા તેમના માતા-પિતાનો સંપર્ક કરી સેન્ટર દ્વારા દીકરીને માતા પિતા સાથે મેળાપ કરાવાયો હતો.

મૂળ દિલ્હીની રહેવાસી ખુશીને મદ્રેસામાં અભ્યાસ કરવાની ઈચ્છા ન હતી, જેથી તે ગુસ્સામાં ઘરેથી ભાગીને ટ્રેન દ્વારા સુરત આવી ગઈ હતી. યુવતીને માતા-પિતા સાથે રહેવું ન હોવાથી એડ્રેસ અને કોન્ટેક્ટ નંબર જણાવતી ન હતી અને ગમગીન રહેતી હતી. ચાર દિવસ સેન્ટર પર સારી રીતે રહ્યા બાદ યુવતીએ સેન્ટરના લોકો પર વિશ્વાસ દાખવી ઘરનું સરનામું જણાવ્યું હતું. જેથી સુરત સખી સેન્ટર દ્વારા દિલ્હી પોલીસ અને દિલ્લી 'જીઝ સેન્ટરનો સંપર્ક કરાયો હતો. અને ખુશીના અન્ય સોશિયલ મીડિયાના મિત્રોનો ટેલિફોનીક સંપર્ક કર્યો હતો. આઠ દિવસથી દીકરી હેમખેમ સુરત સખી સેન્ટરમાં હોવાની જાણ થતાં જ માતા-પિતા દીકરીને લેવા માટે દિલ્લીથી સુરત આવી પહોંચ્યા હતા. દીકરીને સુરક્ષિત જોઈ માતા-પિતાએ ભાવુક થઈ સેન્ટરના કર્મચારીઓને આભાર વ્યકત કર્યો હતો. સખી સેન્ટર દ્વારા દીકરીના માતા-પિતા સાથે ગ્રુપ મિટિંગ કરી દીકરીની યોગ્ય સારસંભાળ રાખવા અને તેની ઈચ્છા મુજબ તેને સારી સ્કૂલમાં અભ્યાસ કરવા સમજ આપી હતી. અંતે દસ દિવસે દરેક વિગતોની ખરાઈ કરી દીકરીનો કબજો સુરક્ષિત તેમના માતા પિતાને સોંપાયો હતો. મહિલા અને બાળ અધિકારીશ્રી આર.એન.ગામીત અને દહેજ પ્રતિબંધક સંરક્ષણ અધિકારીના માર્ગદર્શન હેઠળ ૧૯ વર્ષની દીકરીનું માતા-પિતા સાથે પુનઃમિલન કરાવી પરિવારને વિખેરાતા અટકાવાયો હતો.

# અંકલેશ્વરમાં ગાના મ્યુઝિક લવર્સ ગ્રૂપ દ્વારા કવિ સંમેલન યોજાયું

## મુંબઈના જાણીતા કવિ સર્જકોની અદ્ભૂત રજૂઆત

અંકલેશ્વર, તા.૩

અંકલેશ્વર ગાના મ્યુઝિક લવર્સ ગૃપ ના ઉપક્રમે ગતરોજ સાંજે મુંબઈના જાણીતા કવિઓનું કવિ સંમેલન યોજાયુ હતુ. જેને મોટી સંખ્યામાં ઉપસ્થિત કાવ્ય રસિક શ્રોતાઓએ માણ્યુ હતુ

અંકલેશ્વર જીઆઈડીસીના ડાયમન્ડ ચિલ્ડ્રન થિયેટર ખાતે ગતરોજ સાંજે ગાના મ્યુઝિક લવર્સ ગૃપના ઉપક્રમે કવિ સંમેલન યોજાયુ હતુ. જેમાં ગુજરાતી સાહિત્ય ના જાણીતા કવિ સર્જકો મુકેશ જોષી, હિતેન આનંદપરા, સુરેશ ઝવેરી, ભરૂચના કવિઓ હેમાંગ જોષી, કિરણ જોગીદાસ ઉપસ્થિત રહ્યા હતા.તો કાર્યક્રમ દરમ્યાન મુંબઈના કલાકાર દંપતી અર્ચના શાહ તેમજ જોલી શાહે અદભુત ગંગા સતીની એકોકતી પ્રસ્તુત કરી હતી. આ પ્રસંગે ગાના મ્યુઝિક લવર્સ ગૃપ ના નરેશ પુજારા, મનોજ આનંદપુરા, ઉદ્યોગ અગ્રણી એન કે નાવડીયા સહીત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# જળસંચયની કામગીરીનું નિરીક્ષણ કરતા પર્યાવરણ મંત્રી મુકેશભાઈ પટેલ

સુરત, તા.૨

વરસાદના અમૃત્તમૃરૂપી પાણીને જમીનમાં સગ્રહ કરવા માટે ઓલપાડ તાલુકાના મહત્તમ ગામોમાં જળસંચયની કામગીરી વેગવાન બની છે, ત્યારે વન, પર્યાવરણ, જળ સંપત્તિ, પાણી પૂરવઠા રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે ઓલપાડ તાલુકાના કુદીયાણા, ધનસેર, છીણી તથા લવાછા મુકામે ચાલી રહેલ વોટર હાર્વેસ્ટીંગની કામગીરીનું નિરીક્ષણ કરીને વોટર હાર્વેસ્ટિંગ કાર્યોના આગામી આયોજન સંદર્ભે સમીક્ષા કરી હતી.આ અવસરે તેમણે વરસાદના અમૃતરૂપી પાણીને જમીનમાં સંગ્રહ કરવા માટે ઓલપાડ તાલુકો સક્ષમ અને સંકલ્પિત બન્યો હોવાનો મત વ્યકત કર્યો હતો.

# અંકલેશ્વર-વાલીયા મુખ્ય માર્ગની અત્યંત દયનિય બિસ્માર હાલત

## સમારકામ હાથ નહીં ધરાય તો આંદોલનની ચીમકી

અંકલેશ્વર, તા.૩

અંકલેશ્વર-વાલીયા મુખ્ય માર્ગની દયનિય હાલતને લઈને અંકલેશ્વર આમ આદમી પાર્ટી શહેર પ્રમુખની આગેવાનીમાં મામલતદાર કચેરી ખાતે આવેદન પત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.અંકલેશ્વરથી વાલિયાને જોડતો મુખ્ય માર્ગ છેલ્લા ઘણા વર્ષોથી ખખડધજ હાલતમાં છે. જેના કારણે અનેક વાહનચાલકો અને રાહદારીઓને દૈનિક મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તાજેતરમાં આ જ માર્ગ પર થયેલા માર્ગ અકસ્માતમાં એક રાહદારીનું કરૂણ મોત થતાં સ્થાનિકોમાં રોષની લાગણી છવાઈ હતી, ત્યારે અત્યંત જર્જરિત માર્ગની હાલત સામે આમ આદમી પાર્ટી અંકલેશ્વર શહેર પ્રમુખ નિતીન વસાવાએ અંકલેશ્વર મામલતદાર કચેરી ખાતે આવેદન પત્ર આપી રજૂઆત કરી હતી. પાઠવાયેલ આવેદનમાં તાકીદે બિસ્માર રસ્તાનું સમારકામ શરૂ કરવાની માંગ ઉઠાવવામાં આવી છે. નિતીન વસાવાએ જણાવ્યું હતું કે, "અંકલેશ્વર-વાલિયા રોડ પર અકસ્માતોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. અનેકવાર લોકોના ઘટના સ્થળે જ મોત થયા છે. સરકાર તરફથી કોઈ પગલાં લેવામાં આવતાં નથી, જે લોકોને જીવના જોખમમાં નાખે છે." જો આગામી ૧૦ દિવસમાં માર્ગનું સમારકામ શરૂ નહી થાય, તો આ મામલે આંદોલન શરૂ કરવાની અંકલેશ્વર આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખે ચીમકી ઉચ્ચારી છે.

## પાંડેસરાથી નાહીન રહેમાન ગુમ

સુરત, તા.૩

પાંડેસરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૪/૦૫/૨૦૨૫ ના રોજ બિલ્ડિંગ નં-૩૯, રૂમ નં-૯, ગોકુલધામ આવાસ, વડોદ, પાંડેસરા, ખાતે રહેતા પ્રવીણ રહેમાનના ૨૨ વર્ષીય પુત્ર નાહીન રહેમાન ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, ઘઉંવર્ણ અને ઊંચાઈ ૫.૨ ફૂટ છે. તેમણે કાળી ડ્રેસ અને પગમાં સેન્ડલ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા પાંડેસરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## સચીનથી પુનમ ભાજીવાલા લાપતા

સુરત, તા.૩

સચિન પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૦/૦૫/૨૦૨૫ ના રોજ ઘર નં-૪૪, ન્યું અંબીકાનગર સોસાયટી, સચીન (મૂળ રહે. ગામ-જરવલા,પટેલ ફળીયુ, તા-દસાડા, જી.સુરેન્દ્રનગર), ખાતે રહેતા જયંતિભાઇ ભાજીવાલાના ૧૮ વર્ષીય પુત્રી પુનમ ભાજીવાલા ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉંવર્ણ અને ઊંચાઈ ૫.૩ ફૂટ છે. તેમણે લાઈટ ગુલાબી ડ્રેસ પહેર્યો છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા સચિન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

મધ્યપ્રદેશના ૩૮ જિલ્લાઓમાં વાવાઝોડા અને વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે.ત્રિપુરામાં પૂરની સ્થિતિમાં સુધારો થયો છે. નદીઓમાં જળસ્તર ભયના નિશાનથી નીચે છે. રાજયના પૂરગ્રસ્ત જિલ્લાઓમાં ૬૬ રાહત શિબિરો ખોલવામાં આવ્યા છે, જ્યાં ૨૯૨૬ પરિવારોના ૧૦૮૦૦થી વધુ લોકો રહે છે.પશ્ચિમ ત્રિપુરા જિલ્લામાં સૌથી વધુ ૫૦ રાહત શિબિરો છે. રાજ્યમાં પૂરથી ૨૧૯ ઘરો પ્રભાવિત થયા છે. આજે રાજ્યના ૫ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.આ દરમિયાન, સોમવારે વાયુસેનાએ અરુણાચલ પ્રદેશમાં રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યુ હતું. રાજ્યના દિબાંગ ઘાટીમાં બોમજીર નદીમાં ફસાયેલા ૧૪ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા.વાયુસેનાના જણાવ્યા અનુસાર, આસામ અને અરુણાચલ પ્રદેશમાં MI-૧૭ હેલિકોપ્ટરથી રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોને બહાર કાઢવામાં આવી રહ્યા છે.આ દરમિયાન, મણિપુરમાં પૂરથી ૧૯,૮૧૧ લોકો અસરગ્રસ્ત થયા છે. ૩,૩૬૫ ઘરોને નુકસાન થયું છે. છેલ્લા ૪ દિવસમાં રાજ્યમાં ભૂસ્ખલનની ૪૭ ઘટનાઓ બની છે. રાજ્યમાં ૩૧ રાહત શિબિરો ખોલવામાં આવ્યા છે, જેમાંથી મોટાભાગના પૂર્વીય ભાગમાં છે.

# ચોર્યાસી તાલુકાના વાસવા ગામે પ્રાકૃતિક ખેતી તાલીમ શિબિર યોજાઈ

## માસ્ટર ટ્રેનરો ઉપયોગી માર્ગદર્શન

સુરત, તા.૩

પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તે માટે રાજય સરકાર દ્વારા અથાય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પ્રાકૃતિક ખેતી કરતા માસ્ટર ટ્રેનરો દ્વારા ખેડુતોને ગાય આધારિત ખેતી માટે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આજરોજ નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અંતર્ગત ચોર્યાસી તાલુકાના વાસવા ગામે માસ્ટર ટ્રેનર કિરીટભાઈ પટેલ તથા અન્ય પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયેલા બહેનોએ ગામના ખેડુતોને બીજામૃત, ધન જીવામૃત, દશપર્ણિક અર્ક કેવી રીતે તૈયાર કરીને પ્રાકૃતિક ખેતી કરી શકાય તે માટે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ વધુમાં વધુ ખેડુતોને પ્રાકૃતિક ખેતીમાં જોડીને આવનારી પેઢીને સ્વસ્થ અને તંદુરસ્ત બનાવવાનો અનુરોધ કર્યો હતો.

### ઓપરેશન સિંદુર

પહેલા પાનાનું ચાલુ

દર્શાવાઈ છે.હાલમાં જ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ બે દિવસ શ્રીનગર સહિતની મુલાકાતે જઈ આવ્યા હતા અને જમ્મુથી શ્રીનગરની પીર ભવાની યાત્રા પણ આજથી શરૂ થઈ છે.કતરા-શ્રીનગર-ઉધમપુર-બારામુલ્લા રેલ પ્રોજેક્ટ ૨૭૨ કિમીનો છે. જેમાં ૧૧૯ કી.મી. ટનેલ બનાવાઈ છે અને બે એન્જીનીયરીંગના કમાલ જેવા વિશ્વનો સૌથી ઉંચો રેલવે પુલ ચેનાબ-બ્રીજ તથા અન્ય એક બ્રીજ બનાવાય છે. ૪૬૭ મિટર ઉંચો આ બ્રીજ વિશ્વનો અજોડ છે.

### લોકસભા

પહેલા પાનાનું ચાલુ

આવી છે. સીઆરપીએફની ખાસ ટીમ તમામ સ્થળો પર નજર રાખી રહી છે.એરપોર્ટથી કોંગ્રેસ કાર્યાલય તરફ જતા રસ્તામાં એક જગ્યાએ પાર્ટીના કાર્યકરો પોલીસ સુરક્ષા ઘેરો તોડીને રસ્તા પર આવી ગયા અને રાહુલ ગાંધીની કાર રોકી દીધી. પોલીસે તેમને હટાવીને રસ્તો ખુલ્લો કર્યો હતો.ભોપાલના લાલઘાટીના ખાનુ ગામ પાસે રાહુલ ગાંધીનું સ્વાગત કરવા માટે ઉત્તર વિધાનસભાના લોકો પહોંચી ગયા છે. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે.

### આસામમાં પુરનું

પહેલા પાનાનું ચાલુ

દિવાલ પડવાથી એક મહિલાનો જીવ ગયો હતો. તેમજ, આજે

### ઈટાલીના

પહેલા પાનાનું ચાલુ

હંગામા પછી, પ્રોફેસરે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ લખી અને માફી માંગી. પ્રોફેસર કહે છે કે હું હજુ પણ સમજી શકતો નથી કે મેં આટલી ગંદી વાત કેમ લખી. હું કોઈપણ પ્રકારની હિંસાને સમર્થન આપતો નથી. હું અહિંસક વ્યક્તિ છું. વર્ગના બાળકો મારો ખૂબ આદર કરે છે. મેં લખવા માટે એઆઈની મદદ લીધી, તેથી મેં ભૂલ કરી.

### એલન મસ્ક

પહેલા પાનાનું ચાલુ

જોકે, કંપનીએ હજુ સુધી તે અંગે માહિતી આપી નથી કે તે સામાન્ય લોકો માટે ક્યારે રિલીઝ કરશે. પરંતુ મસ્કે ટ્વિટ કરીને જે રીતે માહિતી આપી છે એ જોતા એવું લાગી રહ્યું છે કે બહુ જ જલ્દી સામાન્ય લોકોને પણ આ નવું ફિચર મળી શકે છે. X પ્લેટફોર્મે વર્ષ ૨૦૨૩ માં એન્ક્રિપ્ટેડ મેસેજિંગ સેવા શરૂ કરી હતી અને તે દરમિયાન આ સેવા મર્યાદિત લોકો માટે શરૂ કરવામાં આવી હતી.

XChaમાં ઇન્સ્ટન્ટ મેસેજિંગ એપ્લિકેશન WhatsApp માં ઉપલબ્ધ બધી સુવિધાઓ છે. જોકે, WhatsApp ને મોબાઇલ નંબરથી લોગ ઇન કરવું પડશે. જ્યારે ઠઝરઠ્ઠમાં મોબાઇલ નંબર કનેક્ટ કરવાની જરૂર રહેશે નહીં.

### દેશભરમાં

પહેલા પાનાનું ચાલુ

કોર્ટે કહ્યું કે જો ૩૦ મે, ૨૦૨૩ના રોજ યોજાયેલી બેઠક પછી લેવામાં આવેલા નિર્ણયો લેવાયા, તેને લાગુ કરવામાં કોઈ કચાશ રહી હોય, તો તે એક ગંભીર બાબત છે. જસ્ટિસ ગિરીશ કથપાલિયાએ કહ્યું કે એવું માની લેવું જોઈએ કે જરૂરી પગલાં અને પ્રોટોકોલ નક્કી કરવામાં આવ્યા હશે, પરંતુ સંબંધિત અધિકારીઓએ તેને રેકોર્ડ પર લાવવું જોઈએ.

કેન્દ્રીય આરોગ્ય અને આયુષ રાજ્યમંત્રી પ્રતાપરાવ જાધવે કહ્યું- આરોગ્ય વિભાગ અને આયુષ મંત્રાલય સંપૂર્ણપણે સતર્ક છે. અમે બધા રાજ્યોમાં પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ. અમે સંબંધિત સચિવો અને મંત્રીઓ સાથે વાત કરી છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અગાઉના કોવિડ લહેરોં દરમિયાન બનાવવામાં આવેલા ઓક્સિજન પ્લાન્ટ, ICU બેડ વગેરે જેવી બાબતોની સમીક્ષા કરવામાં આવી છે. કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયારીઓ ચાલી રહી છે.

૩૦ મેના રોજ મિઝોરમમાં બે લોકોનો કોવિડ-૧૯ ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. આરોગ્ય વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે રાજયમાં આવો છેલ્લો કેસ નોંધાયાના ૭ મહિના પછી કોવિડના કેસ મળી આવ્યા હતા. મિઝોરમમાં કોવિડ-૧૯નો છેલ્લો કેસ ઓક્ટોબર ૨૦૨૪માં નોંધાયો હતો, જે દરમિયાન રાજયમાં ૭૩ લોકો વાયરસથી સંક્રમિત થયા હતા.

તેમણે જણાવ્યું હતું કે દર્દીઓની સારવાર આઈઝોલ નજીક ફાળકોનમાં ઝોરામ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાt (ZMCH) કરવામાં આવી રહી છે. રાજ્યના આરોગ્ય વિભાગના ઈન્ટિગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પ્રોગ્રામ (IDSP) એ લોકોને ગભરાવાની જરૂર નથી તેવું કહ્યું છે.

IDSP એ લોકોને કોવિડ પ્રોટોકોલનું પાલન કરવાની, નિયમિતપણે હાથ ધોવાની, હેન્ડ સેનિટાઇઝરનો ઉપયોગ કરવાની અને ભીડવાળા વિસ્તારોમાં જવાથી બચવાની સલાહ આપી છે.

### વિદેશ ગયેલા

પહેલા પાનાનું ચાલુ

પ્રતિનિધિમંડળ મોકલવાનો નિર્ણય લીધો હતો.સર્વપક્ષીય પ્રતિનિધિમંડળનો ઉદ્દેશ્ય વિશ્વ સમક્ષ ભારતનો પક્ષ મજબૂતીથી રજૂ કરવાનો, પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદનો પર્દાફાશ કરવાનો, ઓપરેશન સિંદૂરને આતંકવાદ સામે ભારતની શૂન્ય-સહિષ્ણુતા નીતિ તરીકે રજૂ કરવાનો અને આંતરરાષ્ટ્રીય સમુદાયને બતાવવાનો હતો કે ભારતની કાર્યવાહી સંતુલિત, સચોટ અને બિન-વિસ્તરણવાદી હતી, જેમાં ફક્ત આતંકવાદી ઠેકાણાઓને જ નિશાન બનાવવામાં આવ્યા હતા.

### સરકારી

પહેલા પાનાનું ચાલુ

દવાના પ્રમોશન કે નવી દવાના લોન્ચીંગમાં પણ તેમની ભૂમિકા મહત્વની હોય છે. ગત વર્ષે ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યુટીકલ દ્વારા ફાર્મા માર્કેટીંગ માટે એક યુનિફોર્મ સિવિલ કોડ જાહેર કર્યો હતો. જેમાં વિવિધ વિકલ્પોની ફાર્મા કંપનીઓ તબીબોની સાંઠગાંઠ તોડવા પ્રયાસ થયો છે.

### વેજાણી પરિવારનો

પેજ-૨ પાનાનું ચાલુ

દિવસો સરખા હોતા નથી. જીવનમાં ચડતી-પડતી, સુખ-દુઃખ, તેજી-મંદી આવવાની જ. આ સમયે આપણી ધીરજ અને સમજણની કસોટી થાય છે, આ કસોટીમાં પાર ઉતરવાની કળા આપણે સૌએ હાંસલ કરવાની છે. રામયણ, મહાભારત, શ્રીમદ્ ભાગવત વગેરે ગ્રંથો પણ આપણને આનંદમય જીવન પ્રાપ્તિનો માર્ગ બતાવે છે. હાલમાં જે વિદ્યાર્થીઓ ખૂબ સારી ટકાવારી સાથે ઉત્તીર્ણ થઈ રહ્યા છે, તેઓએ સફળતા-નિષ્ફળતા બંને પચાવતાં શીખવું જોઈશે. આગામી સમયમાં સ્પર્ધાતમક પરીક્ષામાં કે વ્યવસાય ક્ષેત્રે ધારી સફળતા ન મળે એવું પણ બની શકે. ટૂંકમાં, જીવનમાં આવતી અણધારી મુશ્કેલીનો હિંમતપૂર્વક સામનો કરવાની ક્ષમતા કેળવવી એ જ સાચું શિક્ષણ છે. માત્ર પૈસા, પદ અને પ્રતિષ્ઠા દ્વારા સાચા સુખ - આનંદની પ્રાપ્તિ થશે નહીં. આનંદિત જીવનની પહેલી શરત છે, બીજાને આપવાની શુભ ભાવના રાખવી. અન્યને ખુશ કરવા માટે નાનકડું કાર્ય કરીશું તો પણ આપણા જીવનમાં અપાર ખુશીઓનો અનુભવ થશે.''

આજના વક્તા શ્રી રાજેશકુમાર ધામેલિયા અને કાર્યક્રમના સંચાલક શ્રી શૈલેશભાઈ ગોધાણીનું શાલ - પુષ્પગુચ્છથી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આગામી વર્ષે યોજાનાર અગિયારમાં સ્નેહમિલન તેમજ આગામી સમયમાં યોજાનાર શ્રીમદ્ ભાગવદ કથા માટે ઉદાર દિલે ફાળો નોંધાવનાર સૌને બિરદાવવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શ્રી ડાયાભાઈ આંબાભાઈ વેજાણીએ જહેમત ઉઠવી હતી અને તમામ ગામના વેજાણી પરિવારના સભ્યોએ સાથ-સહકાર આપ્યો હતો.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

મંગળવાર, તા.૩ જુન ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## સુરતમાં કોરોનાના વધુ ત્રણ કેસ નોંધાયા, સચીનની નર્સિંગ વિદ્યાર્થિની કોરોનાગ્રસ્ત

### સુરત મનપાના આરોગ્ય વિભાગ દ્વારા સઘન આરોગ્ય લક્ષી કામગીરી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૩**

સુરત સતિ ગુજરાતભરમાં ફરીથી કોરોનાનો ઉપદ્રવ શરૂ થઈ ગયો છે. સુરત મહાનગરપાલિકાનું આરોગ્ય તંત્ર સુરતમાં કોરનાગ્રસ્ત દરદીઓનું સતત મોનીટરીંગ કરી રહ્યો છે. કોરોનાની અસર ધરાવતા દરદીઓ સાથે સંપર્કમાં આવનારા તમામ લોકોની આરોગ્ય તપાસણી પણ કરવામાં આવી રહી છે. સુરતમાં પણ કોરોનાના દરદીમાં વધારો નોધાઈ રહ્યો છએ. કોરોના સંક્રમિત મોટાભાગના દરદીઓને હોમ આઈસોલેશનમાં સારવાર અપાઈ રહી છે.

આજે સુરત શહેરમાં કોરોનાના વધુ ત્રણ નવા કેસ નોંધાયા છે. જેમાં સચીનની નર્સિંગ સ્ટુડન્ટને પણ કોરોના થયો હોવાનું જાણવા મળ્યું છે. સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ ઉમરા ગામમાં રહેતા અનો ઈચ્છાપોરમાં મજૂરી કામ કરતા ૩૬ વર્ષિય પુરૂષ, મોરાભાગળ પાસેની નર્સિંગદ કોલેજમાં અભ્યાસ કરતી અને સાચીન રહેતો નર્સિંગ વિદ્યાર્થીનીને પણ કોરોના થયો છે. જ્યારે ત્રીજા કેસની હિસ્ટી મેળવવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ આ તમામ દરદીઓ હોમ આઈશોલેશનમાં છે. જેઓની હિસ્ટ્રી તપાસવામાં આવી રહી છે. તેમજ આ દરદીના સંપર્કમાં આવનારાની પણ આરોગ્ય તપાસ કરવામાં આવી રહી છે.સુરત શહેરમાં રોજબરોજ કોરોનાના દરદીઓ મળી રહ્યા છે.



સુરત શહેરમાં મેટ્રોરેલ કોર્પોરેશન દ્વારા મેટ્રોરેલ પ્રોજેક્ટનું કામ પુરઝડપે ચાલી રહ્યું છે. સરથાણા ફ્લાય ઓવર બ્રિજ પરથી પસાર થતા મેટ્રોટ્રેન માટેના ડાયમંડ રૂટ પર પ્રથમ સંગમેન્ટ લોન્ચ કરવામાં આવ્યો છે. હવે ડાયમંડ રૂટ પર તબક્કાવાર ગર્ડર ઈન્સ્ટોલ કરવામાં આવશે. સુરતના મહત્વપૂર્ણ મેટ્રો રેલ પ્રોજેક્ટના આગળ વધતા કામની આ તસ્વીર છે. (તસવીર : ફેનિલ ઠક્કર)

## જીએસટી ડેટા વેચવાનું કૌભાંડ સેન્ટ્રલાઈઝ, તપાસ જરૂરી

### જીએસટી સાથે વેપારીનો નાતો જોડાઈ એટલે માર્કેટિંગ વાળાના ફોન શરૂ થઈ જાય : હાર્દિક કાકડિયા, ચાર્ટડ એકાઉન્ટન્ટ એસો.

**(પ્રતાપ પ્રતિનિધિ),સુરત,,તા.૦૩**

વેપારીઓના જીએસટી ડેટા ઓનલાઈન વેચવાના કૌભાંડ સંદર્ભે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એસોસિયેશનના પ્રમુખ હાર્દિક કાકડિયાએ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેકસિસને ફરિયાદ કરતા સુરત જીએસટી કચેરીમાં ખળભળાટ મચી ગયો છે. એકબીજાના ધંધાના ડેટા જણાવા માટે વેપારીઓ જ ડેટા ખરીદી રહ્યા છે. જીએસટી ડેટા વેચવાનું કૌભાંડ પ્રકાશમાં આવતા સુરત સ્થિત જીએસટી અધિકારીઓ દ્વારા આ મુદ્દે સઘન તપાસ શરૂ કરી દેવામાં આવી છે. સુરત જીએસટી વિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ આ સમગ્ર સિસ્ટમ કોમ્પ્યુટરરાઈઝ ઓનલાઈન હોવાથી આ ડેટા ક્યાંથી લિકઝ થઈ રહ્યા છે? એ હાલ કહેવું ખુબ જ મુશ્કેલ છે.

દરમિયાન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એસો.ના પ્રમુખ હાર્દિક કાપડિયાએ જણાવ્યું હતું કે, હાલ અમોએ કેન્દ્રીય કમિટી સમક્ષ રજુઆત કરી છે. આ પ્રશ્ન માત્ર સુરત કચેરીનો નથી પરંતુ ડેટા લિકેજ કે વેચવાનું કૌભાંડ દિલ્હી સેન્ટ્રલાઈઝ હોય શકે છે. કેમ કે જીએસટી સાથેની કનેક્ટિવીટીથી બેંકો સહિતના માર્કેટિંગ વાળાના ફોનો ચાલુ થઈ જાય છે. જે બાબત સ્પષ્ટ નિર્દેશ કરે છે કે આ ડેટા ચોરી અથવા વેચવાનું કૌભાંડ રાષ્ટ્રીય લેવલે ચાલી રહેલું છે. જેની તપાસ ખૂબ જ જરૂરી છે.

## ભરથાણામાં હોટેલ રેસ્ટોરન્ટમાં શોર્ટ સર્કિટથી આગ, નાસભાગ

### ચોથા માળે આવેલી હોટલમાં રોકાયેલા ૧૬ જણાંને બચાવી લેવાયા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૩**

ભરથાણા કેનાલ બીઆરટીએસ રોડ પર આવેલી હોટલ રેસ્ટોરન્ટ ના ચોથા માળ પર આજે સવારે રિસેપ્શન સેન્ટર પર શોર્ટ સર્કિટ થઈ હોવાનો બનાવ બ્રિગેડના ચોપડે નોંધાયો હતો. હોટલ રેસ્ટોરન્ટ ની ૮ રૂમમાં રહેલા કુલ ૧૬ વ્યક્તિઓ તાત્કાલિક રૂમ અને હોટલની બહાર નીકળી ગયા હોવાનું પણ ફાયર બ્રિગેડ એ જણાવ્યું હતું.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, ભરથાના બીઆરટીએસ રોડ પર સેન્ટર પ્લાઝાના ચોથા માળ પર ન્યુ સીટી લાઈટ હોટલ અને રેસ્ટોરન્ટ આવેલી છે. આજે સવારે ૦૯:૧૫ વાગ્યાના અરસામાં રિસેપ્શન સેન્ટર પાસે ઈલેક્ટ્રીક વાયરીંગ માં સોર્ટ સર્કિટ થતા આગ લાગી હતી. અને આ આગનો ધુમાડો આખી હોટલની રૂમમાં પ્રસરી ગયો હતો. જોકે ન્યુ સીટી લાઈટ હોટલ એન્ડ રેસ્ટોરન્ટ ની જુદી જુદી આઠ રૂમમાં રહેલા ૧૬વ્યક્તિઓ તાત્કાલિક રૂમ અને હોટલની બહાર નીકળી ગયા હતા. આ બનાવની જાણ ફાયર બ્રિગેડ કંટ્રોલરૂમ ને કરવામાં આવતા મજુરા અને ભરથાના ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર અને ફાયર જવાનો ફાઈટર અને ટેન્કર સાથે ઘટના સ્થળે ઘસી જઈ પાણીનો છંટકાવ કરીને આગને બુજાવી નાખી હતી. સદભાગ્યે આગની આ ઘટનામાં કોઈની જાન હાની થઈ ન હતી.

## રાંદેરની વેરીબી વિક્ટોરિયા એપાર્ટ.ના ૧૫માં માળેથી પટકાયેલા યુવકનું મોત

### સોલાર પેનલ ફીટીંગ વેળા બેલેન્સ ગુમાવતા રોહિત યાદવ છેક નીચે પટકાયો હતો

**(પ્રતાપ પ્રતિનિધિ),સુરત,,તા.૦૩**

સોલાર પેનલ લગાવતી વેળા રાંદેર વિસ્તારમાં આવેલી વેરીબી વિક્ટોરિયા એપાર્ટમેન્ટની અગાશી ઉપરથી નીચે પટકાયેલા યુવકનું કરૂણ મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાને પગલે દોડધામ મચી ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ સોલાર કંપનીમાં કામ કરતો મુળ ઉત્તરાખંડનો રહેવાસી રોહિત સર્વજીત યાદવ (ઉ.વ.૨૧) રાંદેર વિસ્તારમાં આવેલ વેરીબી વિક્ટોરિયા એપાર્ટમેન્ટની અગાશીમાં સોલાર પેનલ લગાડવાનું કામ કરતો હતો. સોલાર પેનલ

ફીટીંગ વેળા રોહિતે અચાનક બેલેન્સ ગુમાવતા ૧૫મા માળેથી નીચે પટકાયો હતો. આ ઘટનાની સાથે જ સોલાર પેનલ વર્ક કરનારા તમામ લોકો નીચે દોડી આવ્યા હતા અને રોહિતને નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આ ઘટના અંગે મૃતકના માસા અમદાવાદ રહે છે. જેમને ઘટનાની જાણ કરી દેવામાં આવી છે. પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મહાલક્ષ્મી મેડીકલ એજન્સીના માલીકને ભાગીદારે ચુનો ચોપડ્યો

### રૂ. ૨૧.૫૯ લાખનું ચિટીંગ કરતા પોલીસ ફરિયાદ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૩**

મોટા વરાછા, સેટેલાઈટ રોડ, રીવર કેન્ટ એપાર્ટમેન્ટમાં રહેતા યોગેશભાઈ બાલાશંકર રાજયગુરુ (ઉ.વ.૫૨) નાના વરાછાશ્વ, પટેલ ફળિયુ, ગીરનાર સોસાયટીની બાજુમાં જલધારા એપાર્ટમેન્ટમાં ભૂમી મેડીકલ એન્ડ સ્ટોર્સ ચલાવે છે. યોગેશભાઈનો તેર વર્ષથી મેડીકલ એજન્સીમાં કામ કરતા ભોલા ધીરુભાઈ પટોળીયા (રહે, અષ્ટવિનાયક સોસાયટી, ધર્મનંદન બંગ્લોઝ, નનસાડ ગામ, કામરેજ) સાથે મિત્રાતા થતા તેની સાથે ઓક્ટોબર ૨૦૧૮માં ભાગીદારીમાં વરાછા હિરાબાગ, સારથી ડોકટર હાઉસની સામે સોહમ એપાર્ટમેન્ટમાં મહાલક્ષ્મી મેડીકલ એજન્સી શરુ કરી હતી. બોલા પાટોળીયા ધંધાની દેખરેખ સહિતની કામગીરી જાતા હતા. સમય જતા યોગેશભાઈએ ધંધાનો હિસાબ માંગતા ભોલા પાટોળીયાએ કોઈ પણ હિસાબ આપ્યો ન હતો. જેથી તેની દાનત ઉપર શંકા જતા યોગેશભાઈએ મેડીકલ એજન્સી બંધ કરવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ ભોલાએ પોતે મેડીકલ એજન્સી ચલાવશે હોવાનુ કહેતા યોગેશભાઈએ પોતે ભાગીદારીમાં નિકળી ગયા હતા અને તેમના હિસાબના લેવાના નિકળતા રૂપિયા ૨૧,૫૯,૯૧૩ની અવાર નવાર માંગણી કરવા છતાંયે નહી આપી ઉપરથી થાય તે કરી લેવાની ધમકી આપી હતી. યોગેશભાઈની ફરિયાદને આધારે વરાછા પોલીસે ભોલા પાટોળીયા સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે,

## હત્યા કરીને ખેતરમાં ફેંકી દેવાયેલી મહિલાની લાશ મળી

### કામરેજના ઊંભેળ ગામની ઘટના

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૩**

કામરેજ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ ઊંભેળ ગામમાં એક ખેતરમાંથી અજાણી મહિલાની લાશ મળી આવી હતી. આ અજાણી મહિલાને ગળે ફાંસો આપી અથવા કોઈપણ રીતે મોત નિપજાવી ખુન કરવામાં આવ્યું હતું.કામરેજ પોલીસે આ મહિલાની ઓળખ અને હત્યારાઓની શોધખોળ માટે તજવીજ શરૂ કરી દીધી છે.

આ ઘટના સંદર્ભે ખેડૂત બિમલકુમાર અરવિંદ દેસાઈએ કામરેજ પોલીસને જાણ કરી હતી. આ અજાણી મહિલાની લાશ પ્રવિણચંદ્ર ઠાકોરભાી પટેલના શેરડીના ખેતરમાંથી મળી આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ આ અજાણી મહિલાને ગળે ટુંપો દઈ અથવા કોઈપણ રીતે હત્યા કરી લાશને ખેતરમાં ફેંકી દેવાઈ હતી. આ બનાવ સંદર્ભે બિમલ કુમાર અરવિંદભાઈ દેસાઈએ કામરેજ પોલીસને જાણ કરી હતી. કામરેજ પોલીસે બિમલકુમાર દેસાઈની ફરિયાદ નોંધી હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ મૃતક મહિલાની ઓળખ માટે અલગ અલગ પોલીસ ટીમો બનાવવામાં આવી છે. ખેતરમાં કોઈ અજાણ્યા વ્યકિતઓ આ લાશ નાખી ગયા છે. જેથી મરનારની હત્યાના સ્થળ અંગે પણ પોલીસ દ્વારા ઝીણવટ ભરી તપાસ હાથ ધરવામાં આવી છે. તેમજ મૃતકના ફોટા સાથે અલગ અલગ વિસ્તારોમાં પોલીસ ટીમ ફરી રહી છે જેથી કરીને આ મૃતક મહિલાની ઓળખ થાય તો આગળની તપાસ સહેલાઈથી થઈ શકે તેમ છે.




ગ્રીન ગાર્ડિયન ચેરીટેબલ ટ્રસ્ટ અને સુરત વન વિભાગ દ્વારા પર્યાવરણ દિવસ આવનારા સમયમાં આવતો હોવાથી પ્લાસ્ટિકનો ઉપયોગ કાળી કાપડની થેલીનું વિતરણ કરવામાં આવ્યું હતું લગભગ દસ હજારથી વધુ થેલીનું વિતરણ ગુજરાત ગેસ સર્કલ ખાતે કરવામાં આવ્યું હતું. ૨૦ થી વધુ કાર્યકર્તા અને વન વિભાગના કર્મચારી હાજર રહ્યા હતા

## કપડા વેપારીની સાથે ચિટીંગ કરનાર મહિલાના આગોતરા જામીન મંજૂર

### છેતરપિંડીની પોલીસ ફરિયાદ બે વર્ષ પછી વિલંબથી કરવામાં આવી છે.: બચાવ પક્ષ

**(પ્રતાપ પ્રતિનિધિ),સુરત,,તા.૦૩**

શહેરના કપડા વેપારીઓ પાસેથી વેટલેસ કાપડ ની મોટાપાયે ખરીદી કરી પાછળથી ૧૮.૩૮ લાખ નો ચૂનો ચોપડનાર મહારાષ્ટ્ર કલ્યાણ પશ્ચિમ ગૌરીપાડા યોગીધામ કોમ્પ્લેક્સ ખાતે રહેતી એક મહિલા સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. મહિલાના સુરતના એડવોકેટ યોગેશ પટેલ દ્વારા સુરત કોર્ટમાં બીએનએએસ૪૮૨ મુજબની આગોતરા જામીન અરજી કરવામાં આવી હતી. જેની સુનવણી પૂરી થતાં અદાલતે કેટલીક શરતો લાદીને મહિલા રીન્કુબેન સુરેન્દ્રસિંગ છાબડા ના આગોતરાં જામીન મંજૂર કરતો હુકમ કર્યો હતો.

આ કેસની ટૂંકી વિગતો એવી છે કે, પર્વત પાટિયા ,હનુમાનજી ના મંદિર પાસે શ્યામ વાટીકામાં દિનેશભાઈ જયકિશન રાઠી રહે છે. તેમણે સારોલી પોલીસ મથકમાં મહારાષ્ટ્ર કલ્યાણ પશ્ચિમ ના રહેવાસી રીન્કુબેન સુરેન્દ્ર સિંગ છાબડા વિરુદ્ધ વેટલેસ કાપડ ની ?૧૮.૩૮ લાખ ની છેતરપિંડીની પોલીસ ફરિયાદ આપી હતી. સારોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાયા બાદ પોલીસ પોતાની ધરપકડ કરી લેશે તેવી દહેશત સાથે આરોપી રીંકુબેન છાબડાએ સુરતના એડવોકેટ યોગેશ પટેલ દ્વારા સુરત કોર્ટમાં એક આગોતરા જામીન અરજી રજૂ કરી હતી. સુનવણી દરમિયાન યોગેશ પટેલે એવી દલીલો રજૂ કરી હતી કે, પોલીસ ફરિયાદ બે વર્ષ ઉપરાંતના સમય પછી નોંધવામાં આવી છે. પોલીસ ફરિયાદ કેમ વિલંબથી નોંધાવામાં આવી અંગેનો પણ કોઈ સંતોષકારક ખુલાસો કરવામાં આવ્યો નથી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ વિદ્વાન જજ જયેશ શ્રીમાળીએ આરોપી રીકુબેન છાબડાને કેટલીક શરતોને આધીન આગોતરા જામીન મંજુર કરતો હુકમ કર્યો હતો.

## આઈ.સી.આઈ.સી.આઈ. હોમ ફાયનાન્સ કંપની સાથે રૂપિયા ૧.૪૦ કરોડની ઠગાઈ

### બિલ્ડર ભરત ભારવાણી અને મિલકતનું ટાઈકલ ચેક કરનાર રાકેશ ચૌહાણ સામે ગુનો દાખલ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૩**

દમણનાં પ્રોજેકટમાં લોકો સાથે છેતરપિંડી કરનાર ઠગબાજ બિલ્ડર ભરત ભારવાણી સામે વધુ એક ગુનો નોદ્ધધાયો છે. બિલ્ડર ભરત ભારવાણીએ મિલ્કતનું ટાઈટલ ક્લીયર કરનાર સાથે મળી તેમની સગરામપુરા હનુમાન શેરીમાં આવેલ મિલ્કત ઉપર આઈ.સી.આઈ.સી.આઈ. હોમ ફાયનાન્સ કંપનીમાંથી ૧.૪૦ કરોડની લોન લીધી હતી. ભરત ભારવાણીએ આ લોનના હ ાની ભરપાઈ નહી કરી ઉપરથી ફાયનાન્સ કંપનીની જાણ બહાર ગીરવે મુકેલ મિલ્કતમાં આવેલ ઓફિસો ત્રાહિત વ્યકિતને વેચાણ કરી તેના દસ્તાવેજ બનાવી આપ્યા હતા. ફાયનાન્સ કંપનીના કર્મચારીએ આ મામલે ગતરોજ બિલ્ડર ભરત ભારવાણી અને ટાઈકલ ક્લીયરનું સર્ટી આપનાર સામે છેતરપિંડીનો ગુનો દાખલ કરાવ્યો હતો

અઠવા પોલીસા જણાવ્.યા મુજબ ન્યુ સીટીલાઈટ રોડ, ગાયત્રી નગર પાસે, મહાવીર નગરમાં રહેતા અને લઉધના દરવાજા,એપલ હોસ્પિટલની સામે, વાઈબ્રન્ટ માઈલસ્ટોન બિલ્ડિંગમાં આવેલ આઈ.સી.આઈ.સી.આઈ. હોમ ફાયનાન્સ કંપનીની ઓફિસમાં નોકરી કરતા નિરવ દીલીપભાઈ દેસાઈ (ઉ.વ.૩૭) એ ગતરોજ બમરોલી રોડ, યુનીક હોસ્પિટલ સામે ન્યુ ઓપેરા હાઉસમાં ઓફિસ ધરાવતા બિલ્ડર ભરત મોહન ભારવમી (રહે, મોનાલીસા પાર્ક, સીટીલાઈટ રોડ) અને શ્વનાનપુરશ્વા ટીમલીયાવડરૂ તરમેશ્વર એપાર્ટમેન્ટમાં ઓફિસ ધરાવતા રાકેશભાઈ પ્રકાશભાઈ ચૌહાણ (રહે, સાંઈ ઉપવન એપાર્ટમેન્ટ, ગૌરવ પથ રોડ, પાલનપુર) સામે ફરિયાદ નોદ્ધધાવી હતીશ્વ. જેમાં તેઓએ જણાવ્યુ હતું કે ભરત ભારવાણીએ તેમની સગરામપુરા હનુમાન શેરીમાં આવેલ મિલ્કતનો વેચાણ દસ્તાવેજ બનાવ્યો હોવા છતાંયે રાકેશભઈ ચોહાણ સાથે મળી મિલ્કતનો ટાઈટલ રીપોર્ટ ક્લીયર આપી તેમની કંપનીમાંથી સને ૨૦૧૯માં રૂપિયા ૧.૪૦ કરોડની લોન લીધી હતી. ભરત ભારવાણીએ મિલકત ગીરવે મુકી લોન લીધા બાદ લોનના હ ાની ભરપાઈ કરી ન હતી. તેમજ તેમની ફાયનાન્સ કંપનીની જાણ બહાર બારોબાર મિલ્કતશ્વના ઉપરના ચોથા માળે આવેલ અલગ અલગ ઓફિસો ત્રાહિત વ્યકિતઓને વેચાણ કરી તેના દસ્તાવેજ બનાવી આપી તેના નાણાં પોતાના અંગત કામમાં વાપરી નાંખી તેમની આઈ.સી.આઈ.સી.આઈ. હોમ ફાયનાન્સ કંપનીને લોનના હાની નહી ભરી છેતરપિંડી કરી હતી.

## રિક્ષામાં ચાર લાખના દાગીનાવાળી બેગ ભૂલી જતા પોલીસે શોધી આપી

### ઉધના પોલીસે ગણતરીના સમયમાં રિક્ષા શોધી કાઢી કવિતાબેન જગદેવને બેગ પરત આપી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૩**

ગોડાદરા વિસ્તારમાં રહેતી મહિલા તેનું રૂ. ૪ લાખ ભરેલી મત્તા નું બેગ રિક્ષા માં ભૂલી ગઈ હોય ઉધના પોલીસે રિક્ષા ને શોધી મહિલાને તેનું બેગ પરત કર્યું હતું.

આજરોજ એક મહીલા નામે કવિતાબેન રવિન્દ્રભાઈ જગદેવ ઉ.વ ૪૦ ધંધો ઘરકામ રહેવાસી- ૧૯૬, સહજાનંદ સોસાયટી લિંબાયત સુરતનાઓ ઉંધના પોલીસ સ્ટેશન ખાતે આવેલ અને બનાવ અંગેની હકિકત જણાવેલ કે તેઓ પોતાની બહેનને મળવા સારૂ નવસારી જવા માટે ગોડાદરા કઠીમહારાજ મંદીર પાસેથી ઓટો-રીક્ષામા બેસીને ઉંધના બસ સ્ટેશન ખાતે ઉતરેલ અને ઓટો-રીક્ષામા પોતાનુ બેગ ભુલી ગયેલ જે બેગમાં કપડા તથા સોના-ચાંદીના દાગીના જેની આશરે કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/-(ચાર લાખ) ના મત્તાનું હોય જે બેગ તેઓ ઓટો-રીક્ષામા ભુલી ગયેલ હોય તેવી રજુઆત કરેલ જેથી ઉધના પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી એસ.એન.દેસાઈ સાહેબ તથા.. પો.ઈન્સ.શ્રી વી.બી.ગોહિલ સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સબ.ઈન્સ. એમ.કે.ઈશરાણી નાઓના નેતૃત્વમાં સર્વેલન્સ સ્ટાફના માણસો અ.હે.કો. મનમોહન શીવનારાયણ તથા અ.પો.કો.ભાવેશભાઈ દુલાભાઈ તથા નાગેંદ્રસિંહ રાજેન્દ્રસિંહ નાઓએ ઉધના પોલીસ સ્ટેશન વિસ્તારના સી.સી.ટી.વી.કેમેરા ચેક કરી મહીલા જે ઓટોરીક્ષામાં બેસેલ તે ઓટોરીક્ષા શોધી કાઢી મહીલાની ખોવાયેલ બેગ તેમજ બેંગમાં રહેલ સોના-ચાંદીના કિંમતી મુદામાલ ગણતરીના સમયમાં શોધી કાઢી ખુબ જ સારી અને પ્રશંસનિય કામગીરી કરેલ છે.